
કુમાર

સંસ્થાપક · રવિશંકર રાવળ · આદ્યતંત્રી · બચુભાઈ રાવત


પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામાયિક · સળંગ અંક ૭૬૦

માહે મે * ઇસવી સન ઓગણીસો એકાણું * વર્ષ ચોસઠમું

તંત્રી ધીરુ પરીખ · સંપાદક બિહારીલાલ ટાંક



પાટણની જાળી ગુજરાતની—કાષ્ટ કોતરણીની કળાનો એક સુંદર નમૂનો



તડકો અને તરુ • વૈશાખી લૂ-ઝરતો તડકો મનુષ્ય અને પશુપંખી સહુને અકળાવી દે. પણ છબીકારની કૅમેરા-આંખે એનું સૌંદર્ય અહીં ઝડપાયું છે. નિરાકાર તડકાને વૃક્ષનાં પંખા જેવાં પાનમાંથી દર્શાવી જાણે તડકાને તે ઊઝરડી નાંખતાં ન હોય તેવું લાગે છે ! વળી, ઊંચે આકાશમાં ઊડતું મત્ત પંખી તડકાની મજા લઈ રહ્યું છે અને જાણે કહી રહ્યુ છે, 'તડકો તો ક્ષીર સાગરનું પૂર' છે ! દૂર ગગનમાં દર્શાવાએલા નાનકડા પંખીદેહથી તેમજ પાંદડાં વચ્ચેથી દેખાતા તડકાથી ઊંડાઈ અને ઊંચાઈનાં પરિમાણો છબીમાં ઉમેરાયાં છે તે માણો. (છબી • વિજય દલાલ, 'કવિલોક'ના સૌજન્યથી)

અમર ઈતિહાસે

: ખંડ શિખરિણી :

ભયો ઝંઝાવાતો
ખમો વજાઘાતો : હૃદય પળ ના દુર્બળ કરો;
તમારા માર્ગોમાં અધિક બળિયું પૌરુષ ભરો:
નખશિખ નિરાશા પરહરો.

યુવાનો સત્કર્મે
પ્રજાના આદર્શે પ્રગતિમય ઉદ્ધાર સજશે;
પ્રયાણોના પંથે વિશદ પુનરુત્થાન ભજશે:
શિવસ્વરૂપ સૃષ્ટિ સરજશે.

ઊગેલાં સ્વપ્નોનું
અધૂરા યત્નોનું જતન કરવા જાગ્રત રહો;
નવા સંસ્કારોનું મધુર ગરવું ઓજસ વહો:
પરમ વિભુ-આદેશ ઊચરો.

મહા હેતુ માટે
મહા સિદ્ધિ સાટે અડગ દિલથી અંત મથવું;
ગ્રહીને સંજોગો જગ સકળને શોધી વળવું:
અખૂટ ઉલટે લક્ષ્ય રળવું.

ઊંડા આંતર્નાદે
ઊંચા આશાવાદે યુવકજન હો! રાષ્ટ્ર રચવું;
પુરાના પાયાના ચણતરમહીં પથ્થર થવું:
અમર ઈતિહાસે ભળી જવું.

દેશળજી પરમાર

વિજ્ઞપ્તિ

- ગ્રાહકોએ પોતાનું લવાજમ 'કુમાર કાર્યાલય લિમિટેડ'ના નામે મનીઓર્ડર અથવા ડ્રાફ્ટથી મોકલવું. બહારગામની બેંક પરના ચેકથી મોકલાતા લવાજમમાં બેંક કમિશનના રૂ. ૧૦-૦૦ ઉમેરવા, અન્યથા બેંક કમિશનની રકમ કાપીને એટલા અંકો ઓછા મોકલાશે.
- ગ્રાહકે પોતાનું નામ-સરનામું પૂરું તથા સ્પષ્ટ છૂટા અક્ષરે લખવું. રબર સ્ટેમ્પ સ્પષ્ટ વાંચી શકાય તો જ વાપરવો.
- 'કુમાર'નું વાર્ષિક લવાજમ રૂ. ૭૫-૦૦, પરદેશમાં હવાઈ માર્ગે રૂ. ૨૫૦ તથા આજીવન રૂ. ૭૫૦-૦૦ છે.
- 'કુમાર' દર માસની ૧૫મી તારીખે પ્રકટ થાય છે. ત્યાર પછી ૧૫ દિવસ સુધીમાં તે ન મળે તો પ્રથમ પોતાના વિભાગની પોસ્ટ-ઑફિસમાં તપાસ કર્યા બાદ જ કાર્યાલયને જાણ કરવી. અંક સિલકમાં હોય ત્યાં સુધી તો બીજી નકલ મોકલાય છે, પણ ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું અમારે માટે બંધનકર્તા નથી.
- લેખકોએ પોતાની કૃતિ કાગળની એક જ બાજુએ હાંસિયો રાખીને છૂટા અને સ્પષ્ટ સુવાચ્ય અક્ષરે લખી મોકલવી. અન્ય ભાષાના શબ્દોનો ઉપયોગ કર્યો હોય તો તે મૂળ ભાષામાં હાંસિયામાં કે કૌંસમાં દર્શાવવા.
- કૃતિની સાથે જવાબી ટપાલખર્ચ બીડવું નહિ. સ્વીકૃત રચનાનો નિર્ણય એકાદ માસમાં જણાવવામાં આવશે, અન્યથા કૃતિ અસ્વીકૃત ગણવી.

તમામ પત્રવ્યવહારનું સરનામું
'કુમાર કાર્યાલય લિમિ.'
૧૪૫૪, રાયપુર, અમદાવાદ-૧

'કુમાર' **અનુક્રમણિકા** વર્ષ ચોસઠમું

મે ૧૯૯૧ · સળંગ અંક ૭૬૦

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : અશોકભાઈ બચુભાઈ રાવત. પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન. નં. ૩૪૩૭૪૫) મુદ્રક : દર્શન પ્રિન્ટર્સ અમદાવાદ વતી હરેશ પટેલ, કમ્પ્યૂટર ટાઈપ સેટિંગ : પ્રિન્ટોગ્રાફ, ૩૩૪, સર્વોદય કોમ. સેન્ટર, સલાપસ રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧.
વાર્ષિક લવાજમ રૂ. ૭૫, પરદેશમાં રૂ. ૨૫૦.
છૂટક નકલ રૂ. ૮-૦૦ + ટ. ખ. રૂ. ૨.૦૦

વાચકો લખે છે...

બિનજરૂરી કાના

આપણી ભાષામાં કેટલાક અક્ષરોના એકાધિક આકારોમાં અનાવશ્યક રીતે કાનો ઘૂસી ગયો છે. આવા આઠ અક્ષરો છે. જુ, જૂ, કું, મું, રૂ અને પા, હા, દા આપણે જુ, જૂ, કું, મુ, રૂ, પ, હ. અને દ. પણ વાપરીએ છીએ. છતાં બંને પ્રકારનાં રૂપો પૈકી સાચું કયું તે નક્કી કરવું મુશ્કેલ છે.

આપણે આઠ અક્ષરોને વીગતે તપાસીએ.

જુ, જૂ

જ્ + આ + ઉ =જો થાય, જ્ + આ + ઊ = જો થાય. સંધિનો સામાન્ય નિયમ છે કે અ કે આ પછી ઉ કે ઊ આવે તો ઓ થાય; જેમ કે ગરીબ + ઉત્થાન = ગરીબોત્થાન, મહા + ઉદય = મહોદય. આ રીતે જુ, જૂ નું પૃથક્કરણ કરી સંધિ કરવા જઈએ તો 'જો', 'જો' મળે; 'જું', 'જૂં' અદૃશ્ય થાય.

જ્ + ઉ = જુ અને જ્ + ઊ = જૂ એ સહજ, સ્વાભાવિક ને ખરાં રૂપ છે. આ રૂપ પણ ચાલે છે છતાં તેની સાથે સાથે, વૈકલ્પિક રૂપો તરીકે જુ, જૂ પણ આપણે વાપરીએ છીએ અને તેને સાચાં પણ ગણીએ છીએ!

જોડણીકોશે જુ, જૂ જ વિશેષ વાપર્યાં છે. જુગતરામ, જૂઠાલાલ, રજૂઆત, જૂગટું આદિ ઘણા શબ્દોમાં બિનજરૂરી કાનાવાળા જુ, જૂ પ્રયોજ્યા છે. જો કે આવા શબ્દો ઉચ્ચારતી વેળા તો આપણે જુ, જૂ એમ જ બોલીએ છીએ. અર્થાત્ 'આ' અનુચ્ચરિત રાખીએ છીએ - અંગ્રેજીમાં કેટલાક વર્ણ 'શાંત' હોય છે તેની જેમ જ!

ટાઈપ ફાઉન્ડ્રિવાળાએ જુ, જૂ નાં બીબાં તૈયાર કર્યાં એટલે તેનો વ્યાપક પ્રચાર થયો એમ મનાય છે. ભલે થયો. પણ જે ભૂલભરેલું હોય તે મોડે મોડે પણ સુધારવું જ પડે ને!

જુ, જૂ લખતીવેળા કલમ ઉપાડવી પડતી નથી એ સરળતાની મોહાકર્ષક દલીલ ખરી ! પરંતુ ખરી રીતે વિકલ્પો, અપવાદો જેમ વધે તેમ સરવાળે સરળતા ઘટે.

જે સરળ હોય તે સાચું પણ હોવું જ જોઈએ એટલો આગ્રહ આપણા પુરોગામીઓએ રાખ્યો હોત તો? ખેર! જાગ્યા ત્યારથી સવાર! જુ, જૂ-ને અત્યાર લગી ભલે ખોટા ન ગણ્યા, હવે તેને ખોટાં જ રૂપ ગણીએ : નિયમાનુસારી જુ, જૂ રૂપને જ સાચાં ગણીએ.

કું, મું, અને રૂ એ ત્રણ રૂપો જુ, જૂ જેટલાં વ્યાપક નથી. તેનો ઉપયોગ ખૂબ જ મર્યાદિત હેતુ માટે થાય છે. દરેક અક્ષર ફક્ત એકએક શબ્દના સંક્ષેપ માટે વૈકલ્પિક રૂપે વપરાય છે. અર્થાત્ કુલ ત્રણ શબ્દોનાં ટૂંકાં રૂપ કરતી વેળા બિનજરૂરી કાનો ઘૂસી ગયો છે. આ ત્રણે સંક્ષિપ્ત રૂપો વેપારી વર્ગ વિશેષ પ્રમાણમાં વાપરે છે. કું, શબ્દ બહુ જૂનો (હવે 'જૂનો' ન લખાય) લાગતો નથી. વેપારી પેઢી, 'કંપની' માટેના આ શબ્દનાં મૂળ અઢી સદી કરતાં વધુ ઊંડાં નહિ હોય. કંપની શબ્દ અધિકૃત ગણીએ તો તેના સંક્ષિપ્ત રૂપ કું.માં કાનો તથા વરડુ બંને વધારનાં ઘૂસી ગયાં ગણાય. હા, કુંપનીના સંક્ષિપ્ત રૂપ તરીકે કું. ગણીએ તો કાનો વધારાનો ઘૂસી ગયો ગણાય. આમ, કંપની કહો કે કુંપની - કાનો તો નકામો છે જ.

મું. મુકામના સંક્ષિપ્ત રૂપ માટે મું. અને મુ. બંને પ્રયોજાય છે. આમાં બિનજરૂરી કાનાવાળું રૂપ વધુ પ્રચલિત છે. ગુજરાતી શબ્દના સંક્ષિપ્તીકરણ માટે ખૂબ સરળતા છે. શબ્દના પ્રથમાક્ષર પછી પૂર્ણવિરામ મૂકી બાકીના અક્ષરો કાઢી નાખો એટલે થઈ ગયો સંક્ષેપ. ગુજરાત માટે ગુ., ભૂમિપુત્ર માટે ભૂ., કુમાર માટે કુ. એ પ્રમાણે મુકામમાંથી કામ કાઢી નાખી 'મુ' ની બાજુમાં (પૂર્ણવિરામ) મૂકો એટલે મુ. સંક્ષિપ્તરૂપ મળી ગયું! અંગ્રેજી ભાષામાં પણ ટૂંકા રૂપ માટે આટલી સરળતા નથી! Numberનું No., Misterનું Mr. Limitedનું Ltd.!

મું. સ્વરૂપ જો માન્ય ગણાતું હોય તો બીજા કોઈ શબ્દ વખતે તે કેમ વપરાતું નથી? દા.ત. મુરબ્બી માટે આપણે મું. નહીં, મુ.જ કરીએ છીએ.

રૂ. પણ આવું જ એક શબ્દના સંક્ષેપ માટે પ્રયોજતું રૂપ છે. રૂપિયા ૫૦૦૦ લખતી વેળા ટૂંકમાં આપણે રૂ. ૫૦૦૦ અને રૂ. ૫૦૦૦ એમ બે રીતે લખીએ છીએ. હમણાં સુધી રૂ. કરતાં રૂ. વધુ પ્રચલિત હતું. હિસાબી કામની કાયમી જરૂરિયાતવાળો આ શબ્દ વર્ષો સુધી એકધારો રૂ. રૂપે લખાયો, પણ હવે રૂ. વધુ પ્રચલિત બનતો જાય છે તે શુદ્ધતા તરફની ગતિ છે.

જુ, જૂ, કું, મું, ની જેમ રૂ. માં પણ કાનો શાંત છે. અહીં પણ કાનો ને વરડુનું સહઅસ્તિત્વ સંધિના નિયમ વિરુદ્ધ છે. એક અનુમાન છે કે વિરામચિહ્નોની સ્પષ્ટતા નહોતી ત્યારે રૂ પછી હોળાયો મૂકી રૂ) કરાતું હશે ને ત્યારબાદ રૂ. સ્વરૂપ અપનાવાયું હશે.

પા., હા., દા.-બિનજરૂરી કાનો ઘૂસી ગયાં હોય તેવાં પાંચ વર્ણરૂપ આપણે જોયાં. તે પછી બીજાં ત્રણ રૂપ છે. પા., હા., અને દા.

પટેલ માટે પા. પણ લખાય છે. આ પા. શરૂઆતમાં પાટીદાર માટે વપરાતો હશે તેવો મારો ખ્યાલ છે. પાછળથી પાટીદારને બદલે પટેલ વધુ બોલાવા લાગ્યું, પણ લેખનમાં પા. ચાલુ રહ્યું હશે. આ પા. જો પાટીદારના સંક્ષિપ્ત રૂપ તરીકે વપરાય તો તે યોગ્ય જ છે પણ લખાય પા. અને બોલીએ પટેલ, એટલે કે પટેલના ટૂંકા રૂપ તરીકે પા. ગણીએ તો કાનો વધારાનો ઘૂસી ગયો હોઈ તે રૂપ ખોટું ગણાય.

દવાખાનામાં, ધર્મશાળામાં દાતાઓની તકતીઓ પર, પત્ર નીચે તથા અન્યત્ર હસ્તેના ટૂંકા રૂપ તરીકે 'હા' ઘણી જગ્યાએ જોવા મળે છે. આ પણ ખોટું રૂપ છે. હસ્તેનો સંક્ષેપ 'હ' થાય.

દા. એટલે દસ્કત. લખનારના નામ માટે દા. પ્રયોજાય છે. હસ્તાક્ષરવાળા લખાણમાં, બીજા પાસે પત્ર લખાવતાં લહિયાનામ આપવું હોય તો દ. કરીને આપી શકાય. આવી જગ્યાએ દા. કરીએ તે બરાબર નથી.

વિરામચિહ્નો વિશે ખાસ ખ્યાલ પ્રચલિતનહિ થયો હોય ત્યારે હોળાયો કે પાણ ઉપયોગમાં લેવાતાં હશે. તે પરથી દા. જેવાં રૂપ

(અનુ. પૃ. ૨૩૪ પર)

શિશિર રજની/રાજેન્દ્ર શાહ

(ગાન)

શિશિરની શીતલ રજની :
કોઈ ન બોલ, ઉદાસ,
અલસતી ક્ષણ પણ જણાય, સજની!

જાગ્રત તારક શ્યામ ગગનમાં,
કોઈક ઉરની કોઈ લગનમાં;
જે ન લહાય બહાર
વિલસતું તે ઋત રૂપ નયનમાં.

અંગ અંગ મહીં કંપન એ તો
ગોપવધૂની વ્રજની.

હોલો બોલે/મણિલાલ હ. પટેલ

(ગાન)

રોજ સવારે 'પરભુ પરભુ' :હોલો બોલે;
સંત ફકીરનો વારસ છું હું : હોલો બોલે.

કાચી કેરી ડાળી પર સૂડો કરકોલે
જીવતર તો છે આછું અમથું : હોલો બોલે.

સાંજ પડે ને સીમ બ્હાવરી તાકી રે' છે,
ગીત ટપકતું એકલતાનું : હોલો બોલે.

તડકો વૃક્ષો ખેતર ઘર ને ગામ ગોંદરે
કોણ ફરે છે તરસ્યું તરસ્યું : હોલો બોલે.

ચાહતમાં પામ્યા એ છલના છાંયા જેવી,
સૂરજનું સત્ છે બળબળવું : હોલો બોલે.

પાન ખરે ને ભીતર તૂટે કૂપળ ફૂટે;
કોક જતું તો કોક આવતું : હોલો બોલે.

અડક્યાના અહીં ડાઘ પડે છે હર વસ્તુ પર
તો પણ સ્પર્શે છે મન નકટું : હોલો બોલે.

રાત થતામાં અંધારું ચરવા નીકળે છે
અજવાળું સન્નાટો રમતું : હોલો બોલે.

રોપી દીધું/ગુણવંત ઉપાધ્યાય

(મુક્તક)

મેં જ ગુલાબીપણાને ફૂલમાં રોપી દીધું,
એ જ ચેતન આજ પાછું સ્થૂળમાં રોપી દીધું,

ઊઘડ આંખો બધી ચોમેરથી સત્કારવા
મૂળ માણસનું ફરીથી ધૂળમાં રોપી દીધું.

સ્હેલું નથી/હેમેન શાહ

(ગઝલ)

મૌનને પસવારવું સ્હેલું નથી,
સત્યને ઉચ્ચારવું સ્હેલું નથી.

વાળશો બહુ બહુ તો થોડું ઘાસને,
વૃક્ષને પડકારવું સ્હેલું નથી.

રાતને તો આંખમાં પૂરી શકો,
પણ કિરણ ભંડારવું સ્હેલું નથી.

કોઈ તો ફરિયાદ બાકી હોય છે,
જે મળે, સ્વીકારવું સ્હેલું નથી.

માનવાચક સૌ વિશેષણ અવગણી,
નામ દઈ પોકારવું સ્હેલું નથી.

અહીં બચી છે વર્ણસંકર વૃત્તિઓ,
ચાહવું, ધીક્કારવું, સ્હેલું નથી.

અસ્ખલિત પથરાયો ગદ્યાળુ સમય,
લય-ઝરણ અવતારવું સ્હેલું નથી.

ચૈતરનાં ચિતરામણ/દેવેન્દ્ર દવે

(ગાન)

આછાં જળની તલાવડી કાંઈ
મૂંઝાતી મનમાંય!
ગટગટ પીધી તાંસળિયું તો ય
તરસ્યો તડકો જાય!

સીમે બળની વાટડિયું કાંઈ
ચપટી પોરો ખાય!
વડલે બેઠી પાંખડિયુંને
'હાશ' ક્યહીં વરતાય?!

લૂના ધખ ધખ ધોરિયા, એમાં
સૂરજ ભૂસકો ખાય!
ભૂલથી ખાધો ભૂસકો રે ભાઈ,
તનડી ઊઠી કાય!

કરવત મેલી કંઠમાં ને કાંઈ
વગડો વલવલ થાય!
નેણે ઊમટ્યાં ઝંઝવાંમાં... હાય,
હરણાં હાંકી જાય!

સમૃદ્ધિની રેલમછેલ વચ્ચે જન્મી, મહાત્મા ગાંધીજીના પ્રભાવતળે સાદગી, સેવા, સમાનતાનો જીવનમંત્ર ધારણ કરી, રાષ્ટ્રોત્થાન અને બહેનોના વિકાસની પ્રવૃત્તિનાં મશાલચી અને તેમની મુક્તિનાં ઉદ્‌ગાતા નીડર નારીરત્ન



મૃદુલા સારાભાઈ

• સુસ્મિતા મ્હેડ •

તારા જેવી સો બહેનો મળે તો આખા દેશમાં ક્રાંતિ કરી નાખું. ગાંધીજીનો આ ઉદ્‌ગાર કોના માટે હશે એનું સ્વાભાવિક જ આપણને કુતૂહલ થાય. આ ઉદ્‌ગાર હતો સ્વ. મૃદુલાબહેન સારાભાઈ માટે. વ્યક્તિના ઘડતરમાં જાણ્યે-અજાણ્યે તેના કુંટુંબના સંસ્કાર અને સામાજિક વાતાવરણ મોટો ભાગ ભજવતાં હોય છે. અમદાવાદના ગર્ભશ્રીમંત ઉદ્યોગપતિ સ્વ.અંબાલાલ સારાભાઈનાં પ્રથમ સંતાન મૃદુલાબહેનનો જન્મ ૬ઠ્ઠી મે ૧૯૧૧ ના દિવસે થયો. બાળપણથી માતાપિતાની છત્રછાયા ગુમાવી કાકા ચીમનલાલ નગીનદાસના માર્ગદર્શન નીચે તૈયાર થતા અંબાલાલભાઈ હજુ યુવાનવયે પહોંચે ત્યાં જ કાકાનું અવસાન થતાં જે કુટુંબે તેમને દત્તક લીધા હતા, તે મગનભાઈ કરમચંદની પેઢીનો શરાફી ધંધો, કેલિકો-જ્યુબિલી બે મિલો, તથા બીજી સ્થાવર મિલકતોના વહીવટની જવાબદારી તેમને શિરે આવી પડી. કુટુંબમાં પણ કાકી, કાકાની ત્રણ દીકરીઓ અને પોતાનાથી મોટાં અને નાનાં બહેનની જવાબદારી તો હતી જ.

માત્ર અઢાર વર્ષના અંબાલાલના આ સમયે બાહોશ, સંસ્કારી પણ સામાન્ય આર્થિક સ્થિતિના વકીલ હરિલાલ ગોસલિયાની પંદર વર્ષની પુત્રી રેવા સાથે લગ્ન થયાં. વ્યાપાર અને કુટુંબમાં વડાપુરુષને નાતે તેઓ આટલી નાની વયે 'શેઠસાહેબ' અને રેવા - જેનું નામ અંબાલાલે સરલાદેવી રાખ્યું હતું તે - 'બાઈસાહેબ'ના નામે સંબોધાવા લાગ્યાં. અંબાલાલભાઈને તેમના કાકાએ શિક્ષકો રાખી ઘેર જ ઉચ્ચ શિક્ષણની વ્યવસ્થા કરી હતી. વળી, ઘરમાં સ્ત્રીઓ માટે પણ મુક્ત વાતાવરણ હતું. સારું પુસ્તકાલય, બાગ, જાતવાન ઘોડા અને ગાડીઓ વગેરે વૈભવ વચ્ચે અંબાલાલનાં માતા ગોદાવરીબહેન શેક્સપીઅરનું 'હેમ્લેટ' ઓશીકા નીચે રાખતાં. સ્ત્રીઓ ઘોડેસવારી કરતી. તેમને અંગ્રેજી શીખવવા પારસી અને યુરોપીઅન બાનુઓ આવતાં. સરલાદેવીએ પણ લગ્ન પછી ઘેર શિક્ષણ મેળવ્યું. પહેલાં રાયપુર કામેશ્વરની પોળમાં, પછી મગનભાઈ કરમચંદની હવેલીમાં, ઘીકાંટાની વાડીમાં, મિરઝાપુરના આલિશાન 'શાન્તિસદન' બંગલામાં અને છેવટે ૧૯૨૪માં શાહીબાગમાં હાલના 'રિટ્રીટ'માં મોકળાશમાં રહેવાની વૃત્તિથી આ કુટુંબનું નિવાસસ્થાન બદલાતું રહ્યું.

ઘરમાં અને વ્યાપારમાં અંબાલાલભાઈનો સિદ્ધાંત હતો વ્યક્તિ-ગૌરવ, વ્યક્તિસ્વાતંત્ર્ય અને વ્યક્તિવિકાસ. આથી જ તેમનાં આઠેય સંતાનોને તેમણે પોતપોતાની રીતે વિકસવાની અને વર્તવાની તક આપી. પિતાના અસ્થિવિસર્જન વખતે તેમના પુત્ર વિક્રમભાઈએ ઉચ્ચારેલા શબ્દો 'Papa used his powers to support - not for submission' મૃદુલાબહેનને બાળપણમાં મળેલા મુક્ત વાતાવરણના દ્યોતક છે.

મૃદુલાબહેનનાં મોટાં ફોઈ અનસૂયાબહેનનું તદ્દન બાલ્યાવસ્થામાં લગ્ન થઈ ગયું હતું. પરંતુ વયે પહોંચતાં તેમને પોતાના કરતા શિક્ષણમાં પાછળ પડી ગયેલા પતિ અને સંકુચિત વિચારના કુટુંબમાં જવું ગમ્યું નહિ. પછી ક્યારેય સાસરે ગયા નહિ. તે ડોક્ટર થવાની મહત્ત્વાકાંક્ષાથી સાસરિયાને જાણ ન થાય તેમ મુંબઈથી નાના હોડકામાં બેસી સ્ટીમર પકડી લંડન ગયાં. ત્યાં મનુ સુબેદાર અને શ્રીપ્રકાશના પરિચયમાં તેઓ આવ્યાં. ત્યાંની નારીમુક્તિ-ચળવળ અને મજૂરોના પ્રશ્નોમાં પણ રસ લેતાં થયાં. થોડા સમય પછી અંબાલાલભાઈનું આખું કુટુંબ લંડન ગયું. ત્યાં તેઓ સરોજિની નાયડુના પરિચયમાં આવ્યા. ત્યાંથી પાછાં

ફરી અંબાલાલભાઈએ મુંબઈ સ્થિર થવા વિચાર કર્યો પણ છેવટે અમદાવાદ જ મુકામ રહ્યો.

મૃદુલાબહેન આઠ વર્ષનાં થતાં સુધીમાં ઘરમાં શિક્ષક રાખી બાળકો માટે શિક્ષણની વ્યવસ્થા કરાઇ. પરંતુ ૧૯૨૧માં બાળકોના અભ્યાસ માટે લંડન વસવાટ કરવાનું વિચાર્યું. યૂરોપીઅન ગવર્નેસ, આયરિશ શિક્ષક અને બીજા ઠાઠમાઠ સાથે ત્યાં રહેતા આ ભારતીય કુટુંબના બાળકોની અંગ્રેજોની શાળામાં મશ્કરીઓ થવા લાગી. આ સંસ્કાર અને શિક્ષણ સરલાદેવીને રુચ્યાં નહિ અને છેવટ અમદાવાદ જ સ્થિર થવા વિચાર્યું. ત્યાંથી ગવર્નેસ અને મેડમ મોન્ટેસરી પાસે તૈયાર થયેલા આયરિશ શિક્ષક મિ. સ્ટેન્ડિંગને અહીં પોતાના નિવાસસ્થાને રાખી પાંચેય બાળકોના શિક્ષણની ઘરમાં વ્યવસ્થા કરી. દરેકનો શોખ અને રસ પોષાતા. સરસ લાયબ્રેરી, સારાં સામયિકો, સ્વિમિંગ પૂલ, ઘોડેસવારી, રમતગમત, કળાઓ અને અન્ય વિષયોનું નિષ્ણાતો દ્વારા બાળકો શિક્ષણ મેળવતાં ગયાં.

આ સમયગાળામાં (એટલે ૧૯૧૫માં) ગાંધીજીએ અમદાવાદમાં કોચરબ આશ્રમ સ્થાપી પોતાના શ્રમ, સાદગી અને સમાનતાના આચાર દ્વારા વિચારનું પ્રસારણ કરવા માંડ્યું હતું. સરલાદેવી ગાંધીજીના વિચારોથી ઘણાં પ્રભાવિત થયાં. અંબાલાલભાઈ અને સરલાદેવી કોચરબ આશ્રમની મુલાકાત લેતાં. આશ્રમની જરૂરિયાતો માટે નિ:સંકોચ ગાંધીજી સરલાદેવીને ચિઠ્ઠી લખી માગણી મૂકતા. અંબાલાલભાઈ પણ જમણા હાથે આપેલું દાન ડાબા હાથને ખબર ન પડે એમ સહાય કરતા. ૧૯૧૯ના રોલેટ ઍક્ટ પછી અકળાયેલા કૉંગ્રેસી નેતાઓનો પ્રતિભાવ ગાંધીજીએ પોતાની લડત દ્વારા પાડ્યો. ૧૯૨૧માં સત્યાગ્રહ આશ્રમની સ્થાપના કરી. નાનાં બહેનના અવસાનથી અભ્યાસ અધૂરો મૂકી લંડનથી પાછાં ફરેલાં અનસૂયાબહેને અમદાવાદના મિલમાલિકો અને મજૂરો વચ્ચે થયેલાં સંઘર્ષમાં પોતાના ભાઈની સામે પડી મજૂરોની તરફેણ કરી. પછી એ જ કામ જીવનભર કર્યું. સાબરમતી આશ્રમના બાંધકામમાં રેતીના તગારાંય ઊંચક્યાં. એમના કાકાનાં દીકરી ઇન્દુમતીએ તે અરસામાં ચેટફિલ્ડ પ્રાઈઝ મેળવી મેટ્રિકની પરીક્ષા પાસ કરી હતી. પરંતુ સ્વદેશીના વાતાવરણમાં રંગાઈ મુંબઈ યુનિવર્સિટી સંલગ્ન કૉલેજને બદલે તાજેતરમાં સ્થપાયેલી રાષ્ટ્રિય વિદ્યાપીઠમાં જવાનું પસંદ કર્યું. ૧૯૨૨માં ગાંધીજી ઉપર શાહીબાગમાં બ્રિટિશ કમિશનરે મુકદ્દમો ચલાવ્યો ત્યારે અંબાલાલનું આખું કુટુંબ ત્યાં હાજર હતું. આ વાતાવરણની મૃદુલાના બાળમાનસ પર ઘેરી અસર પડી. એણે તદ્દન બાળપણમાં જ ખાદી પહેરવાનું વ્રત લીધું. તેમનાં નાનાં બહેન લખે છે તેમ 'બાપુને રાષ્ટ્ર માટે કામ કરવાનો કોલ તેણે આપી દીધો હતો, એટલે રેશમી વસ્ત્ર અને મોતીના દાગીના પહેરવાની ભારે શોખીન અને સહુથી કોમળ તબિયતની મારી મોટી બહેન (મૃદુલા) વધુમાં વધુ ત્યાગ કરી હાડમારી સહન કરવા લાગી... ૧૯૨૮માં અમારી સાથે છેલ્લી પરદેશ આવ્યાં પછી તેવાં શોખને તેણે સદંતર તિલાંજલી આપી દીધી. મારાં માતાપિતાએ તેને પૂરું અનુમદોન આપ્યું.[1] તેમણે ખાદી અપનાવી. પરદેશી વસ્તુના બહિષ્કારનેય સ્વીકાર્યો. તેમની ઘરશાળાના શિક્ષક મિ. સ્ટેન્ડિંગ નોંધે છે: "રિટ્ટીટનું જીવન પૂર્વ



અંગ્રેજ ગવર્નેસ સાથે મૃદુલાબહેન બાલવયે

અને પશ્ચિમની વિચારસરણીનું મિશ્રણ છે. ગઈકાલે લંડનથી યૂરોપીઅન પદ્ધતિથી ખાણું આપવા માટેનાં ચાંદીનાં સુંદર વાસણો આવ્યાં છે. પાર્સલ ખોલીને જોતાં સાન્તાક્લૉઝે મોકલેલી ભેટ જેવાં બાળકોને તે લાગ્યાં. બીજાં બાળકોએ કહ્યું 'આવા સુંદર અને મોંઘાંદાટ (૨૩૦૦ પૌંડના) આવી જ ગયાં છે તો કેમ ન વાપરવાં?' પણ માત્ર દશ જ વર્ષની મૃદુલા તે પરદેશી હોવાથી ન જ વપરાય એ બાબતમાં ઘણી મક્કમ હતી. તે ગાંધીજીની ચુસ્ત અનુયાયી છે. અત્યારથી માત્ર ખાદી જ પહેરે છે અને શ્રીમંત સ્ત્રીઓ એ અપનાવે તો તેને ઘણું ગમે છે... તે થોડી સંકોચશીલ અને નિષ્ઠાવાળી છે, તેની ઉમરના પ્રમાણમાં તે ઘણી ગંભીર અને ચિંતનશીલ છે. એ 'બાળક' જ રહે તો કેવું સારું?"[2]

૧. 'અખંડ દીવો' પૃ. ૭૨-૭૩ લે. લીનાબહેન

૨. મિ. ઈ. એમ. સ્ટેન્ડિંગની ૧૯૨૧ ની ડાયરીમાંથી



હૈદરાબાદમાં કૉંગ્રેસ-અધિવેશન વખતે ૧૯૫૩



મૃદુલાબેન સારાભાઈ ૨૦-૨૧ની યુવાન વયે

૧૯૨૮માં તે ગૂજરાત વિદ્યાપીઠમાં જોડાયા. ત્યાં પણ કૃપલાનીજી વગેરે સાથે સ્ત્રીઓના અધિકાર માટે મીઠો ઝઘડો કરતાં રહ્યાં. એક વખત સકુટુંબ માથેરાન જતાં હતાં, તેમનો નોકર રવજી તાજો જ પરણ્યો હતો. મૃદુલા માતા-પિતા સાથે દલીલ કરી કે આપણે કુટુંબ સાથે જઈએ તો રવજી એની પત્નીને સાથે કેમ ન લાવે?

ગાંધીજી, જવાહરલાલ, રવીન્દ્રનાથ ટાગોર વગેરે રિટ્રીટના મહેમાન બનેલા. ૧૯૨૧માં અમદાવાદમાં ભરાયેલા કૉંગ્રેસ અધિવેશન વખતે ઘણાં દેશનેતાઓ 'રિટ્રીટ'માં ઊતર્યા હતા, આ સર્વની પરોક્ષ અસર મૃદુલાબહેન ઉપર પડી હતી.

૧૯૩૦ના સ્વાતંત્ર્ય-સંગ્રામ સમયે સરલાદેવી અને મૃદુલાબહેને પ્રત્યક્ષ ભાગ લીધો. આ પહેલાંની ગુજરાત કૉલેજની પ્રસિદ્ધ હડતાળ વખતે પણ છોકરાઓ સાથે નિઃસંકોચ હાથ ભિડાવી કૉર્ડન કરી પોલીસને આગળ વધતી અટકાવી હતી. યુવકસંઘ અને અખિલ હિન્દ મહિલા પરિષદમાં પણ કામ કર્યું. નમક સત્યાગ્રહમાં ઉત્સાહભેર મીઠાનાં પડીકાં વેચતાં; મિરઝાપુરના તેમના બંગલા 'શાન્તિસદન'ને હૉસ્પિટલમાં ફેરવી લાઠીમારથી ઘવાયેલા સ્વયંસેવકોની સારવારમાં રહેતાં, ખાડિયા-રાયપુરમાં પ્રભાતફેરીથી માંડી રાતની કૉંગ્રેસના સ્વયંસેવકોની ચર્ચા સુધી વ્યસ્ત રહેતાં. મૃદુલાબહેન રાષ્ટ્રસેવામાં ઓતપ્રોત થઈ ગયાં હતાં. ૧૯૩૦ થી ૧૯૪૨ સુધીની બધી જ લડતોમાં તેમણે ભાગ લીધો, જેલવાસ વેઠ્યો અને મક્કમતા દાખવી. ૧૯૪૨માં જ્યારે તે જેલમાં હતાં ત્યારે ત્યાં એક સત્યાગ્રહી બહેને જેલમાં પુત્રને જન્મ આપ્યો. તે વખતે તેના નામકરણનો ઉત્સવ ઊજવવા જેલની બહેનોએ નિર્ણય કર્યો. મૃદુલાબહેને ઘેરથી મીઠાઈ મંગાવી. ત્યારે તેમનો નાનો ભાઈ સુહૃદ જીવલેણ માંદગીમાં પટકાયો હતો. માફી માગી પેરોલ પર તે છૂટી શકત પણ તેમને તેની છૂટ સ્વીકારવી નહોતી. તેમની બીજી બહેનો ભાઈને મળવા પેરોલ પર છૂટી, પરંતુ મૃદુલાએ દિલ પર પથ્થર મૂકી માફી માગવાનો ઇન્કાર કર્યો. પેલો નામકરણનો ઉત્સવ ઊજવવાનો હતો તે જ સવારે સુહૃદના અવસાનનો તાર મળ્યો. માણસે પૂછ્યું, 'હવે મીઠાઈ મંગાવવાની છે?' 'હા! કાર્યક્રમ ચાલુ છે.' આખો દિવસ તાર સંતાડી ઉત્સવમાં ભાગ લીધો. રાતે સહુ ઊંઘી ગયાં ત્યારે આંસુઓથી ઓશીકું ભીંજાઈ ગયું. રખે ડૂસકું સંભળાય અને સાથે સૂતેલાં મણિબહેન પટેલ અને મૃણાલિની દેસાઈ જાગી જાય એ બીકે ઊભાં થઈ દરવાજાનો સળિયો પકડી હૈયાફાટ મૂગું રુદન ચાલતું હતું ત્યાં મણિબહેન જાગી ગયાં : 'શું થયું મૃદુલા?' 'સુહૃદ આપણને છોડીને ગયો.' 'ક્યારે?' 'સવારે.' 'તે પછી તેં ઉત્સવમાં ભાગ લીધો?' 'બધાંનો આનંદ મારી એકલીનાં દુઃખ માટે મારાથી કેમ બગાડાય?' અને મણિબહેન અવાક્ થઈ ગયાં.

ગાંધી-ઈરવિન કરાર પછી લડતમાં ઓટ આવી. મૃદુલાબહેનની માન્યતા હતી કે રાષ્ટ્રિય ઉત્થાન માટે માત્ર રાજકીય સ્વાતંત્ર્ય પર્યાપ્ત નથી. સામાજિક-આર્થિક ન્યાય અને કોમી એખલાસ અત્યંત આવશ્યક છે. ગાંધીજીના રામરાજ્યના આદર્શને આંબવા રચનાત્મક કાર્યની જરૂર છે. જેલમાં રહ્યે રહ્યે એનું ચિંતન કર્યું. ખાડિયા-રાયપુરની બહેનો અને કૉંગ્રેસી કાર્યકરો સાથે વિચારવિનિમય કર્યો. જેલમાંથી બહાર આવી, લડત માટે ઘરની ચાર દીવાલમાંથી બહાર આવેલી બહેનો ફરી એ જ રટણામાં ફસાઈ ન જાય તે માટે કશુંક કરવા તેમનું મન થનગની રહ્યું હતું. ગાંધીજીનોય આગ્રહ હતો કે ખમીરવંતી બહેનોનો ઉત્સાહ ઓસરી ન જાય. એમની નિકટની દેશસેવિકા મૃદુલાને તેમણે કહ્યું : 'મૃદી! આ કામ તારું.' આમ કહી તેમણે સામાજિક ઉત્થાનની, રચનાત્મક કામની જે જવાબદારી મૃદુલાબહેનને શિરે નાખી તે 'જ્યોતિસંઘ'ની અત્યંત ઊલટભેર સ્થાપના કરી માત્ર ત્રેવીસ વર્ષની વયે જ પાર પાડી.

૧૯૩૪ના એપ્રિલની ૨૫મીએ બાપુના આશીર્વાદ સાથે બહેનોનું વ્યક્તિત્વ ખીલે, તેમનામાં નીડરતા અને આત્મવિશ્વાસ જાગે, આર્થિક રીતે આત્મનિર્ભર બને, જૂનવાણી રૂઢિઓ સામે માથું ઊંચકી સ્વમાનભેર જીવન જીવી શકે એવી કેળવણી આપનાર સ્ત્રીવિકાસ સાધતી

'જ્યોતિસંઘ' નામની સંસ્થાની તેમણે સ્થાપના કરી. શરૂઆતમાં ત્રણેક વર્ષ ખાડિયાનાં જુદાં જુદાં મકાનોમાં, ૧૯૩૭ થી ૧૯૫૯ સુધી રાયપુર મગનભાઈ કરમચંદની હવેલીમાં અને ૧૯૫૯થી આજ સુધીમાં પોતાનું મકાન કરી, વનપ્રવેશ કરી ચૂકેલી આ સંસ્થાએ બહેનોને આર્થિક ઉપાર્જનની, ઉદ્યોગતાલીમની અને સામાજિક પ્રશ્નનો હલ કરવાની એવી ત્રિવિધ કેળવણી આપી આંતરપ્રાંતીય ક્ષેત્રે નામ રોશન કર્યું છે. તાજેતરમાં જ ગુજરાતની શ્રેષ્ઠ, સામાજિક સંસ્થા લેખે તેને રાજ્યસરકારનો અવૉર્ડ મળ્યો છે. નવા ઉદ્યોગગૃહની તૈયારી ચાલી રહી છે અને આજ તેની સમક્ષ આવતા કુટુંબકલહના કેસોનું નિવારણ થાય છે. સમાજની રૂઢિઓ સામે માથું ઊંચકતી જ્યોતિસંઘની બહેનોને ઘરમાંથી જાકારો મળવા માંડ્યો ત્યારે એક આવાસી સંસ્થાની આવશ્યકતા લાગી. પુષ્પાબહેન મહેતા અને મૃદુલાબહેનના પ્રયાસથી 'વિકાસગૃહ' નામની, બહેનો માટે આશ્રય આપતી, નિવાસી સંસ્થા સ્થપાઈ. ઉદારદિલ વ્યક્તિઓના દાનથી અને પોતાના કામથી આ બંને સંસ્થાઓ આજ અનેકવિધ પ્રવૃત્તિથી ધમધમતી પોતાનાં મકાનો બનાવી સમાજજાગૃતિના કાર્યને વેગ આપવા પ્રયત્નશીલ રહી છે.

કામ શરૂ કરી, કાર્યકરોનું ઘડતર કરી તેમને સંસ્થા સોંપી ખસી જઈ બીજા કામમાં પરોવાવું એ મૃદુલાબહેનની રસમ હતી. વળી, દેશના મોટા ફલક પર કામ કરવાની પણ તેમની મહેચ્છા હતી. કૉંગ્રેસની વર્કિંગ કમિટીમાં , પ્લાનિંગ કમિશનમાં તેમજ રાષ્ટ્રોત્થાન માટેની કસ્તુરબા સ્મારક સંસ્થાઓ જેવી દેશભરની સંસ્થાઓમાં તે કામ કરતાં રહ્યાં. જીવનભર તેમણે બહેનોને ગૌરવપૂર્ણ સ્થાન અપાવવા જિકર કર્યા કરી. ૧૯૪૬માં બાપુની બિહારયાત્રામાં જોડાયેલાં મૃદુલાબહેનનું સંવેદનશીલ હૈયું નોઆખલીમાં થયેલા વિધ્વંસથી, બહેનો પર ગુજરેલા અત્યાચારથી અને કોમી રમખાણે પ્રકટ કરેલી માનવબર્બરતાથી દ્રવી ઊઠ્યું. પછી તો ભારતના ભાગલા પડતા સૌથી વધુ સહન કરવાનું તો બહેનોને ભાગે જ આવ્યું.



૧૯૫૮માં અમદાવાદમાં જ્યોતિસંઘના નવા મકાનના ઉદ્ઘાટન પ્રસંગે નહેરુ સાથે

ઇન્દુમતીબહેન (બન્ને ફોઇ સાથ વચ્ચે ૧૯૬૬મા) અનસૂયાબહેન



ગાંધીજી પાસેથી સત્ય, અભય અને અહિંસાની દીક્ષા પ્રાપ્ત કરનાર મૃદુલાબહેનનાં અનેક જીવનકાર્યોનાં શિરમોર સમું કાર્ય તે વિભાજન સમયે વેરવિખેર થયેલા પંજાબના જનજીવનમાં સ્ત્રી-બાળકોનાં અપહરણ થયાં તે અપહૃતાંઓની પુનર્પ્રાપ્તિનું હતું. તે સમયે એમણે જે હિંમત, સમયસૂચકતા અને બહાદુરી બતાવ્યાં તે ચારેકોર આદરને પાત્ર થયાં.

પુનઃ પ્રાપ્તિના કામને સંયુક્ત દેશોની પોલીસની જવાબદારી નીચે ખાસ સફળતા ન મળી. બંને દેશોની મહિલાઓને તેમાં સામેલ થવાની તે તે સરકારોએ જવાબદારી સોંપી. ભારત સરકારે તે જવાબદારી મૃદુલાબહેનને શિરે મૂકી. તે તેમણે ચુનંદા સહકાર્યકરો સાથે માનવતાના રાહે પાર પાડી. સહુ પક્ષોને આ માનવીય કામ માટે એક મંચ પર

એકત્ર કરવામાં તે સફળ રહ્યાં. લેડી માઉન્ટબેટને પણ કેટલીક જગાએ રાહતકાર્યોમાં સાથ આપ્યો. રેલગાડી ઉપર થતા બીજી કોમના હુમલાને ખાળવા બાતમી મળે તો તે સ્ટેશન પહોંચી જતાં. એક વખત નિર્વાસિતો રાવીનો પુલ ઓળંગી પાકિસ્તાની એસ્કોર્ટ નીચે આવતાં હતાં. આવતી ટ્રેનમાંથી તેમને નીચે ઊતરી જવા જણાવ્યું. પાકિસ્તાની એસ્કોર્ટ બાજુએ ખસી ગયો. મુસ્લિમ ટોળાએ નિર્વાસિતો પર હુમલો કર્યો. મૃદુલાબહેન પહોંચ્યાં ત્યારે આમ વચમાં જ હુમલો થઈ ચૂક્યો હતો. કડકડતી ઠંડીમાં રાતભર ઊભાં રહી તેમણે ઘવાયેલાંઓને બચાવ્યાં. દિલ્હી ખબર આપી જરૂરી સાધનો મંગાવ્યાં. મૃતદેહોને સાથીદારોની મદદથી ખસેડ્યા. પંજાબના મુખ્યમંત્રી અને પછી આંધ્રના રાજ્યપાલ બનેલા ભીમસેન સાચર આ પ્રસંગનું વર્ણ કરતા કહે છે કે તે દિવસે તેમણે મૃદુલાબહેનને 'સિંહણ'ને સ્વરૂપે જોયાં.

લાહોરમાં વિભાજન પછી ખાટકીવાડ જેવા થઈ ગયેલ એક લત્તામાં એક અપહૃતા બહેની તપાસ કરવાની હતી. સાથીઓએ ત્યાં જતાં વાર્યાં. એકલાં ચાલી નીકળ્યાં. રસ્તે એક અનાથ બાળક રડતું બેઠું હતું. તેને ઊંચકી આગળ ચાલ્યાં. આગળ લાલચોળ આંખો કરી ચાર-પાંચ ગુંડા બેઠા હતા. નિર્ભયતાથી બાળકને તેડી મૃદુલાબહેન પેલાં બહેનને લઈ પાછાં આવ્યાં. પછી સાથીદારોને કહે, 'બાળક શાંતિ અને મૈત્રીનો એલચી છે. પેલા ગુંડાઓ અવાક બની જોઈ રહ્યા હતા.' કાશ્મીર-સરહદે લડાઈ ચાલતી હતી ત્યાંથી બહેનોને લાવવા ભારતના લશ્કરી સાથીદારો જઈ શકે નહિ. શ્રી રઝવી જેવા પાકિસ્તાની પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટ અને ઈન્સ્પેક્ટર જનરલ ઑફ પોલીસ મિ. ખાનની સ્પેશિયલ પરવાનગી લઈ તે એકલાં પાકિસ્તાની કબજા હેઠળના પ્રદેશમાં પહોંચી બહેનોને લઈ આવ્યાં.

૧૯૪૬ના અંતમાં મેરઠમાં ભરાનારા કૉંગ્રેસ અધિવેશન માટે કૉંગ્રેસના મહામંત્રી તરીકે પ્રાથમિક તૈયારી કરવા મૃદુલાબહેન ત્યાં ગયાં હતાં. ગઢમુકતેશ્વરના મેળામાં જાટ કિસાનોએ કોમી તોફાન કર્યું. આ ટોળું આગળ મુસ્લિમ વિસ્તારવાળા શહાપુર જઈ તોફાન કરશે એમ ધારી મૃદુલાબહેન શહાપુર પહોંચ્યાં. જિલ્લા કલેક્ટરને પોલીસ મદદ મોકલવા ફોન કર્યો. પરંતુ મદદ આવી પહોંચે તે પહેલાં ટોળાં આવી પહોંચ્યાં. છ કલાક સુધી ઝાડ પર ચઢીને એકલે હાથે બંને કોમનાં ટોળાંને આગળ વધતાં અટકાવ્યાં. જાટ અને પઠાણ બંનેના આગેવાનો પાસે બાંહેધરી લખાવી લઈને જ આગળ ચાલવા દીધા. આવી જ રીતે કાશ્મીરમાં પણ ૧૯૫૫માં સંબોધવા જતાં હતાં ત્યારે તેમના સાથીદારોએ હુમલાની બીકે તેમને રોક્યાં. તેમણે કહ્યું, 'ઘવાઈશ તો ભલે, પણ ડરીને કામ નહિ અટકાવું.' બસો જેટલા લાઠીધારીઓના ટોળા પાસેથી ડ્રાઈવરની સમયસૂચકતાથી જીપ પસાર થઈ ને તે બચી ગયાં.

૧૯૫૨-૫૩માં જ્યારે તેમનું વ્યક્તિત્વ નિખરી ઊઠ્યું હતું, પ્રતિભાનો પ્રકાશ ચરમ સીમાએ પહોંચ્યો હતો, ત્યાંજ વસંતને પાનખર બેઠી. કાશ્મીર પ્રશ્ને તેમણે લીધેલા વલણથી ભારતીય નેતાઓ તેમની વિરુદ્ધ થયાં. તેની ચર્ચામાં ન ઊતરીએ તો પણ પંડિતજી અને કૃપલાનીજીએ લોકસભામાં કહ્યું હતું તેનું જ પુનરુચ્ચારણ કરીએ કે 'મતભેદ હશે પણ તે દેશદ્રોહી તો નથી જ નથી.'

૧૯૪૬ની બિહારયાત્રામાં બાપુ સાથે જે અનુભવો મળ્યા તેનાથી તે કેવા પ્રભાવિત થયાં હતાં તેની તેમના અવસાન પછી મળેલી અને પાછળથી 'પ્રથમ પ્રત્યાઘાત' નામે પ્રકાશિત થયેલી ડાયરી વાંચતા પ્રતીતિ થાય છે. જીવનભર તેમણે માનવ-સમાનતા, આર્થિક-સામાજિક ન્યાય અને પોતાને સાચું લાગ્યું તેનું આચરણ કરવા મથામણ કર્યા કરી.

તેમના કેટકેટલા ચહેરા જોવા મળ છે! સમૃદ્ધિની રેલમછેલમાં ઊછરેલી, 'રિટ્રીટ'ની બારીમાંથી જગતને જોતી બાલિકા, ગાંધીવિચાર-આચારથી પ્રભાવિત સ્વાતંત્ર્યસેનાની અને મહિલામુક્તિની મશાલચી બની સામાન્ય જનસમૂહમાં ભળી જતી, તેમનાં સુખદુઃખને વહેંચી નિવારવા મથતી અડગ, નિર્ભય, દૃષ્ટિમંત સેવિકા,જ્યોતિસંઘ, વિકાસગૃહ, વિકાસવિદ્યાલય જેવી ભારતભરમાં અનેક સંસ્થાઓની સ્થાપક, તેને ગતિશીલ રાખવા તત્પર, કરુણાસભર પોતાની કરિશ્માથી ચારુમતી યોદ્ધા, પુષ્પાબહેન મહેતા જેવાં કાર્યકરોની હરોળ ઊભી કરનાર, ૧૯૩૭માં કૉંગ્રેસે નીમેલી પ્લાનિંગ સમિતાનાં સભ્ય, કસ્તુરબા સ્મારક નિધિ ટ્રસ્ટનાં સંગઠન મંત્રી, વ્યક્તિગત લાગણીઓને ઢબૂરી રાષ્ટ્રનિર્માણ માટેની ભેખધારી ચંડી સ્વરૂપ છતાં પીડિતો માટે મમતામયી મા, ક્યારેક અધીર અને ઉતાવળાં ઉત્સાહના પ્રમાણમાં ઓછાં સ્થિર, ધીર, આગ્રહી વલણ ધરાવતાં મૃદુલાબહેનનું ૧૯૭૪ની ૨૭મી ઑક્ટોબરે અવસાન થતાં કેટકેટલાં સાથીદારોનાં હૈયા આંસુભીનાં બની દ્રવી ઊઠ્યાં! રૂઢિચુસ્ત સમાજમાં પોતાના હૃદયભાવોની જ્યોતની એક ચિનગારી મૂકી, મુક્તિનાં ઉદ્‌ગાતા બની પોતાના એ નાદને બધિર કર્ણો સુધી પહોંચાડવા નિરંતર ઝંકાર કરતાં રહ્યાં. તેમને અંજલિ આપતાં સ્વતંત્ર ભારતના પંજાબના પહેલા ગવર્નરે કહ્યું : 'I hope history will not forget her and the work she did.' આની માત્ર નોંધ જ લેશું કે ઊથલપાથલ અને મૂલ્યોના હ્રાસના આ રાષ્ટ્રજીવનની વાટ સંકોરવાય પ્રયત્નશીલ બનીશું? □

નવા ગ્રાહક થનારને

- 'કુમાર'નો જાન્યુઆરી ૧૯૯૧નો અંક હવે સિલકમાં નથી. આથી નવા ગ્રાહકો ફેબ્રુઆરી ૧૯૯૧થી બાર માસ સુધી નોંધી શકાશે તેની ગ્રાહકો/એજન્ટોએ નોંધ લેવી.
- ઑગસ્ટ ૧૯૯૦થી ડિસેમ્બર ૧૯૯૦ સુધીના જૂજ અંકો જ સિલકમાં છે. આ પાંચેય અંકો એકસાથે મગાવનારને રૂ. ૩૦માં તે મળી શકશે. ટપાલખર્ચ માફ. પરન્તુ કોઈ પણ એક અંક મગાવનારે ટપાલખર્ચના રૂ. ૨.૦૦ મોકલવા.

વિશિષ્ટ પ્રકારના બંધાણનો એક

બંધાણી

ગોરધન ભેસાણિયા

અષાઢની એલીએ મોલાતમાં આંતરખેડ થવા દીધી નહિ કે ન રહ્યો ખેડૂતોને નીંદવાનો વેંત. અષાઢ આખો વરસાદ વરસતો રહ્યો ને ખેડૂતો વરાપ થવાની રાહ જોતા રહ્યા. આમ જ શ્રાવણ આવીને ઊભો રહ્યો. શ્રાવણમાંય સરવડાં પડવાં ચાલું રહ્યાં ને મોલાત સાથે ખડ જાણે કે વાદે ચડ્યું : મોલાત કહે કે હું વધુ ને ખડ કહે હું વધું... !

લાંબડીની ધોળી લોળ્યું ને હમેરવાની સોટીઓ તો બાજરા વચાળે...ય પોતાની હાજરી આઘેથી પુરાવી દેતીં'તી. તો મગફળીનાં ખેતરમાં તો વળી ગણ્યાં ગણાય નહિ એવાં ને એટલાં ખડનાં લશ્કર મગફળીનાં ગઢને તોડી પાડવા જંગે ચડયાં'તાં. માંડવી જાણે રાંક થઈને બહારના પુરવઠાની રાહ જોઈ રહીં'તી. તો ખડનું લશ્કર વધ્યે જતું'તું...કણીંજરો ને હેહમૂળ, પાંદડિયો ને ચામણછેટું, કાળિયું ને તાંજળિયો, કૂબા, દૂધલી ને કુવાડિયા, પેહા, મગામઠી ને શીલેય હવે તો પોતાનાં હથિયારો સજીને હાજર હતાં. તો ક્યાંક ક્યાંક વળી કોઈ ખેડૂતે ઉનાળે નહિ જેવું સાંતી હાંકીને ધ્રોવ અને ખેવને ખીજવ્યાં'તાં..! એટલે પછી ખીજના માર્યાં ઈ...એ..ય એનાં સાગરીતો ડાભી ને જીંજવાં સાથે ડારા દેતાં'તા... પણ જ્યાં કાંઈ એવી બીક નોં'તી... ! ઈ તો ઊલટા ખોંખારો ખાઈને કહેતા : 'તમારાથી થાય ઈ કરી લ્યો...! અમે કાંઈ બીતા નથી. તમારાથી અમને નો ̸પૂગાય તો તમતમારે હજી તલબાવળા, શ્રીપખડા ને ઝીપટા, બળ, બોરડી ને બાવળ સાથે અધેડે; કૂતેલું, ખપાટ ને એકલકટી, ભોરીંગડી, દારૂડી ને ગાડરડી; મામેજવો, પાણાફાડ્ય ને પાણકંદાનેય બરકતા આવો. આંય કોઈ ફાટી પડતું નથી..!'

જેને ...આગે હાથ, પીછે હાથ, રક્ષા કરે ગોરખનાથ...! ઉપાધિ નોં'તી ઈ તો બોલે...પણ...ચીવટવાળા ખેડૂતો તો ધાંધા થઈ ગયા : 'આમ ને આમ વરસ્યા કરસે ને જો નીંદાશે નહિ તો..તો ...મોલાત થઈ રહી...!' હજી સરવડાં ચાલુ હતાં ત્યાં જ દાડિયાઓને ઘેરે ખેડૂતોની પગધોડ્ય વધવા માંડી. કોઈ દિ' નો બોલાવ્યા હોય એનાં મોં બોલાવવા પડે તેવું થયું : 'કાં... કાલ્ય નીંદવા આવવું છે..?'

'કાલ્ય તો હા...રાખી છે; નહિ...અવાય...!'

'તો પછી પરમ દિ' આવો; બધાંય...!' ખેડૂતો મજૂરને આજીજી કરતા..

'ઈ કાંઈ અટાણે નો કે'વાય. કાલ્ય સાંજે ખબર પડે.'

બીજે દિ' સાંજે જાય તો વળી કહે : 'ફલાણાભાઈને ત્યાં જાવું પડશે. ઈ...વીહ...વીહ...રૂપિયા કઈ ગયા છે.' પોતાની મેળે જ મજૂરો, મજૂરી વધારી દેતા ને પછી હળવેકથી ઉમેરતા : 'બે રૂપિયા વધારો તો વળી મળવા હોય તો મળે.'

'ભલા...માણા...હ ! આ પંદરમાંથી વીહ તો કર્યા તમે...! હજી ઓછા પડે છે...? જરાક રીત રાખો ...!'

'તો તમારી મરજી !' આટલું કહીને પછી એ મજૂર, મજૂરોના વાસમાં ઘેર ઘેર ફરી વળે: 'જો...જો...હો...! કોઈ હા પાડતા નહિ.. બાવીહ રૂપિયા કરે તો જાવું છે. આ લોંકડી આજ ઠીક ખાંપે ચડી છે.'

આવા કડાકડીને ટાણે ગામને પાદર અજાણ્યા માણસોનું ટોળું આવ્યું. 'ક્યાં...રે'વું...? કે...મ..આનીપા...? શું...કામ....?' જેવા પ્રશ્નોના જવાબમાં જાણવા મળ્યું કે એ...તો ભાલ પંથકના રે'વાસી ને કામધંધે નીકળ્યાં છે.

'હેં..એં..એં..! કામે આવવું છે?' પૂછનારા ખુશીના માર્યા ઝટ બોલ્યા: 'કાલ્ય હંધાય આપડે ન્યાં આવો...મજૂરી વીહ વીહ રૂપિયા. સાંજે રોકડી.'

'ઈ...તો ઠીક છે...બાપા..! પણ પેલા આ અમારા લબાચા તો ક્યાંક ઠેકાણે પાડવા જોહે...ને...!' કોકનું ઢાળિયું-બાળિયું હોય તો જે કે..ય ઈ ભાડું દંઈ...!'

'આટલાં બધાં એક ઠેકાણે તો ક્યાંથી સમાવ...! બબ્બે-પાંચ-પાંચ વેં'ચાઈ જાવ તો મેળ પડે.' રવજીભાઈએ તોડ કાઢયો ને ઊમેર્યું: 'મારે ત્યાં પાંચ-છ જણ વયા આવો.'

મજૂરો જેમ મેળ આવ્યો તેમ ગોઠવાઈ ગયાં. રવજીભાઈને ઘેરે..ય બે ભાઈઓ ને એનો વસ્તાર રહેવા આવ્યો. બે..ને જોઈને રવજીભાઈએ પૂછ્યું : 'તમે બે...ય ભેળા છો...ને ? ઢાળિયું એક જ છે... હોં..!'

'અમારે ઘરે તો નોખા રઈ છંઈ...! આં..ય ભેળા રે'શું...તમતારે તમારું ઢાળિયું...ય અમારે તો મેડી બરોબર છે...!' ને આમ રવજીભાઈનું છાણાં-બળતણ ભરવાનું ઢાળિયું જીવતું થઈ ગયું.

બીજે દિવસે તો બધાં કામે પણ આવ્યાં. પાંચ-છ મજૂર ને કાંક વળી ઘરના માણસો. ખેતર ચોખ્ખું થવા માંડ્યું. અર્ધો ટંક થયો ને બેમાંથી મોટો દેખાતો રામસંગ બોલ્યો:'રવજીબાપા...! ચા...જોહે...હો...!'

'અ...ટ્રા...ણે...! અરધે ટંકે ચા...?' રવજીભાઈ ભડક્યા!

'ચા...વિના નો હાલે હો... બાપા...! અમને બે રૂપિયા મૂલ ઓછું દેહો તો હાલશે પણ ચા તો જોહે...!' રામસંગ બોલી રહ્યો કે તરત માનસંગ બોલ્યો : 'ચા...તો અમે નવરા બેઠા હોંઈ તો ય જોઈ... ! મને તો ચા મળે નહિ તો માથું ચડે... ! ને ઈ...એ...ય પાછું અવળું...! મારા ભાઈને હાલ્યું જાય પણ મારે નો હાલે.. ! ચા-તો જોઈ...જ..!'

'તમે..ય માળા ડાળી લાગો છો...! અમારે આંય અરધે ટંકે ચા પાવાનો રિવાજ નથી.' રવજીભાઈ હસ્યા.

'તમે કે'તા હો તો રં'ઈ...નકર બાપા તમારું ખેતર છે. નીંદો તમતમારે..! અમે તો જાહું...!' માનસંગે લાંબું બગાસું ખાધું.

'એલા' પણ આ સિમાડેથી ઘેર જાઈ'ને આવીએ ત્યાં જ બપોર થાય. પેલાં કીધું હોત તો ઘરેથી ચા-ખાંડ ને દૂધ લઈ લેત. એમ કરો; આજનો દિ' ગોદવો. કાલ્યથી ભેળું લઈ લેહું.'

કેમ થાહે મનિયા...?' રામસંગે માનસંગ સામું જોયું.

'મારાથી તો બપોર નૈ થાય ભઈ ! હું તો કે'ટાણાંનો ઑબળાહા લઉં છું. મારે તો એમ કે ચા આવસે, નકર વાટે નો ર્યો હોત.'

'તું...તો ભૂંડા મારાથી..ય વધ્યો...! કંઠી તને મેં બાંધી ને ચેલો તો માનસંગને કહ્યું. માનસંગ બેસીને ચૂંગી ભરવા માંડ્યો ને બગાસું ઝૂડતા બોલ્યો:'મને તો કળતરું થાય છે. પછી કે'તા નહિ કે, માંદો પડ્યો !'.

આ બધો તાસીરો જોઈને રવજીભાઈ મનોમન ઘણા અકળાયા પણ જો કોઈને કાંઈ કહે તો બીજે દિ' કોઈ દાડિયે જ ન આવે. છોકરાને ચા લેવા મોકલ્યો ને મનની ખીજ મનમાં જ ઉતારી: 'મારા હાળા આ રખડું કાર્ઝડિયાય અટાણે ગરજ વરતે છે. ખાવાના સાંધા હશે તંઈ તો ઘર મેલીને મલકમાં નીકળ્યા હશે. ને તો ય પાછા ફન કરે છે. આ હીરા તો હાળા ક્યાંક ખેતી ભંગાવશે.'

રવજીભાઈના બે.. ય દીકરા હીરા ઘસતા. નીંદવા આવવાનું કહે તો ય ના પાડતા: 'જોઈ' તો એકને બદલે બે મજૂર કરી લ્યો પણ નીંદવા આવવાનું કેં'તા નહિ. આ ખેતામાં વળી શું વધી જાય છે? સાંજ પડ્યે આડો ખોબો ધૂડ્ય પેટમાં ધરી જાય ને તો ય કોઈ દિ' થાપા તો મટ્યા નહિ. ઠીક છે.. કે ઈ તો ઘરનો ધંધો છે નકર ખેતો કોણ કરે!'

રવજીભાઈને વિચારતા છોકરાવની વાત સાચી લાગતી : 'એક હીરા ઘસે તો પાછળ ત્રણ મજૂર કામ કરે. વળી, હીરાનું કામ ટાઢું લોહીનું.' પ.. ણ આ ગણિત જેમ ખેડૂતોને સમજાયું'તું તેમ મજૂરોને પણ સમજાયું'તું. આમ, ખેતીકામ માટે માણસો મળવા દુર્લભ થયાં'તાં.

અનેક રોગ અને અનિયમિત વરસાદે ખેતીને ભાંગી નાખવામાં ઘણો ભાગ ભજવ્યો. યુવાનોએ બીજે નજર દોડાવી ને બુઢ્ઢાઓ કકળતા:'આ ખેડું'એ કોણ જાણે શું પરાભવમાં પાપ કર્યાં હશે તે રાત-દિ' ટૂટીએ તો ય ભવડાપાંચમ મટે નહિ.' નિસાસો નાખીને સામેથી જવાબ મળતો: 'પેલાં કે'વાતું કે ખેતીનો ધંધો તો રાજા ધંધો છે. ભગવાન સિવાય કોઈનીય ઓશિયાળ નહિ. ને હવે તો આ તણ્ય ટકાના દાડિયા ય મારા બેટા નાચ નચાવે છે. એક તો ધક્કા ખવરાવી-ખવરાવીને ડૂકવાડે. ને આવે તો ય પાછા જાણે મોટા જામ સાબ્યના દીકરા હોય એમ પોર દિ' ચડ્યે આવે. સાંજે નાડાવા દિ' હોય ત્યાં પાછા રજા માંગે. જાણે ગગાની જાનમાં આવ્યા હોય એમ..!'

'ભાઈ...! આમ..આ કેટલા દિ' નભવાનું છે.. આપણું..?'

'નભવાની ક્યાં કર્ય છો! અટાણે તો કેદુના થઈ ગ્યા હોત પાટિયાભરા. આ તો ભલું થાજો હીરાવાળાનું તે આમ ને આમ બાંધી મુઠ્ઠી રઈ ગઈ. નકર આ મોળા વરહમાં મલકે.. ય તળનાં પાણીની જેમ સુકાઈ ગયો હોત'.

આવી વાતો ને બળતરાં તો પાંચ ખેડૂત મળે કે ચાલુ જ હોય. પણ તો ય આ વારસામાં મળેલો વ્યવસાય એમ કાંઈ છોડવો સહેલો નહોતો. ને ગમે તેવા કપરા સંજોગોમાંય હિંમત ન હારવી, એ જ તો ખેડૂતોનું પ્રથમ લક્ષણ છે. સંજોગો સામે ટક્કર લેનારને સંજોગો પણ સાનુકૂળ થઈ જાય છે. ખેડૂતોની સમસ્યા ઉકેલવા કુદરતે પ્રેરણા આપી હોય તેમ ભાલપંથકમાંથી મજૂરોનાં ટોળાં ગામડે ગામડે ઊતરી પડ્યાં. ચોમાસુ શરૂ થાય ને આવવા માંડે તે દિવાળીએ મોસમી કામ પૂરું થાય ત્યારે જાય. ખેડૂતો નવરા થઈને વળી વાતું માંડે: 'આ કાર્ઝડિયાવે રંગ રાખ્યો હો! નકર માણહ વિના હેરાન થઈ જાત. પૈસા ગુડતા..ય કોઈ મળે નહિ એનું શું કરવું? આ અર્ધા તો ભલે ને બેઠા બેઠા ચુંગી ફૂંકે એવા હોય પણ ગાડું ગદે..!

પછી તો આ મજૂરો..ય જાણીતા થઈ ગયાં. દિવાળીએ છોડેલો કબજો અષાઢી બીજે સંભાળી લેતા. રવજીભાઈને ત્યાં વરસોવરસ રામસંગને માનસંગ બે..ય ભાઈઓ આવતા.. પ..ણ આ વરસે માનસંગ એકલો આવ્યો. કેમ ઓણ એકલો..જ ?' રામસંગને ન જોતા રવજીભાઈએ પૂછ્યું.

'મારો ભાઈ પાછો થયો..બાપા..!' માનસંગની આંખ ભીની થવા માંડી.

'હેં.. એ..! પણ ઈ તો નરવો ઘોડા જેવો હતો..? કાંઈ બીમાર થ્યો 'તો?

'કાંઈ બીમાર નહિ! કામ કરતાં કરતાં જ ...! ઘડીક કીધું કે મને છાતીમાં મૂંઝારો થાય છે. દવાખાને લઈ જાતાં'તાં ને મારગમાં શ્વાસ થંભી ગ્યો.'

બીજે દિવસે કામે આવેલો માનસંગ રવજીભાઈને સાવ બદલાયેલો લાગ્યો. સાવ ગંભીર...! જાણે માનસંગ જ નહિ! શું..! ભાઈના મોતનો આઘાત હજુય ઓસર્યો નહિ હોય..? રવજીભાઈના મનમાં સવાલ અથડાણો.

વરસોવરસની આદત પ્રમાણે અરધે ટંકે ચા આવ્યો, નવાઈ થઈ જાણે! માનસંગે કહ્યું : 'હું ચા નથી પીતો.'

'શું.. કે...છો? ચા નથી પીતો? તારે તો ચા વિના ઘડીકેય નો હાલતું ને..? શું કાંઈ બાધા લીધી છે?'

'બાધા તો કાંઈ નથી લીધી. પણ ... મૂકી દીધો.' માનસંગે ટૂંકમાં પતાવ્યું.

'એમ તે કાંઈ મુકાય...? બંધાણીને હું જાણું ને..! બહુ લપળા હોય. મસાણે જાય તો ય બીડી ભેળી હોય. ચા પીવાની લ્હાયમાં ખાવાનુંય ચૂકે. આવા હોય બંધાણી.. મૂરખના સરદાર..!' રવજીભાઈને પોતાને કાંઈ વ્યસન નહિ એટલે વ્યસનીઓ તરફ તેમને ચીડ.

'વાત જાણે એમ છે.. બાપા કે મારો ભાઈ મને ચા છોડાવતો ગ્યો.'

'પણ...તું.. તો કે' છો કે ઈ ઘડીકમાં વયો ગ્યો. એમાં એણે તને શિખામણ કંઇ દીધી..?' રવજીભાઈ અચરજથી માનસંગ સામે જોઈ રહ્યા.

"એમ કાંઈ શિખામણ નથી દીધી...! પણ હું તો નાનપણથી એની હાર્યે જ ચા પીતો. નોખો થયો તો ય ઈ ચા કરે કે તરત મને બરકે : 'હાલ્ય મનિયા, ચા.. પીવા..! મારે ઘેર ચા થાય તો ય હું એની ઓશરીમાં ચા લઈને જાઉં ને બે ય ભાયું ભેળા બેહીને ચા પી..ઈ..! કામકાજમાં ય ભેળા હોઈ એટલે મેં એકલા તો કોઈ દિ' ચા પીધો જ નથી. મારો ભાઈ ગુજરી ગ્યો પછી ચાર-પાંચ દિ' તો મેં ચા પીધેલો. પણ ચા પીઉં ને મારું હૈયું ભરાય જાય. ઈ.. તો ઠીક કે સાંભરે. પણ મને ચાનો સ્વાદ.. જ ફરી ગયેલો લાગવા માંડ્યો. ચા પીઉં તો ય ના પીધો હોય તેવું લાગે. પછી.. પ..છી મને ખબર પડી કે હું ચાનો બંધાણી નહિ, પણ ચા ભેગો મારા ભાઈના હેતનો બંધાણી હતો."

માનસંગની આંખોમાં ભીનાશ તબકવા માંડી. અવાજ ભારે થઈ ગયો: 'હ..વે..હવે ઈ તો મળે એમ નથી..! પછી કારણ વગરનો ડોયો શું પેટમાં પધરાવવો? આમ મેં ચા મૂકી દીધો.' માનસંગની આંખો છલકી ગઈ. ઘડીક થંભી ગયો ને વળી બોલ્યો: 'તમને હું ગાલાવેલો લાગતો હશ્ય..બાપા..! પણ હાવ હાચું કવ છું હો..! મારાં માવતર મરી ગયાં તો ય એની ખોટ મને નથી હાલી. પણ... મારા ભાઈનું તો મને બંધાણ થઈ ગ્યું'તું, એના હેતનું બંધાણ..!'

માનસંગની વાત સાંભળીને વ્યસનીઓ તરફ ચીડ હતી છતાંય રવજીભાઈના હોઠ ફફડી ગયા : 'આવું બંધાણ તો સૌને કરવું ઘટે.' □

પરિસ્થિતિવિજ્ઞાન

પ્રહ્લાદ છ. પટેલ

જીવસૃષ્ટિના એક અંશ તરીકે માણસ આ જગા ઉપર અનોખું સ્થાન ધરાવે છે. માણસ પર્યાવરણ (પરિસ્થિતિ)નો માત્ર ઉપભોક્તા જ નથી. તે ખોરાક, આશ્રયસ્થાન, પરિવહન તથા આર્થિક હેતુઓ માટે, જરૂરિયાત મુજબ, પર્યાવરણના નવા ઘાટ આપતો રહ્યો છે. આજે જ્યારે ઊર્જા માનવજીવનનો પર્યાય છે ત્યારે પોતાના જીવનની જરૂરિયાતોને પહોંચી વળવા તથા સમૃદ્ધિ માટે માણસ દર વર્ષે ભૂસ્તરીય ઈંધણના પાંચ ટકા સામગ્રી ઊર્જા પેદા કરવા વાપરે છે. પૃથ્વીના પેટાળમાં રહેલો ઈંધણનો પુરવઠો મર્યાદિત છે. આથી ઊર્જાના વૈકલ્પિક સ્રોત હાથવગા કરવા તે તડામાર સંશોધન કરી રહ્યો છે. માણસ પર્યાવરણની સાથે અને વચ્ચે જ જીવી રહ્યો છે. માણસનું જીવન હવા, પાણી અને ખોરાક ઉપર નિર્ભર છે; તેથી આ બધાનો ઉપયોગ તેણે વિવેકપૂર્વક અને વૈજ્ઞાનિક ઢબે કરવો રહ્યો. સુખ અને સુવિધાઓ ઉપલબ્ધ કરવા માટે માણસ પર્યાવરણનો ભંગ કરતો આવ્યો છે. જો આવી ઉપલબ્ધિઓને તે કુદરત સામેનો વિજય ગણતો હશે તો તેનો પરાજય વેંતથી વધારે દૂર નહીં હોય. આથી કુદરત સાથેની સમતુલા જાળવવા માટે માણસે કુદરતનાં સાધનો પ્રત્યે ઊંડી સમજ કેળવવી પડશે. તે માટે પરિસ્થિતિ-વિજ્ઞાન (ઇકોલૉજિ) દ્વારા માણસે માનવસર્જિત મુશ્કેલીઓ દૂર કરવાની રહેશે.

ઇકોલૉજિ વિજ્ઞાન અને કળા છે. માણસ એક જ સમયે વિજ્ઞાન અને કળાની સમજ એક સાથે ભાગ્યે જ ધરાવતો હોય છે. ચિત્રકાર ચિત્ર તૈયાર કરતો હોય ત્યારે રંગો સાથે સંકળાયેલ ભૌતિક અને રસાયણ વિજ્ઞાનની સમજ ધરાવતો નથી, જ્યારે વિજ્ઞાની ચિત્ર દોરતો નથી, પણ રંગોનું વિજ્ઞાન સમજે છે. ઇકોલૉજિની કળા આદિ માનવથી વિકસેલી છે. જ્યારે તેનું વિજ્ઞાન પાછળથી સમજાતું થયું છે. આજે ઇકોલૉજિનું વિજ્ઞાન મોખરે છે. જેને આધારે તેની કળાનો વિકાસ થઈ રહ્યો છે. આથી આજે સરકારો, રાજકારણીઓ, નેતાઓ, શહેરના આયોજકો, શિલ્પીઓ, ઇજનેરો, સંશોધકો અને સમાજશાસ્ત્રીઓ પર્યાવરણના મુદ્દાઓ ઉપર પોતપોતાની રીતે જરૂરી ધ્યાન કેન્દ્રિત કરતા થયા છે. તેથી પરિસ્થિતિવિજ્ઞાન (ઇકોલૉજિ) અને પર્યાવરણની સમજમાં એકસૂત્રતા આવશ્યક છે.

ઇકોલૉજિ જીવવિજ્ઞાનની શાખા છે, જેમાં જીવો અને તેમની આસપાસની પરિસ્થિતિઓ વચ્ચે સંબંધ સ્થાપિત કરવામાં આવે છે. ઇકોલૉજિને જીવો અને પર્યાવરણ વચ્ચેની આંતરક્રિયાનું વિજ્ઞાન ગણાવી શકાય. કોઇ પણ જીવને તેના સમગ્ર જીવન દરમિયાન અસર કરતાં બધાં જ બાહ્ય પરિબળોને સામૂહિક રીતે પર્યાવરણ કહે છે. પર્યાવરણની અસરો બે ભાગમાં વિભાજિત કરી શકાય છે. એક, જીવો ઉપર અન્ય સજીવોની અસર. બીજી, જીવો ઉપર નિર્જીવોની અસર. ઉદાહરણ રૂપે માછલી કે કેટલાંક જળચરોનું જીવન નાના જીવોની સંખ્યા અને પ્રકાર ઉપર નિર્ભર છે. આ વાત થઈ સજીવ પરિબળોની જળાશયની આસપાસનું હવામાન, તેના તળિયાના પદાર્થો, પાણીના પ્રવાહની ગતિ અને પાણીમાં રહેલો ઑકિસજન માછલી અને જળચરોના જીવનને અસર કરતાં નિર્જીવ પરિબળો છે. આથી કોઈ પણ જીવના જીવનઘડતર સાથે બાહ્ય સજીવો અને નિર્જીવોનો સંબંધ ઘનિષ્ઠ અને સંકુલ છે. એટલે કે જળચર, ભૂચર કે ખેચરના અસ્તિત્વના અભ્યાસ માટે તેમની સાથે આંતરક્રિયા કરનારાં પરિબળોનો સંદર્ભ અનિવાર્ય છે. બાહ્ય પરિબળોને માછલીના કિસ્સામાં જળાશયને પારિસ્થિતિક તંત્ર (પારિતંત્ર) કહે છે. આ રીતે નાનાં-મોટાં તળાવો કે જળાશયો, ઘાસનાં મેદાનો તથા જંગલો પારિતંત્રનાં ઉદાહરણો છે.

નાનાં-મોટાં જળાશયો ભિન્ન ભિન્ન પ્રકારના સૂક્ષ્મ છોડવાઓ, નાનીમોટી માછલીઓ, દેડકાં, જીવજંતુઓ અને સૂક્ષ્મ જીવાણુઓ સજીવ ઘટકો છે. પાણીમાં મિશ્રિત ઑકિસજન, કાર્બન ડાયૉક્સાઇડ, ખનિજો, માટી વગેરે નિર્જીવ ઘટકો છે. આ બધા ઘટકો વચ્ચે સતત આંતરક્રિયાઓ થતી હોય છે એટલે જળચરો માટે જળાશય એક નાનું જગત થયું. તળાવ જેવું જળાશય જળચરો માટે એક અદ્ભુત જગત છે. કારણ કે આવો કોઇ પણ જીવ જળાશયમાં જન્મે છે, જીવનપર્યંત બધી જ ક્રિયાઓ જળાશયમાં જ કરે છે અને જળાશયમાં મૃત્યુ પામી વિલીન થાય છે. નાના જીવને ખાનાર પોતે જ મોટા જીવ વડે ખવાઈ જાય છે. 'જીવો જીવસ્ય જીવનમ્'ની ઘટનાથી એક પ્રકારની આહાર-શૃંખલા અસ્તિત્વમાં આવે છે. કોઈ પણ આહાર-શૃંખલાનો એકાદ અંકોડો દૂર કરવામાં આવે તો સમગ્ર શૃંખલાનો ક્ષય થતાં આફત ઊતરી પડે છે. અખાતી યુદ્ધ દરમિયાન સમુદ્રનાં પાણીનું ભૌતિક બંધારણ બદલાયું. પારિતંત્રના ઘટકોમાં જીવને હાનિકારક પદાર્થો ભળતાં કેટલાય સમુદ્રી જીવોની ટપોટપ લાશ પડવા લાગી. સમુદ્રકિનારા લાશોથી ઊભરાતાં ત્યાં બીજી આફત શરૂ થઈ. આહાર-શૃંખલા અને પારિતંત્રમાં થતા વિનાશક ફેરફારોથી જીવસૃષ્ટિ ઉપર કેવી વિપરીત અસર થાય છે તેનું જ્વલંત ઉદાહરણ અખાતી યુદ્ધ છે.

જંગલો પણ એક નાનું સરખું જગત જ છે, જેમાં ઘાસ ખાનારાં અને માંસાહારી પ્રાણીઓ રહેતાં હોય છે. એક હરણની કલ્પના કરો તે ઘાસ ખાઈને જીવે છે. અને હરણો તથા શાકાહારી પ્રાણીઓને માંસાહારી પ્રાણીઓ ખાઈને જીવે છે. એટલે જંગલમાં પણ આહાર-શૃંખલા પ્રવર્તતી હોય છે. ઘાસ, વનસ્પતિ અને નાના-મોટા પ્રાણીઓ જંગલ-જગતના સજીવ ઘટકો થયા. જંગલોની ગીચતા, તેમનું ભૌગોલિક

સ્થાન, વૃક્ષોના પ્રકાર, પવન, પાણી, સૂર્યપ્રકાશની સુલભતા વગેરે નિર્જીવ ઘટકો થયા. આવાં જંગલોની કટાઈ, આકસ્મિક આગ કે તેવી કોઈ પણ આફત જંગલોની સમગ્ર જીવસૃષ્ટિમાં અકલ્પ્ય અસમતુલા પેદા કરે છે.

પારિતંત્રના સજીવોને ત્રણ ભાગમાં વહેંચી શકાય છે: ઉત્પાદકો, ઉપભોક્તાઓ અને વિઘટનકર્તાઓ. પૃથ્વી ઉપરના સજીવો : સૌરશકિત એક જ અને આખરી સ્રોત છે. વનસ્પતિ, બેક્ટેરિઆ તથા લીલ (શેવાળ) દ્વારા સૌરશકિત જીવનમાં પ્રવેશે છે. આ બધા ઊર્જાના ઉત્પાદકો ગણાય. પ્રકાશ-સંશ્લેષણની પ્રક્રિયા દરમિયાન વનસ્પતિ સૌરશકિતનો ઉપયોગ કરી કાર્બનડાયૉકસાઇડ અને પાણીનું કાર્બોહાઇડ્રેટ જેવા જટિલ પદાર્થોમાં રૂપાંતર કરે છે. આ પ્રક્રિયા દરમિયાન ઑકિસજન આડપેદાશ તરીકે બહાર પડે છે. સૂર્યપ્રકાશ, પાણી અને કાર્બન ડાયૉકસાઇડ ઉપરાંત પોતાનો ખોરાક તૈયાર કરવા વનસ્પતિ કેલ્સિઅમ, પોટૅશિઅસમ, મગ્નેસિઅમ જેવા ખનિજોનો પણ ઉપયોગ કરે છે. વનસ્પતિ ઉત્પાદક ગણાય કારણ કે તે પોતે પોતાનો ખોરાક તૈયાર કરે છે. વનસ્પતિ ઊગે છે, વિકાસ પામે છે અને વિલય પામે છે. કેટલાંક પ્રાણીઓ વનસ્પતિ ખાય છે. કાળાંતરે પ્રાણીઓ મરી જાય છે. કેટલાંક બેક્ટેરિઆ, ફુગી (બિલાડીના ટોપના વર્ગની વનસ્પતિ) અને ઝીણી જીવાત સજીવો, મૃત પાણીઓ અને છોડવાઓ ઉપર તૂટી પડે છે. પ્રાણીઓ અને છોડવાઓના દ્રવ્યનું મૂળ ઘટકોમાં રૂપાંતર કરે છે. આથી બેક્ટેરિઆ અને ફુગી વિઘટનકર્તાઓ ગણાય છે.

ઉપભોકતા એવા સજીવો છે જે પોતાનો ખોરાક પોતે બનાવી શકતા નથી પણ પરોક્ષ કે પ્રત્યક્ષ રીતે તે ઊર્જા અને પોષક આહાર માટે ઉત્પાદકો ઉપર આધાર રાખે છે.

જીવો સૂર્યની ઊર્જાનો પરોક્ષ રીતે ઉપયોગ કરે છે. માણસ અનાજ, શાક, ફળો, દૂધ, ઈંડાં અને માંસનો ખોરાક તરીકે ઉપયોગ કરે છે. આ બધા પદાર્થ સૌરશકિત વડે તૈયાર થાય છે. ખોરાક તૈયાર કરવા વપરાતાં લાકડા અને કોલસામાં પણ સૌરશકિત સંગૃહીત થયેલી છે. આ રીતે ઉત્પાદકો ઊર્જા ગ્રહણ કરે છે. આ ઊર્જા પારિતંત્ર દ્વારા ખોરાક મારફતે તબક્કાવાર ઉપભોકતા સુધી પહોંચે છે. પ્રત્યેક તબક્કાને અંતે ઊર્જામાં ઘટાડો થતો જાય છે. આથી આહાર-શૃંખલાના ચાર-પાંચ તબક્કાને અંતે ઊર્જા નહીંવત થઈ જાય છે. કરોડો વર્ષ લગી, સૂર્ય ઊર્જાનું અખૂટ ઉદ્‌ગમસ્થાન છે. પૃથ્વી તરફ રેલાતી સૂર્યઊર્જાના ૩૦% ઊર્જા વાતાવરણ વડે પરાવર્તન પામે છે. આશરે ૫૦% ઊર્જા જમીન, વનસ્પતિ અને પાણી વડે ઉષ્મા તરીકે શોષણ પામે છે. આશરે ૨૦% ઊર્જા ખુદ વાતાવરણ શોષે છે અને માત્ર ૦.૦૨% ઊર્જા પ્રકાશ-સંશ્લેષણની પ્રક્રિયા દરમિયાન શોષાય છે, જે સમગ્ર જીવસૃષ્ટિને ચેતનવંતી રાખે છે. આથી સૂર્ય પૃથ્વીના જીવોનો સર્જનહાર છે.

સજીવોને તેમના જીવનનિર્વાહ માટે મુખ્યત્વે કાર્બન, ઑકિસજન, નાઇટ્રોજન અને હાઇડ્રોજન જેવાં પોષક તત્ત્વો સારા એવા પ્રમાણમાં જરૂરી છે. તદુપરાંત ઓછાવત્તા અંશે ફોસ્ફરસ અને સલ્ફર પણ જરૂરી છે. આ બધાં તત્ત્વો પર્યાવરણમાં ચોકકસ પ્રમાણમાં રહેલાં છે. જો આ તત્ત્વો માત્ર વપરાયા જ કરે તો અમુક સમય બાદ તેમનો જથ્થો પૂરો થઇ જાય. અને પછી.... જીવસૃષ્ટિનો અંત. આવી પરિસ્થિતિનું નિર્માણ ન થાય તે માટે આવાં તત્ત્વો જેટલા પ્રમાણમાં વપરાય તેટલા પ્રમાણમાં પેદા થવાં કે કરવાં પડે. આથી જીવનનાં આવાં પૂરક તત્ત્વોનું વપરાશ-ઉત્પત્તિ ચક્ર એકધારું ચાલવું જોઇએ. એટલે કે આ તત્ત્વો ક્ષમતાપૂર્વક સજીવોથી નિર્જીવો અને નિર્જીવોથી સજીવો તરફ પસાર થવાં જોઈએ. એક ઉદાહરણ તરીકે, વનસ્પતિ ખોરાક માટે કાર્બન ડાયૉક્સાઇડ ગ્રહણ કરે છે. તેમાંથી વનસ્પતિ કાર્બન છૂટો પાડીને પોતે ઉપયોગમાં લે છે અને ઑક્સિજન મુકત કરે છે. જે પ્રાણીઓ વનસ્પતિ ખાય છે તેમનામાં કાર્બનનો અમુક ભાગ માત્ર જાય છે. જે માંસાહારી પ્રાણીઓ શાકાહારી પ્રાણીઓને ખાઈ જાય છે તેવાં પ્રાણીઓમાં કાર્બનનો અલ્પાંશ જાય છે. આવાં પ્રાણીઓનાં મળમૂત્રના વિસર્જનથી કાર્બન પારિતંત્રના નિર્જીવ સમૂહોમાં પાછો આવે છે. આ ઘટનાને દ્રવ્ય-ચક્ર કહે છે.

પાણી-ચક્ર એવી બીજી ઘટના છે. એક બાજુ પાણી વપરાતું જાય છે અને બીજી બાજુ તેનો ઉમેરો થતો જાય છે. તળાવો, નદીઓ, જળાશયો અને દરિયાનાં પાણીનું બાષ્પીભવનની પ્રક્રિયા દ્વારા બાષ્પમાં રૂપાંતર થાય છે. આ બાષ્પથી વાદળો બંધાય છે અને વરસાદ દ્વારા તે પાણી પાછું પૃથ્વી ઉપર પડે છે. કેટલુંક પાણી નદીઓ મારફતે દરિયામાં જાય છે. એક અંદાજ મુજબ જીવધર (બાયૉસ્ફીયર)માં એક યા બીજી રીતે ૧૫x૧૦^{૮} ઘન કિલોમીટર પાણી રહેલું છે. જમીન ઉપર પડેલું વરસાદરૂપી પાણી જમીન વડે શોષાય છે. જમીનની અંદર શોષાયેલાં પાણીના પ્રવાહો ચાલુ થાય છે. આવા ભૂસ્તરીય પ્રવાહો જમીનની જાત, ઢાળ, વનસ્પતિ અને વરસાદ ઉપર આધારિત છે. આવાં ભૂજળનો ઉપયોગ ઘરવપરાશમાં, ખેતીમાં અને ઉદ્યોગોમાં થતો હોય છે.

પર્યાવરણના મુખ્ય ત્રણ ઘટકો છે: સમુદ્ર, વાતાવરણ અને જંગલો.

પૃથ્વીની સપાટીનું ૭૦% ક્ષેત્રફળ સમુદ્રો ધરાવે છે. સમુદ્રોની અંદર ગંજાવર ખડકો અને ખીણો આવેલાં છે. પૅસિફિક સમુદ્રના મધ્યભાગમાં એવરેસ્ટ સહેલાઈથી ડૂબી જાય તેટલું ઊંડાણ છે. સમુદ્રની સપાટીનું પાણી મોજાં અને તળિયાનું પાણી પ્રવાહો દ્વારા ગતિશીલ રહે છે. સમુદ્રનું પાણી અત્યંત ખારું છે. તેનો મહત્ત્વનો ઘટક સોડિઅમ ક્લોરાઇડ છે. તદુપરાંત દરિયાનાં પાણીમાં મેગ્નેસિઅમ, કેલ્સિઅમ અને પૉટેસિઅમ પણ ઓછાવત્તા અંશે રહેલા છે. ધ્રુવો આગળ દરિયાનાં પાણીનું તાપમાન શૂન્ય અંશ સેલ્સિઅસ અને વિષુવવૃત્ત આગળ આશરે ૨૮° સે. હોય છે. સમુદ્રની સપાટી ઉપર એક ચોરસ સેન્ટિમીટર ક્ષેત્રફળ ઉપર એક કિલોગ્રામ જેટલું હવાનું દબાણ હોય છે, જેને એક વાતાવરણ દબાણ કહે છે. પાણીની અંદર જેમ ૧૦ મીટર ઊંડે જઈએ તેમ એક વાતાવરણ દબાણ વધે છે. ૩૦૦૦ મીટરની ઊંડાઈએ ૩૦૦ વાતાવરણ જેટલું દબાણ હોય છે. આટલા પ્રચંડ દબાણ હેઠળ કોઈ

પણ માણસ માટે જીવવું શક્ય નથી. સમુદ્રો પારિતંત્રનો વિશાળ ઘટક છે. સમુદ્રની અંદર સૂક્ષ્મ જીવો અને વનસ્પતિ પુષ્કળ પ્રમાણમાં અસ્તિત્વ ધરાવે છે. એક ઘનમીટર પાણીમાં આશરે લાખ સૂક્ષ્મ જીવો હોવાનો અંદાજ છે. દરિયામાં જેમ ઊંડે જઈએ તેમ સૂર્યપ્રકાશની તીવ્રતા ઘટતી જાય છે. આશરે ૨૦૦ મીટર ઊંડે સૂર્યપ્રકાશની તીવ્રતા શૂન્ય બને છે. પરિણામે આટલી કે વધુ ઊંડાઈએ દરિયામાં પ્રકાશ સંશ્લેષણની પ્રક્રિયા થતી નથી. આથી દરિયામાં જ્યાં સૂર્યપ્રકાશ ઉપલબ્ધ છે ત્યાં જીવસૃષ્ટિ અસ્તિત્વ ધરાવે છે. સૂર્યપ્રકાશના લાલ રંગનાં કિરણો સૌપ્રથમ શોષાય છે. ત્યારબાદ પીળો, લીલો અને છેલ્લે જાંબલી રંગનો પ્રકાશ શોષાય છે. લીલો અને લાલ રંગ, એકબીજાને પૂરક છે. આથી દરિયાની સપાટી ઉપર લીલી શેવાળ (આલ્ગી) વિશેષ હોય છે, સૌથી વધુ ઊંડાઈએ બદામી શેવાળ અને જ્યાં સુધી વાદળી પ્રકાશ પહોંચી શકે છે ત્યાં લાલ શેવાળ હોય છે.

વનસ્પતિની જેમ દરિયાની અંદર જુદી જુદી ઊંડાઈએ જુદાં જુદાં લક્ષણો ધરાવતા જીવોના વિભાગો પ્રવર્તે છે. પાણીના ઉપરના સ્તરોમાં વનસ્પતિ સદૃશ દરિયાઈ જીવો જોવા મળે છે. જે દરિયાઈ વનસ્પતિ અને સૂર્યમાંથી ઊર્જા મેળવે છે. આ જીવો મરી જતાં ઊંડે ઊતરતા જાય છે. દરિયાઈ જીવ ઝીંગુને ૩૦૦૦ મીટર ઊંડે જતાં એકાદ અઠવાડિયું લાગે છે. તળિયે પહોંચે તે પહેલાં તે બીજા જીવો વડે ખવાઈ જાય છે, ક્ષય પામે છે અથવા પાણી સાથે ભળી જાય છે. ૨૦૦ મીટરથી વધુ ઊંડાઈએ પ્રાણીઓને સૂર્યમાંથી ઊર્જા મળતી નથી. તેમનું જીવન દરિયાઈ વનસ્પતિ ઉપર નિર્ભર છે. એટલે આવા જીવોને ખોરાક મેળવવા માટે તરવાની કળા વિકસાવવી પડે છે. કેટલાક જીવો સપાટી ઉપર આવી પોતાનો ખોરાક લઈને પાછા નીચે જતા રહે છે. દરિયામાં ૬૦૦ મીટર ઊંડે તો પાણીનું તાપમાન ઘણું નીચું જાય છે અને દબાણ બેસુમાર વધી જાય છે. આ ઊંડાઈએ જુદા જુદા પ્રકારના ૨૦૦૦ જીવો અસ્તિવત્વ ધરાવે છે. ઉત્પાદકો સપાટીનાં પાણીમાં રહેલાં પોષક તત્ત્વો લઈ લે છે. નદીઓ કચરા સાથે આવાં પોષક તત્ત્વો સમુદ્રમાં ઠાલવે છે. તે રીતે પાણીમાં પોષક તત્ત્વો સરભર થતાં રહે છે. આ સાતે સાથે પોષક તત્ત્વો સમુદ્રના તળિયે સ્થિર થવા પ્રયત્ન કરે છે. પોષક તત્ત્વોથી સભર એવાં તળિયાનાં પાણીને ખાસ પદ્ધતિ (અપવેલિંગ - upwelling) દ્વારા સપાટીએ લાવવામાં આવે છે. તે રીતે સમુદ્રનાં પાણીનાં પોષક તત્ત્વોનું સમતુલન જળવાઈ રહે છે.

પારિતંત્રનો બીજો ઘટક છે જંગલો. પૃથ્વીની સપાટીનો લગભગ એક તૃતીયાંશ ભાગ જંગલોથી છવાયેલો છે. જંગલો સૌરશક્તિનો વિપુલ પ્રમાણમાં સંગ્રહ કરે છે. જંગલોમાં વૃક્ષો, છોડવા, ઘાસ, વેલા, લીલ, શેવાળ, ફુગી વગેરેનો સમાવેશ થતો હોય છે. તેમાં માંસાહારી તથા શાકાહારી પ્રાણીઓ, પક્ષીઓ, પેટે ચાલનારાં પ્રાણીઓ તથા સૂક્ષ્મ જીવજંતુઓ વાસ કરે છે. પ્રત્યેક જીવ જંગલના પારિતંત્રનો એક ઘટક છે. અને બીજા બધા ઘટકો સાથે સંકળાયેલો હોય છે. ભાતભાતનાં પ્રાણીઓ તેમની ટેવો મુજબ વનસ્પતિના જુદા જુદા સ્તરોમાં વસવાટ કરે છે. જીવજંતુઓ વનસ્પતિ ખાઈને જીવે છે. જ્યારે આવા જીવજંતુઓને ખાઈ પક્ષીઓ જીવતાં હોય છે. નાનાં પક્ષીઓ અને પ્રાણીઓને ખાઈ બાજ જેવાં મોટાં પક્ષીઓ જીવતાં હોય છે. જંગલોના અમુક વિસ્તારમાં માણસો પણ રહેતા હોય છે. આજે માણસે જંગલોના બુરા હાલ કર્યા છે અને પરિણામે અનેક પ્રશ્નોની પરંપરા સર્જાઈ છે, જે એક સમયે માનવ-અસ્તિત્વને પડકારરૂપ બની રહેશે.

વિષુવવૃતના જંગલોમાં વૃક્ષો રાક્ષસી કદનાં અને જાડા થડનાં હોય છે. આવાં જંગલોમાં માંસાહારી પ્રાણીઓ, વૃક્ષો ઉપર ચઢી શકે તેવા ગિબ્બન અને ગોરિલાઓ, સાપ અને અજગર જેવાં પેટે ચાલનારાં પ્રાણીઓ તથા રંગબેરંગી પક્ષીઓ, પતંગિયાં અને જીવજંતુઓ હોય છે. ઉષ્ણ કટિબંધના પ્રદેશોમાં ઊંચું ઘાસ અને તેમની વચ્ચે વૃક્ષો હોય છે. ચિત્તા, સિંહ, ગેંડા અને ગાય, ભેંસ, ઘેટાં-બકરાં જેવાં પાલતું પ્રાણીઓ માટે આ વિસ્તાર વિહારભૂમિ છે. મોસમી પ્રકારના પ્રદેશોમાં આબોહવા વૈવિધ્યપૂર્ણ હોવાથી વનસ્પતિ અને પ્રાણીઓમાં પણ ભારે વૈવિધ્ય જોવા મળે છે. સમશીતોષ્ણ કટિબંધના પ્રેદશોમાં ટૂંકું ઘાસ થાય છે. આથી આ વિસ્તાર માનવ-ઉપયોગી પ્રાણીઓના ઉછેર માટે અનુકૂળ છે. ઠંડા એટલે કે ધ્રુવ પ્રેદેશોમાં ભેજનો સંગહ કરી શકે તેવાં પાઈન, ફર, સ્પ્રૂસ, મેપલ, બર્ચ અને ઓક જેવાં વૃક્ષો થાય છે. વિવિધ લક્ષણો ધરાવતાં પ્રાણીઓ અહીં જોવા મળે છે.

આ રીતે ભૌગોલિક પરિસ્થિતિ મુજબ વનસ્પતિ જોવા મળે છે અને જે તે વનસ્પતિ સાથે અનુકૂલન સાધી શકાય તેવાં વિવિધ લક્ષણોવાળાં પ્રાણીઓ જીવતાં હોય છે. હરિયાળી વનશ્રી અને વૃક્ષોએ ધરતીને ભરીભાદરી અને સુંદર બનાવી છે. પારિતંત્રના એક ઘટક તરીકે જંગલો હવામાનને આરોગ્યવર્ધક બનાવે છે તથા વન્યજીવનના રહેઠાણની શ્રેણીબદ્ધ સવલતો પૂરી પાડે છે. આથી જંગલો, જીવો અને કુદરત વચ્ચે પરિસ્થિતિજન્ય બફર તરીકે વર્ણવી શકાય. જંગલો વાતાવરણને ભેજવાળું બનાવે છે, મૂશળધાર વરસાદ સામે જમીનનું ધોવાણ અટકાવે છે, ઉદ્યોગોને જરૂરી લાકડું તથા રહેઠાણો માટે ઇમારતી લાકડું પૂરું પાડે છે. જંગલો ખોરાક, ઘાસ અને રેસા પૂરા પાડે છે અને જંગલો ભરપૂર ઔષધી છોડવામાં ધરાવે છે. આ રીતે, જંગલો આપણા ગ્રહ પૃથ્વીના સજીવોનું સુયોજિત, પ્રભાવશાળી અને રમ્ય નિવાસસ્થાન છે. આથી જીવસૃષ્ટિનું અસ્તિત્વ અને સ્વાસ્થ્ય જંગલોના પારિતંત્ર પરત્વેની સમજ અને વિવેકપૂર્ણ ઉપયોગ ઉપર નિર્ભર છે.

પારિતંત્રનો ત્રીજો અને એટલો જ મહત્ત્વનો ઘટક વાતાવરણ છે. વાતાવરણ ૭૮% નાઈટ્રોજન, ૨૧% ઑક્સિજન, ૦.૦૩% કાર્બન ડાયૉક્સાઈડ, ૦.૦૪% ઓઝોન અને અન્ય માનવ ઉપયોગી વાયુઓનું વિસ્તૃત પડ છે. સૂક્ષ્મ જંતુઓ, પક્ષીઓ, ચામાચીડિયાં જેવા જીવોનું તે આશ્રયસ્થાન છે. આ બધા જીવો હવાના માધ્યમ દ્વારા પોતાની પ્રવૃત્તિઓ કરે છે. તદુપરાંત વાતાવરણમાં ફુગ, શેવાળ, પરાગકણો, બૅક્ટેરિઆ અને વિષાણુઓ (વાયરસ) રહેલાં છે.

સ્પોર્સ અને પરાગકણો દૃષ્ટિગોચર થતા નથી, પણ માણસ શ્વાસ લે છે ત્યારે તે બધા શરીરમાં દાખલ થાય છે. પરિણામે માણસને ઉપરાઉપરી છીંકો આવે છે, આંખોમાં ઝળઝળિયાં આવે છે, ચામડી ઉપર ચળ ઊપડે છે અને શરીર ઉપર ઝીણી ઝીણી ફોલ્લીઓ જેવું થાય છે. આ અસરોને એલર્જિ કહે છે. પવનોને આધારે આવાં તત્ત્વો હેરાફેરી કરે છે અને માણસ શ્વાસ લે છે ત્યારે અનિવાર્યપણે હવા મારફતે તે ઝાટકે છે. હવા એ જીવન છે; આથી હવાને દૂષિત કરી જીવનને મોતમાં પલટી શકાય છે.

પારિતંત્રના ઘટકો - સમુદ્ર, જંગલો અને વાતાવરણની આંતરિક સંરચનાના અંશોનું પ્રમાણ એકધારું રહે તો જ પ્રર્યાવરણ સુરક્ષિત રહે.

ન્યૂક્લિક ઍસિડ અને પ્રોટીન જેવા કાર્બનિક પદાર્થો માટે નાઈટ્રોજન આવશ્યક છે. વાતાવરણમાં નાઈટ્રોજનનું પ્રમાણ આશરે ૭૮% છે, અને તે વાયુ સ્વરૂપે પ્રવર્તે છે. વનસ્પતિ અને પ્રાણીઓ વાતાવરણના નાઈટ્રોજનનો સીધેસીધો ઉપયોગ કરી શકતાં નથી. વનસ્પતિ પ્રોટીન તૈયાર કરવા માટે જમીનમાંથી મળતા નાઈટ્રેટ્સ અને ઍમોનિયાના ક્ષારોમાંથી નાઈટ્રોજન મેળવે છે. જે પ્રાણીઓ આ વનસ્પતિ ખાય છે તેમને પ્રોટીન દ્વારા નાઈટ્રોજન મળે છે. જમીનમાં નાઈટ્રેટ્સ અને ઍમોનિયમ ક્ષારોનો જથ્થો મર્યાદિત છે અને તેમાં ઉમેરો ન થાય તો તે થોડાક સમય બાદ ખલાસ થઈ જાય છે. વર્ષાઋતુમાં વીજળીના કડાકા સાથે કેટલીક વખત ઑક્સિજન અને નાઈટ્રોજનનું ઊંચા તાપમાને નાઈટ્રોજન ઑક્સાઈડમાં રૂપાંતર થાય છે, જે પાણી સાથે ભળી જતાં જમીનમાં ઊતરે છે. જમીનમાં તેનું નાઈટ્રેટ્સમાં રૂપાંતર થાય છે, જેનો ઉપયોગ વનસ્પતિ કરે છે. કેટલાક બૅક્ટેરિઆ વાતાવરણમાંથી નાઈટ્રોજનનું નાઈટ્રેટમાં રૂપાંતર કરે છે. કેટલાક બૅક્ટેરિઆ કઠોળના છોડની ગાંઠ ઉપર રહે છે, જે નાઈટ્રેટ બનાવે છે. જે પ્રાણીઓ આવા છોડવા ખાય છે તેમને નાઈટ્રોજન મળી રહે છે. થોડોઘણો નાઈટ્રોજન જમીનમાં જ રહે છે. અને સંવર્ધન પામે છે આહાર-શૃંખલા મારફતે નાઈટ્રોજન છોડવાઓમાંથી પ્રાણીઓમાં અને પ્રાણીઓમાંથી જમીનમાં જાય છે. આ રીતે નાઈટ્રોજન-ચક્ર દરમ્યાન તેની વપરાશ સામે પેદાશ જળવાઈ રહેતાં નાઈટ્રોજનનું પ્રમાણ લગભગ યથાવત્ રહે છે.

તે જ રીતે કાર્બન-ચક્ર, ફૉસ્ફરસ-ચક્ર, સલ્ફર-ચક્ર, દ્રવ્ય-ચક્ર અને પાણી-ચક્રમાં વપરાશ અને પેદાશ સમતુલિત રહે તવું કુદરતે નિર્માણ કર્યું છે. રાસાયણિક ખાતરોનો ઉપયોગ નાઈટ્રોજન-ચક્રને, ઉદ્યોગો અને વાહનોમાંથી નીકળતો ધુમાડો કાર્બન-ચક્રને તથા રાસાયણિક ઉદ્યોગો ફૉસ્ફરસ અને સલ્ફર-ચક્રને હાલમડોલ કરે છે. પરિણામે પર્યાવરણભંગ થાય છે. કાર્બન ડાયૉક્સાઈડમાં ઉષ્મા સંઘરવાની શક્તિ વધુ હોવાથી, પૃથ્વીની આસપાસ તેનું પ્રમાણ વધતાં પૃથ્વીનું તાપમાન વધતું જોવા મળે છે. પૃથ્વીમાંથી ઉત્સર્જિત થતી વિકિરણ-ઉષ્માને કાર્બન ડાયૉક્સાઈડ પકડી રાખે છે, જેથી વાતાવરણ ગરમ થાય છે.

વસ્તીવધારા સાથે જીવનજરૂરી ચીજવસ્તુઓની વપરાશ વધવા લાગી. માણસની એષણાઓ બળતામાં ઘી રેડે છે. આથી માણસ કુદરતી સાધનોના ઉપયોગ પ્રત્યે વિવેક અને તર્ક ચૂકતો જાય છે, જેથી પર્યાવરણ અને તેના પારિતંત્ર સાથે માણસે જાણેઅજાણે ચેડાં શરૂ કર્યાં છે. એટલે જ પર્યાવરણના સંરક્ષણ માટે સુયોજિત અને સુગ્રથિત પ્રયાસો કરવા અનિવાર્ય છે. કુદરતને ખલેલ પહોંચાડવામાં ન આવે તો તે અત્યંત રસપ્રદ અને રમ્ય છે. માનવસર્જિત પ્રશ્નો ન તો કેવળ વિકરાળ ભૂખમરો પેદા કરી શકે છે, પણ તે સમગ્ર માનવજાતનો વિનાશ કરી શકે છે. આવા પ્રશ્નોએ પર્યાવરણવાદીઓની ઊંઘ હરામ કરી દીધી છે. આથી પર્યાવરણના સંરક્ષણ માટે વિશ્વકક્ષાએ કેટલાક કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા છે: (૧) આંતરરાષ્ટ્રિય જીવશાસ્ત્રીય કાર્યક્રમ (International Biological Programme) (૨) માણસ અને જીવધર (Man And Biosphere).

આઈ.બી.પી. સંયુક્ત રાષ્ટ્રોની વિવિધ ડઝનેક સંસ્થાઓના સહયોગ સાથે કાર્ય કરે છે. એમ.એ.બી.ના હાથ ઉપર પણ ચૌદેક યોજનાઓ કાર્યરત છે. ભારતના વિજ્ઞાન અને ટેકનૉલૉજિ વિભાગના ઉપક્રમે એક રાષ્ટ્રિય સમિતિ એમ.એ.બી.ના કાર્યક્રમો સંભાળે છે. □

અજ્ઞાનીઓ હંમેશા બહુમતીમાં હોય છે

— વિનોદ ભટ્ટ —

કાપડની દલાલીના ધંધામાં લક્ષ્મીનંદન ખૂબ ધન કમાયા. સેટેલાઈટ રોડ પર એક રો-હાઉસમાં તે રહેવા ગયા. અઠવાડિયા બાદ આજુબાજુના મોટા માણસો સાથે પરિચય કેળવવા શનિવારની એક સાંજે તેમણે મોટી પાર્ટિ ગોઠવી. પાર્ટિમાં એકઠાં થએલાં લોકોમાં વાતો ચાલતાં રવીન્દ્રનાથ ટાગોરની વાત નીકળી. 'ટાગોરને?' લક્ષ્મીનંદન શેઠની પત્નીએ વચ્ચે ઝંપલાવ્યું : 'ગઈકાલે શહેરમાં કામે ગએલી ત્યારે મેં ટાગોરને બે નંબરના બસ-સ્ટોપ પર ઊભેલા જોયા હતા. એમના ત્રણચાર મિત્રો સાથે તે મણિનગર જતા હતા. 'ભેગા થએલાં લોકો આશ્ચર્યથી એકબીજાની સામે જોવાં લાગ્યાં. કોઈ કશું બોલ્યું નહીં.

મહેમાનો ગયા પછી લક્ષ્મીનંદને ચિડાઈને પત્નીને સંભળાવ્યું: 'તને મેં લાખવાર કહ્યું છે કે જે બાબતમાં જ્ઞાન ના હોય એ વિશે કશું બોલવું ન જોઈએ. ચૂપચાપ બેસી રહી હોત તો તારા કાકાનું શું બગડત! મૂર્ખ નહીં તો! 'પણ એવું તે મેં શું કહ્યું કે તમે મને મૂર્ખ કહો છો?' પત્નીએ જાણવા માંગ્યું. 'મૂર્ખ નહીં તો બીજું શું! આ શહેરમાં તું દસ-દસ વર્ષથી રહે છે છતાં તને એટલીય ખબર નથી કે બે નંબરની બસ મણિનગર નથી જતી?' પતિએ અજ્ઞાની પત્નીને ખખડાવી નાખી.

પણ મને કોઈના અજ્ઞાન પર ખીજ નથી ચડતી; કેમકે આ વિશ્વમાં અજ્ઞાનીઓ હંમેશા બહુમતીમાં હોય છે - સદીઓથી. જ્યોતીન્દ્ર દવે જેવા વિદ્વાન હાસ્યલેખકે પણ અજ્ઞાન વિશે કહ્યું છે કે ત્રાજવાના એક પલ્લામાં વિશ્વભરનું જ્ઞાન મૂકો ને બીજા પલ્લામાં મારું અજ્ઞાન મૂકો તો મારાવાળું પલ્લું ચોક્કસ નમી જશે.

જ્ઞાનના ફાયદાઓની તો જ્ઞાનીઓને ખબર, પણ અજ્ઞાનના કેટલાક ફાયદાઓની મને પાકી જાણ છે. જ્ઞાનીજનોને મેં એકલાઅટૂલા પડી જતા જોયા છે. પ્રિ. એસ. આર. ભટ્ટ જેવા કેટલાય વિદ્વાનોને એકલતામાં ખોવાઈ જતાં મેં દીઠા છે, જ્યારે અજ્ઞાની લોકો ક્યારેય એકલા પડી ગયાની લાગણી અનુભવતા નથી- તેમને સહધર્મીઓની સોબત મળી જ રહે છે. આ પરથી કહી શકાય કે અજ્ઞાન એ ક્યારેય સમસ્યા નથી, પણ આપણે અજ્ઞાની છીએ એ વાતનું જ્ઞાન જ સમસ્યાઓ પેદા કરે છે. આપણે જાણીએ છીએ કે આટલા કરોડ લોકો, આટલી બધી બાબતો વિશે આટલું અલ્પ જાણતા હોય એવું જગતના ઈતિહાસમાં અગાઉ ક્યારેય બન્યું નથી- એવું આપણે દર સો વર્ષના અંતે ખોટા પડ્યા વગર રહી શકીએ તેમ છીએ. મારા દાદાએ કાલિદાસ કે ભવભૂતિનું નામ નહોતું સાંભળ્યું. મેઘદૂત નહોતું વાંચ્યું તો પણ તે આ અજ્ઞાન સાથે ય તંદુરસ્તીપૂર્વક જીવતા હતા. આ અજ્ઞાનને કારણે તેમને કશો ફરક નહોતો પડ્યો.

ખરેખર તો માણસ જે જાણતો નથી એની તેને કદી પીડા થતી નથી, તે જે જાણે છે એ જ તેને માટે પીડાકર નીવડે છે. આ વાત સાબિત કરવા આપણી પાસે ઈડિપસ અને સહદેવનો દાખલો મોજૂદ છે. ઈડિપસ અજાણમાં જ તેના પિતાને મારીને પોતાની માતા સાથે પરણ્યો હતો. જે ક્ષણે તેણે જાણ્યું કે પોતે પિતાનો હત્યારો છે ને સગી માને પરણ્યો છે- પરણી બેઠો છે ત્યારે તેની વેદનાનો પાર નહોતો. સહદેવનો કિસ્સો સહેજ જુદો હતો, પણ હાલત તો એવી જ કષ્ટદાયક હતી. તે ત્રિકાળજ્ઞાની હતો, તેને મહાભારતની વાર્તાના અંતની ખબર હતી, તેમ છતાં તે પોતાના મોટાભાઈ યુધિષ્ઠિરને જુગાર રમતા રોકી શક્યો નહોતો. દ્રૌપદીને યુધિષ્ઠિરે હોડમાં મૂકી ત્યારેય તે બોલી શક્યો નહોતો કે આખેઆખી દ્રૌપદીને જુગારમાં મૂકવાનો, હારવાનો તમને અધિકાર નથી, ૨૦ ટકા દ્રૌપદી મારી પણ છે. અન્ય ભાઈઓની જેમ આવતી કાલની તેને ખબર ના હોત તો તે ઘણો સુખી હોત. જ્ઞાન જ તેને માટે શાપરૂપ હતું. અજ્ઞાનના આશીર્વાદથી તે વંચિત હતો.

અને આમ જોઈએ તો આપણે બધા અજ્ઞાની છીએ. અલબત્ત, માણસે માણસે અજ્ઞાનના વિષયો અલગ અલગ હોય છે. દરેક માણસ તમામ વિષયોમાં ધારે તો પણ જ્ઞાની થઈ શકતો નથી. મહાન સિકંદર (સંભવત: 'મહાન' એ તેની અટક હોવી જોઈએ) આ સિકંદરનો ગુરુ અને પ્રાચીન ગ્રીસનો વિદ્વાન, મહાજ્ઞાની ગણાતો એરિસ્ટોટલ પણ ઘણા બધા વિષયોમાં અગાધ અજ્ઞાન ધરાવતો હતો. તે છાતી ઠોકીને એમ કહેતો કે બ્રહ્માંડનું કેન્દ્ર પૃથ્વી છે અને આ પૃથ્વીની આસપાસ સૂર્ય, ચંદ્ર, ગ્રહો ને તારાઓ ફરે છે. પૃથ્વીના પેટાળમાં પવન ભરવાથી ધરતીકંપ થાય છે. સ્ત્રીઓ કરતાં પુરુષોને વધારે દાંત હોય છે. સૂર્ય ને ચન્દ્ર સુધી તો એરિસ્ટોટલ કદાચ ના પહોંચી શકે, પણ સેમ્પલ સર્વે દ્વારા તે વધારે નહીં તો છેવટે સવાસો-દોઢસો સ્ત્રી-પુરુષોના દાંતની સંખ્યા ગણી શક્યો હોત. રાજાના ફેમિલિ ટીચર હોવા છતાં આ ગુરુ એરિસ્ટોટલે સિકંદરને શું શીખવ્યું હશે? ભગવાન જાણે!

કહે છે કે પહેલી વખત સ્ટીમરને જોઈને નાપોલ્યને ૧૮૦૨માં કહ્યું હતું કે જહાજના ડેકની નીચે ભડકા કરીને તમે જહાજને હવા અને પાણીના પ્રવાહોની સામે ચલાવવા માગો છો? માફ કરો, આવી બંકસ વાતો સાંભળવાનો મારી પાસે સમય નથી.

ન્યૂટન જેવો વિજ્ઞાની પણ કશા આધાર વગર માનતો હતો કે સૂર્યમાં લોકો રહે છે, ગરમ થયા વગર ત્યાં વસે છે. તેની આ માન્યતાને તે જીવનપર્યંત વળગી રહ્યો હતો. આમ છતાં તે જીવતો ત્યારે લોકોમાં એક પ્રખર જ્ઞાની-વિજ્ઞાની હોવાની તેની પ્રતિષ્ઠા હતા. આકસ્મિક રીતે જ તેણે ગુરુત્વાકર્ષણનો નિયમ શોધી કાઢ્યો હતો. તે એક બગીચામાં બેઠો હતો ત્યારે ઝાડ પરથી સફરજન સીધું તેના માથા પર પડ્યું, જેણે તેને જ્ઞાન આપ્યું કે પદાર્થ પૃથ્વીથી આકર્ષાઈને નીચે પડે છે. તે બગીચામાં બેઠો હોવાને કારણે જ ગુરુત્વાકર્ષણનો નિયમ શોધી શક્યો. બાકી તે ક્લાસરૂમમાં બેઠો હોત તો આ નિયમ શોધી શકત નહીં, કેમકે ક્લાસરૂમમાં ફેન જ નીચે પડતા હોય છે. તેની આ શોધથી પ્રભાવિત થઈને એક મહિલાએ તેને અભિનંદન આપ્યાં ત્યારે તે બોલ્યો હતો :'I am only like a child picking up pabbles on the shore of the giant ocean of truth' (હું તો

સત્યના વિશાળ સાગરને કિનારે બેસીને માત્ર કાંકરા વીણતા બાળક જેવો છું) કોઇકને તો આ કથનમાં કદાચ ન્યૂટનની નમ્રતા દેખાશે કે જોયું, આટલો મોટો વિજ્ઞાની હોવા છતાં પોતાને એક બાળક જ ગણે છે! પણ ઘણી બાબતોમાં તે સાવ બાળક જેવો નિર્દોષ-અજ્ઞાની હતો. તેણે બે બિલાડીઓ પાળી હતી. બન્ને બિલ્લીઓને જીવનમાં સુગમતા રહે એ માટે તેણે પોતાના સુથારને સૂચના આપી કે બારણામાં ે મોટું ને એક નાનું એવાં બે કાણાં પાડ જેથી મોટા કાણામાંથી મોટાં ને નાનામાંથી નાની બિલ્લી જઈ શકે (જો કે ન્યૂટનની બિલ્લીઓ તેના જેવી જ હોત તો તેમ કરત) સુથારે એક મોટું બાકોરું પાડ્યું જેથી તેમાંથી મોટી ને નાની બન્ને બિલાડીઓ અંદર-બહાર આવી-જઈ શકે. ત્યારથી કોઈ માણસ અક્કલ વગરની વાત કરે છે ત્યારે તેણે ન્યૂટનવેડા કર્યા એમ કહેવામાં આવે છે.

બહુ દૂર ના જવું હોય તો આપણા મહાત્મા ગાંધીજીનો દાખલો લો. ચાર્લી ચેપ્લિન કોણ છે એની તેમને ખબર નહોતી. ગોળમેજી પરિષદમાં બ્રિટન ગયા ત્યારે ચાર્લી વિશે જાણ્યું. એ જ રીતે સરદાર વલ્લભભાઈ પટેલને સ્વામી વિવેકાનંદ વિશે માહિતી નહોતી. ને રાજીવ ગાંધી ભારતના વડાપ્રધાન હતા ત્યારે તેમને વિભીષણ કયા પદાર્થનું નામ છે એની જાણકારી નહોતી. જો કે ભારતનું રાજ ચલાવવામાં વિભીષણ કોઈ રીતે મદદરૂપ થઈ શકે તેમ નથી એટલે એના વિશેના જ્ઞાન વગર પણ સારી રીતે રાજ ચલાવી શકાય. એમ તો સમગ્ર ગુજરાતીને દુનિયાના સમાચારની વહેલી સવારે ખબર આપનારા એક અખબારના માલિકને મન રાજગોપાલાચારી અને રાજાજી બન્ને અલગ અલગ માણસો હતા, બન્નેને એક સાથે મરતાં એક જ ચીતામાં સૂતેલા જોયા પછી જ પોતાની માન્યતા બદલવા તે તૈયાર થયા હતા. અમેરિકન સ્વરનિયોજક આરૂન કોપ્લાન્ડે પોતાના જીવનનો એક કિસ્સો નોંધ્યો છે. તે પુસ્તકોની એક દુકાનમાં ગયો. એક સ્ત્રીએ તેનું લખેલું પુસ્તક 'What to Listen for in Music' ખરીદ્યું. સાથે સાથે તેણે શેકસ્પીઅરનાં નાટકોનું એક પુસ્તક પણ લીધું. બન્ને પુસ્તકો ખરીદીને તે સ્ત્રી દુકાનની બહાર નીકળી રહી હતી ત્યારે મ્યૂઝિક-ડાયરેક્ટર કોપ્લાન્ડે તેને રોકીને પૂછ્યું:'મારી લખેલી ચોપડીમાં હું ઑટોગ્રાફ કરી આપું તો તમને ગમશે?' પેલી સ્ત્રીએ બન્ને ચોપડીઓ કોપ્લાન્ડ સામે ધરતાં પૂછ્યું: 'Which One?' (બેમાંથી કઈ?)

જેમાં આ લેખ છપાયો છે તે 'કુમાર'ના આદ્યતંત્રી બચુભાઈ રાવતને કસાટા એ આઈસ્ક્રીમનું નામ છે એની જાણ નહોતી.

અને મારી જ વાત કરું તો જ્યોતીન્દ્ર દવેનો ફાંકો ઉતારી નાખું એટલું બધું અજ્ઞાન હું ધરાવું છું. આગળ જણાવ્યું છે એ પ્રમાણે વિશ્વના જ્ઞાનના સામે છેડે તેમના અજ્ઞાનવાળું પલ્લું નમી પડે, પણ એ પલ્લામાં તેમના અજ્ઞાનને બદલે મારું અજ્ઞાન ખડકવામાં આવે તો ઊંચું આવે જ નહીં. જ્યોતીન્દ્ર જાણતા હશે એવા ઢગલાબંધ વિષયો પરત્વે હું અસાધરણ અજ્ઞાન ધરાવું છું. કેસ્કોગ્રાફની શોધ કોણે કરી એટલું જ નહીં, પણ એ શોધ શા માટે કરી એની મને ખબર નથી. રાતા રંગની વિરુદ્ધનો રંગ કયો છે? એક્સ-રેની શોધ કોણે કરી? યુ.એન.ઓ.નો પ્રથમ મહામંત્રી કોણ હતો? કે જહાંગીરે જે સોનાનો ન્યાયનો ઘંટ બાંધ્યો હતો તેનું સાંકળ સાથે કેટલા કિલો વજન થતું હતું?- જેવા હજારો પ્રશ્નના ઉત્તર મને આવડતા નથી. મારા જનરલ નૉલેજ (વ્યાપક જ્ઞાન) કરતાં મારું જનરલ ઇગ્નોરન્સ (વ્યાપક અજ્ઞાન) અગાધ છે, મર્યાદાહીન છે, અકલ્પ્ય છે... પણ એની મને લેશમાત્ર શરમ નથી.

મારું એવું દૃઢપણે માનવું છે કે ઈશ્વર જ એવું ઇચ્છી રહ્યો છે કે આપણે અજ્ઞાની રહીએ. તેણે જ તો આદમ અને ઈવને ફ્રૂટ ઓફ નૉલેજ- જ્ઞાનનું ફળ- નહીં ખાવાની તાકીદ કરી હતી. આદમ પણ ઈવને એવી કડક સૂચના આપીને બહાર ગયો કે જ્ઞાનનું ફળ ચાખવાય કોશિશ કરતી નહિ, પણ આદમની પૂંઠ ફરી ને શેતાને આવી ઈવને ફોસલાવીને જ્ઞાનનું ફળ ખવડાવી દીધું. સ્ત્રી તો એ જમાનાથી પુરુષના કહ્યામાં નથી. આદમે ઈવને મનાઈ ફરમાવી ન હોત તો શક્ય છે તેણે શેતાનનું કહેવું માની જ્ઞાનનું ફળ ન ખાધું હોત. પણ પરિણામે આપણે બધાં સ્વર્ગ-સુખ પામવાને બદલે મૃત્યુલોકમાં આવી ગયાં. જ્ઞાનના ફળની આકરી કિંમત ચૂકવવી પડી. વિલિયમ રાલ્ફનું કથન છે કે જ્ઞાનનું ફળ માણસને એક યા બીજા સ્વર્ગમાંથી હાંકી કાઢે છે. જોકે મૂર્ખાઓનું સ્વર્ગ પણ દુઃખદાયક નથી હોતું, એક વાર એની ટેવ પડી જવી જોઈએ.

ઈશ્વરે ધાર્યું હોત તો જ્ઞાનનું ફળ ખાતી ઈવને કોઈ ને કોઈ બહાને રોકી શક્યો હોત. પણ એની જ મૂળ ઇચ્છા ઓછી, આપણને જ્ઞાની બનાવવાની. ઈશ્વરે આપણા મગજની રચના જ એવી કરી છે કે આપણે મગજનો માત્ર સાત ટકા જેટલો જ ઉપયોગ કરી શકીએ છીએ. આની પાછળની ઈશ્વરની દાનત આપણે જાણી લેવી જોઈએ. અને-

એટલે જ આપણી પાસે જે કંઈ અજ્ઞાન છે તેનું જતન કરવું, એનાથી રાજી થવું. જ્ઞાન માણસને ચૂપ રહેતાં શીખવે છે, અજ્ઞાન બોલતાં શીખવે છે. કહેવાય છે કે અજ્ઞાનપણાનું પણ એક સારું લક્ષણ છે. જો તે ન હોય તો નજીવો વાર્તાલાપ પણ માંડ માંડ થઈ શકે. જ્ઞાનની જેમ અજ્ઞાન પણ સ્વયપ્રકાશિત છે, તેનો પરિચય કરાવવાની જરૂર નથી પડતી. તે સ્વાવલંબી અને સ્વાયત્ત છે, પોતાની મેળે જ ઓળખાઈ જાય છે.

અને બીજું, જ્ઞાનીઓ જોખી-તોલીને, સામેની વ્યક્તિને પ્રભાવિત કરવા મથતા હોય છે, જ્યારે અજ્ઞાનીએ આવા કોઈ મિથ્યા પ્રયાસો કરવાની જરૂર પડતી નથી. તમે એ પણ નોંધ્યું હશે કે જ્ઞાની હોવા છતાં અજ્ઞાન દેખાવું લેશમાત્ર અઘરું નથી- બોલતાં વેંત જ જણાઈ આવે છે. કોઈ માણસ ધારે તો પોતાનું જ્ઞાન છુપાવી શકે, અજ્ઞાન છુપાવવું અત્યંત મુશ્કેલ છે. એક જ્ઞાનીએ તો ત્યાં સુધી કહ્યું છે કે અજ્ઞાન છુપાવવું એ તો જ્ઞાન મેળવવા કરતાં ય વધારે કઠીન છે.

ઈશ્વરે એવાં ઘણાં રહસ્યો પોતાની પાસે અકબંધ રાખ્યાં છે. તેને ગ્રેટેસ્ટ એસ્ટ્રોલોજર કહેવામાં આવે છે. આપણને તો શું, જ્યોતિષીઓને પણ ખબર પડવા દેતો નથી કે આવતી કાલે શું થવાનું છે! પોતાનાં પરિવાર કરતાંય વધુ સમય મંગળ, શનિ ને રાહુ જેવા ગ્રહો સાથે ગાળનાર જ્યોતિષીઓનેય તે અંધારામાં રાખે છે. તેની કૃપાને કારણે જ આપણે એકબીજાનું મન, એકબજાના વિચારો જાણી શકતા નથી- જો જાણી જઈએ તો આપણે જેને દિલોજાનથી ચાહતા હોઈએ એવી વ્યક્તિઓ આપણા માટે કેવો હલકો અભિપ્રાય ધરાવે છે એનું જ્ઞાન જ આપણું જીવન ઝેર જેવું કરી નાખે ! આવું બધું જ્ઞાન નહિ આપીને પરમેશ્વરે આપણા પર કેટલી મોટી મહેરબાની કરી છે! □

સભાશિસ્તનું એક સંસ્મરણ

ચંદ્રવદન ચી. મહેતા

'..યે હિન્દ મેરા આઝાદ રહે, મેરી માતા કે સર પર તાજ રહે'

મીઠો અવાજ, સદાય હસમુખો ચહેરો, લોકપ્રિય વ્યક્તિત્વના ધની માસ્ટર વસંતે ગાએલી આ લીટીઓ અર્ધી સદી પહેલાંના કાળમાં શ્રોતાઓનાં માથાં ડોલાવતી. એ જમાનામાં ગ્રામોફોન ધરાવતાં ભાગ્યે જ કોઈ એવાં ઘર હશે જ્યાં 'મારું વતન આ મારું વતન' તથા આ ગીતની રેકોર્ડ ન હોય. સ્વાતંત્ર્ય અને દેશપ્રેમનાં એ વર્ષોનાં ગીતોમાં માસ્ટર વસંતનાં ગીતો અત્યંત લોકપ્રિય હતાં.

એક વાર સૂરતમાં તાપી કાંઠે બાગમાં અમારા મિત્ર(સ્વ.) ગની દહીંવાળાનના એક મુશાયરામાં આગલી હરોળની બેઠકોમાં નાકાની એક ખુરશી પર ઉપસ્થિત. મોજીલી, ટીખળી અને તોફાની જુવાનિયાઓની એક ટોળકી પણ માસ્ટર-વસંતનું નામ સાંભળી ત્યાં ચઢી આવેલી. જોયે તો એ માસ્ટર વસંતને ક્યાંથી ઓળખે? પણ એમનું આ ગીત ગાવા વારંવાર ફરમાએશ કરી સભામાં ખલેલ કર્યા કરતી હતી. ગનીભાઈ મારી બાજુમાં બેઠેલા. એ કહે, 'આ ટોળકીને શી રીતે શાંત કરાય? માસ્ટર વસંતને ક્યારના ઊંચકીને અહીં લાવી બેસાડ્યા છે, પણ એમનાથી તો ઊભા પણ થવાશે નહિ કે ગવાશે પણ નહિ, 'અને આ તોફાની ટોળકી વારંવાર સભામાં ડખલ કર્યા કરે છે. શું કરવું?'

નસીબજોગે માસ્ટર વસંતની જ એક ચિઠ્ઠી આવી. લખેલું કે, હવે મારાથી બહુવાર બેસી શકાશે નહિ, તો મને જવાની રજા આપો. મને ઊંચકીને લઈ જવા માટે બે સ્વંયસેવકો હાજર છે. આ વાંચી ગનીભાઈએ મને કહ્યું કે હવે તો તમે જ બીડું ઝડપો અને કંઈક રસ્તો કાઢો. ટાંકણે જ એક ભાઈની શાયરી પૂરી થઈ. ખાસ્સો દોઢેક કલાક તો થયો જ હતો એટલે થોડો વિરામ પાડવા નક્કી કર્યું. પ્રમુખસાહેબની રજા લઈ હું માઈક્રોફોન આગળ ગયો, અને અમેરિકામાં ન્યૂ યૉર્કના મારા એક અનુભવની વાત કરી ત્યાંની શિસ્ત-ડિસિપ્લિન તથા ભારતમાં તેના અભાવની ફરિયાદ કરી, ત્યાં બનેલો એક કિસ્સો સંભળાવ્યો.

મશહૂર સિને-તારિકા ઈન્ગ્રિડ બર્ગમાન અમેરિકાની મહેમાન બનીને આવેલી. સિનેજગતનો વિખ્યાત ઓસ્કાર એવૉર્ડ સ્વીકારવા અમેરિકએ તેને નોતરું આપેલું. ડેનમાર્કમાં એલ્સિનોર કેસલમાં એક વાર અમારી મુલાકાત થએલી. અહીં એક અંગ્રેજ નાટકમંડળી ગિલગુડની રાહબરીમાં દર સાલ નાટક રજૂ કરે. અહીં એ 'હેમલેટ' જોવા આવેલી. વાતચીતમાં એણે મારી પાસે પોતાની એક મુશ્કેલી દૂર કરવા અંગે સલાહ માંગી. ભારતમાં એની એક ફિલ્મ પરદેશ મોકલવાની રજા મળતી નહોતી. વિજયાલક્ષ્મી પંડિત ત્યારે લંડનમાં હાઈ કમિશનર. એમને મળીને પંડિત જવાહરલાલ પર દબાણ લાવે તો કામ થઈ જાય એવી મેં એને સલાહ આપી. અને એ રીતે એનું કામ પાર પણ પડી ગયું. ત્યારથી અમારો બેનો પરિચય ગાઢ બન્યો.. પારીસમાં પોતાના વિશાળ ઘેર એણે મને નિમંત્ર્યો હતો અને અસ્કાર એવૉર્ડ સ્વીકારવા એ અમેરિકા જાય ત્યારે હું પણ ત્યાં હોઉં એવો પ્રોગ્રામ પણ ગોઠવાયો હતો.

એ જ અરસામાં એના બીજવર ઈટાલિયન શેસાલી સાથે એના છૂટાછેડાનો ચુકાદો આવેલો, અને એ ત્રીજા લગ્નની તૈયારી કરતી હતી. ન્યૂ યૉર્કના છાપાંવાળાઓએ આ અંગે ઠીકઠીક ટીકાઓ કરવા માંડી હતી, ત્યારે એ માટે અમેરિકન નાટકમંડળીઓના પ્રમુખ મિસ રોઝામન્ડ ગિલ્ડરે છાપાંમાં એનો બચાવ કરતાં માત્ર એટલું જ કહેલું કે, ઈન્ગ્રિડ બર્ગમાન આપણા દેશની મહેમાન છે એ વખતે આવી અંગત બાબતોને આગળ ધરવાની જરાય જરૂર નથી, અને આપણને એ શોભતું પણ નથી. અને એ પ્રજા શાંત થઈ ગઈ.

તે જ રાતે અમે બંને ન્યૂ યૉર્કની એક નાટકશાળામાં હાજર. નાટકનો અંક પૂરો થતાં સુધીમાં તો પ્રેક્ષકોમાં ગુસપુસ સંદેશો ફરી વળ્યો કે ઈન્ગ્રિડ અહીં પ્રેક્ષકોમાં હાજર છે એટલે નાટક પૂરું થયે એ જવા માટે ઊભી થાય ત્યારે સૌએ એને તાળીઓથી નવાજવી અને એ હૉલની બહાર નીકળે પછી જ પ્રેક્ષકોએ પોતાનું સ્થાન છોડવું.

નાટક પૂરું થયું. કર્ટન કૉલ પૂરા થયા. છેલ્લો પર્દો પણ પડી ગયો. પણ એક પણ પ્રેક્ષક પોતાની બેઠક પરથી ઊભો થયો નહિ. મને સંદેશો મળેલો કે મારે ઈન્ગ્રિડને આ વ્યવસ્થાની જાણ કરવી, એટલે મેં એને કહ્યું કે તમે બહાર નહિ જાઓ ત્યાં સુધી કોઈ પોતાની બેઠક છોડશે નહિ. એ ઊભી થઈ ને સમગ્ર હૉલ એના માનમાં તાળીઓથી ગાજી ઊઠ્યો. મેનેજર આવ્યા અને માનપૂર્વક અમને દ્વાર તરફ દોરી ગયા. અન્ય સૌ પ્રેક્ષકોએ પોતપોતાને સ્થાને ટકી રહી ઈન્ગ્રિડને માનભરી વિદાય આપી.

આ પ્રસંગ વર્ણવી મેં કહ્યું, આ શિસ્ત, આ ડિસિપ્લિન, આ થીએટરની સભ્યતા કહેવાય. માસ્ટર વસંત અહીં હાજર છે. લકવાને કારણે એ અપાહિજ છે, ચાલી શકતા નથી. વળી,, અત્યારે એ થાકી પણ ગયા છે. તમારે એમનું ગીત સાંભળવું જ હોય તો પાછળથી સંભળાવીશું, પણ અત્યારે તો સ્વંયસેવકો એમને ઊંચકીને બહાર લઈ જાય ત્યાં સુધી કોઈએ હોહા કરવી નહિ, અને શાંત રહીને એમને ઘટતું માન આપી પોતાની જગ્યા છોડવી નહિ.

ગજબની અસર થઈ. માસ્ટર વસંતને બહાર લઈ ગયા ત્યાં સુધી તાળીઓના ગડગડાટથી સૌ એમને માન આપતાં રહ્યાં. માસ્ટર વસંતે પણ સૌને નમસ્કાર કરતા જઈ એ માનનો સ્વીકાર કર્યો. એમને આમ માનથી વિદાય આપ્યા પછી અમે કાર્યક્રમ આગળ ચલાવ્યો. સૂરતના સભાજનોએ તે દિવસે દાખવેલી શિસ્ત વિષે ભારે માન ઊપજેલું. □

ઈશાવાસ્ય ઉપનિષદ

મંત્ર ૧૫, ૧૬

હિરણ્યયેન પાત્રેણ સત્યસ્યાપિહિતં મુખમ્ ।...
તત્વં પૂષન્ન:પાવૃણુ સત્યધર્માય દ્રષ્ટયે ॥ ૧૫ ॥...
પૂષન્નેકર્ષે યમ સૂર્ય પ્રાજાપત્ય વ્યૂહ રશ્મીન સમૂહ ।
તેજો યત્તે રૂપં કલ્યાણતમં તત્તે પશ્યામિ
યોઽસાવસૌ પુરુષ: સોઽમસ્મિ ॥ ૧૬ ॥

હિરણ્મયેન પાત્રેણ- સુવર્ણમય પાત્રદ્વારા; સત્યસ્ય- બ્રહ્મનું, ઈશ્વરનું; અપિહિતમ્- આવૃત, આચ્છાદિત; મુખમ્- મોઢું, (સ્વરૂપ); તત્-તે; ત્વમ્-તું; પૂષન્- પોષક, (પરમાત્મા, ઈશ્વર, ગુરુ); અપાવૃણુ- ઉઘાડ, આચ્છાદન દૂર કર; સત્યધર્માય- સત્ય એજ જેનો ધર્મ છે તેના માટે; દ્રષ્ટયે- દર્શનાર્થે, સાક્ષાત્કાર કરવા માટે.

હિરણ્યગર્ભ સમષ્ટિરૂપ શાશ્વત પાત્ર દ્વારા પરમ સત્ય (બ્રહ્મ)નું સ્વરૂપ ઢંકાયેલું છે : તે તું, હે પ્રભો, સર્વને સ્ફૂર્તિ આપનાર પરમાત્મા, સત્યધર્માના સાક્ષાત્કાર માટે હઠાવી લે, દૂર કર. ૧૫.

પૂષન્- પરમાત્મા, ઈશ્વર, ગુરુ : એકર્ષે- એક ઈશ્વર, બ્રહ્મ; ઋષિ- દ્રષ્ટા, કવિ, સર્વજ્ઞ; યમ-નિયંતા શાસક; સૂર્ય- પ્રકાશક, (પરમાત્મા); પ્રાજાપત્ય- પ્રજાપતિનંદન; ઈશ; વ્યૂહરશ્મીન્- વ્યૂહ(સમષ્ટિ) રૂપ કિરણો (આવરણ) ; સમૂહ- સંકેલી લે, તેજ-તેજ, યત્- જે તે-તારું; કલ્યાણતમ્- ઉત્તમ મંગલકારી; રૂપમ્- રૂપ; તત્-તે; પશ્યામિ-હું જોઉં, ય- જે; અસૌ- તે, અસૌ-તે; પુરુષ:-પુરુષ, પરમ તત્ત્વ; સ:-તે; અહમ્- હું, અસ્મિ- છું.

હે પરમેશ્વર, સર્વજ્ઞ, સર્વના શાસક, પ્રકાશક ઈશ, સંકેલી લો આપનાં ગોચર સમષ્ટિરૂપ કિરણોને, જેથી તમારું મંગલકારી તેજ તે હું નિહાળું. તે હું છું, હું તે જ છું.

હેમના પાત્રથી ઢંક્યું સત્યનું મુખ હે પૂષન્,
ખોલો તે, સત્યર્માને જેનાથી શક્ય દર્શન.
સંકેલી લે રશ્મિને સૂર્ય હે, યમ,
પૂષન્, પ્રાજાપત્ય, એકર્ષિ હે! તું. તે રૂપ ન્યાળું તવ દિવ્ય, સુંદર,
તે જે પરાત્પર પુરુષ તે હું જ છું. ૧૬

રાજેન્દ્ર શાહ

લઘુકથા

અડધી ઊંઘમાં

મૂ.લે. બનફૂલ **અનુ. કલ્પના વોરા**

હું રિક્ષામાં બેઠો હતો. રસ્તો દુર્ગમ હતો. કાદવવાળું પાણી હતું. રસ્તામાં વચ્ચેવચ્ચે ખાડા હતા. રિક્ષાવાળો રોગિષ્ટ હતો. મારો ઘેરાવો ઘણો છે. વળી, મારી ગોદમાં મારો પૌત્ર બેઠો હતો. રિક્ષાવાળાનું શર્ટ ફાટેલું હતું. પરંતુ એ શોખીન દેખાતો હતો. એણે સરસ મજાની પ્લાસ્ટિકની માળા પહેરી હતી. મારો પૌત્ર લોભી નજરે એ માળા તરફ જોતો હતો.

એ એકવાર મારા કાન પાસે મોઢું લાવીને બોલ્યો : 'મને આવી જ એક માળા ખરીદી આપોને.'

મેં રિક્ષાવાળાને પૂછ્યું : 'આ માળા ક્યાંથી ખરીદી ?'

'એક વર્ષ પહેલાં ચાંદની ચોકથી મારા પૌત્ર માટે ખરીદી હતી. હું જાણું છું ત્યાં સુધી આવી માળા હવે મળતી નથી.'

'જો એ માળા તેં તારા પૌત્ર માટે ખરીદી છે તો પછી તેં શા માટે પહેરી છે ?'

રિક્ષાવાળો એક ક્ષણ તો ચૂપ રહ્યો. પછી બોલ્યો : 'મારો પૌત્ર મૃત્યુ પામ્યો છે.'

મારા પૌત્રે ફરીથી જીદ પકડી: 'દાદા, મને આવી જ માળા ખરીદી આપોને.'

'આજે નહીં. ફરીથી કોઈવાર ખરીદી આપીશ. આજે જલદી ઘેર પહોંચી જઈએ. વરસાદ આવે છે.'

ઘેર પહોંચી રિક્ષાવાળાને ભાડું ચૂકવ્યું. અચાનક એણે ગળામાંથી માળા કાઢતા કહ્યું: 'દીકરા, આ માળા તું રાખી લે.'

મેં કહ્યું: 'ના, ના ; એ શા માટે ? એ માળા ન લેવાય.'

કેમ ન લેવાય ?'

હું ચૂપ રહ્યો.


એ બોલ્યો: 'હું ગરીબ જરૂર છું પણ તેથી કંઈ ઉદાર ન થઇ શકું?'


તરત જ મારી ઊંઘ ઊડી ગઈ.

હું સ્વપ્ન જોતો હતો. □

અંકો ન મળવા બાબત

'કુમાર' દર માસની ૧૫મીએ, કોઈ આકસ્મિક કારણ ન નડે તો, નિયમિત પ્રકટ થાય છે. પૂરી ચકાસણી બાદ તે જ દિવસે બધા અંકો રવાના થાય છે. પરંતુ ટપાલવ્યવસ્થામાં તેને મળતા વિલંબ થયાનું અનુભવાયું છે. આથી જે તે માસની આખર તારીખ સુધીમાં આપનો અંક ન મળે તો આપના વિભાગની ટપાલ કચેરીએ તપાસ કર્યા પછી કાર્યાલયને તેની જાણ કરવી જો અંક સિલકમાં હશે તો તેની બીજી નકલ વિનામૂલ્યે મોકલાશે, પરંતુ હાલની સ્થિતિને ખ્યાલમાં રાખી રૂ. ૨.૦૦ ટપાલ ખર્ચ લેવાનું ઠરાવ્યું છે, જે આપ સહ્ય ગણશો તેવી શ્રદ્ધા છે. તો ન મળેલો અંક મગાવવા માટે રૂ. ૨.૦૦ ની ટપાલ ટિકિટ મોકલી આપવા વિનંતી છે.






હોકુસાઈએ જે મબલખ ચિત્રસર્જન કરેલું તેમાં ફુજીયામાને ચિત્રાંકિત કરતાં સેંકડો ચિત્રો કરેલાં એમાંનાં ચૂંટેલાં સો ચિત્રોને જે સંપુટ એણે કરેલો તેમાંની ત્રણ કૃતિઓ આ સાથે આપી છે. આમાંની એકમાં એણે સમુદ્રના મોજાને જે ગતિશીલ પ્રભાવકતાથી આલેખ્યું છે તેમાં તેના રેખાસામર્થ્ય તથા ચિત્રસંયોજનાની સૂઝ જોઈ શકાય છે. ફુજીનાં અહીં આપેલાં ત્રણે ચિત્રો અસલ તો સામસામાં પાનાંઓ પર બે ભાગમાં છપાએલાં છે, પણ તેનો પ્રત્યેક અર્ધ ભાગ પણ એક પૂર્ણ ચિત્ર સમો લાગે છે. સાથેના ચોથા ચિત્રમાં ફુજીયામાનું દર્શન કરતા પોતાને થતા અત્યાનંદની અનુભૂતિ વ્યક્ત કરવાનો હોકુસાઈએ સફળ પ્રયાસ કર્યો છે.

કલાવાર્તા

હોકુસાઈનું ફુજીદર્શન હોકુસાઈની કલાસિદ્ધિ પાછળની એની જીવનભરની સાધનાનું જે બળ છે તે થકી જ આજ ૧૪૦ વર્ષ પછી પે જાપાનના એક મહાન કલાકાર તરીકે તેની પ્રતિષ્ઠા છે. પોતાના એક ચિત્રસંપુટ 'ફુજીનાં સો દશ્યચિત્રો' રજૂ કરતાં એણે કહેલું : 'પાંચ વર્ષની વયથી જ ચીતરવાનું આરંભી લગભગ અર્ધી સદી સુધી મેં ચિત્રો પ્રકટ કર્યા કર્યાં. પણ હું ૭૦ની વયે નહિ ત્યાં સુધી તેનું ખાસ કંઈ મૂલ્ય ન હતું. ૭૩ની વયે હું પક્ષી, પ્રાણી, જંતુઓ અને વૃક્ષો કેમ ચીતરવાં એ શીખ્યો છું, એટલે ૮૦ની વય સુધી તો મારી કળા વિકસતી જ રહેશે, અને ૯૦ની વયે હું કલાનો ખરો મર્મ પામવા સુધી પહોંચીશ. ૧૦૦ની વયે મારાં ચિત્રો ઈશ્વરસર્જિત આશ્ચર્યો સમાં બનશે અને ૧૨૦ની વયે તેમાંનો પ્રત્યેક મુદ્દો તથા સ્પર્શ સ્વયં જીવન બની રહેશે. વયોવૃદ્ધ સજ્જનો જોશે કે મારું આ કથન પોકળ નથી. અને ૧૮૫૦માં ૯૦ની વયે હોકુસાઈનું અવસાન થયું ત્યારે પે એના કલાસર્જનમાં એના શબ્દોની સચ્ચાઈ પૂરવાર થતી હતી.





જાપાનના કોઈ એક ગ્રામવિસ્તારમાં પુલવાળા માર્ગ પરથી દૂર દેખાતા ફુજીયામાના પવિત્ર શિખરનું એક દશ્ય. માત્ર ગણતરીની જ વિગતો આપી હોકુસાઈએ તેમાં ગ્રામપ્રદેશની લાક્ષણિકતાઓ રજૂ કરવા સાથે ફુજીયામાના શિખરને જે ગૌરવભર્યા સ્થાને દર્શાવ્યું છે તેમાં તેના ચિત્રસંયોજનની ખરી ખૂબી છે.

નાગ
પરંપરા અને પ્રતીક

કનુભાઈ જાની

શેષની વાત આરંભતાં રા. વિ. પાઠક, 'શેષ'ની જ એક પંક્તિ યાદ આવે છે: 'ન પ્રેમ ને પાણી સમું બીજું જગે'.

જગતમાં એ બે જ તત્ત્વો કવિને મન મહત્ત્વનાં! આમાંય એક તો મનોભાવ; એટલે પૃથ્વીતત્ત્વ તો એક જ સૌથી વધુ મહત્ત્વનું રહ્યું! જેને આપણે 'જળ' (ને એ પરથી 'જડ'!) કહીએ છીએ એને જ આપણે, પાછા, જીવન નામ આપ્યું છે! જગત, આમ, 'રસ'ભર્યું છે. અમૃત, જલ, શાકભાજી-ફળફલાદિ વનસ્પતિનો રસ, દૂધ અને રક્ત એ પાંચેય પ્રકારાન્તરે 'રસ' જ છે. આ 'રસ'નો અધિપતિ (આપણી પરંપરાનુસાર) છે ચન્દ્ર. એને કારણે નદીઓ વહે છે, સાગરો ઘૂઘવે છે.

જગતની ઉત્પત્તિ-લયની દંતકથાઓમાં એક પ્રકારનું ઠંડું તાટસ્થ્ય છે; પણ જનકલ્પનાએ જીવનનું રક્ષણપોષણ કરતાં તત્ત્વોની જે શ્રદ્ધાકથાઓ કરી છે તે રસપ્રદ છે, એટલી જ ધ્વન્યાત્મક પણ છે: ધરતીનાં પડોને રક્ષે છે યક્ષ; વૃક્ષ-વનરાજીને વનદેવતાઓ; દિશાઓ અને પૃથ્વીનો ભાર બંન્ને વહનાર પાંખાળા હાથીઓ (એ ય કહેવાય 'નાગ'; અને જળાશયોનાં રક્ષકો નાગ-નાગણી (પાતાલવાસીઓ). આ રસરૂપ જલવિશ્વના અધિષ્ઠાતા (ને, પરિણામે, વિશ્વસમસ્તાના) છે વિષ્ણુ. એ સર્વ સૌન્દર્ય, સર્વ શ્રી, સર્વ લક્ષ્મીના અધિપતિ. એ છે શેષ-શાયી. અનન્ત સાગરમાંના શેષનાગના ગૂંચળાની પથારી કરી પોતે પોઢેલા છે, ડૂંટીમાંથી કમળ નીકળ્યું છે ને એમાં બ્રહ્મા પ્રકટ્યા છે, લક્ષ્મીજી પોતે પગ તળાંસે છે. આનાં ચિત્રો-શિલ્પો ભારતભરમાં છે. એ પાણી પણ પોતે છે, એ જે શેષ-શક્તિ પર પોઢ્યા છે એ સુષુમ શક્તિ પણ 'વિષ્ણુમાયેતિ શબ્દિતા'; પેલું કમળ પણ સૃષ્ટિસમસ્તના ઉત્પત્તિસ્થાનરૂપ યોનિ, લક્ષ્મીજીનું જ રૂપ; ઉપરાન્ત પાછાં શ્રી તો સદાસન્મુખે હાજરાહજૂર!

આ રસવિશ્વની જાણે કે ધારક-વાહક શક્તિરૂપે, શેષશાયીના આ પુરાકલ્પન (મિથ)માં 'શેષ' છે, નાગ છે. વિષ્ણુના ખભા ને મસ્તકને રક્ષે છે એ નાગની નવ ફેણ- એ નાગ બહુમુખી છે, અનન્ત છે, ને પાછો 'શેષ' પણ છે! પૃથ્વી-આકાશાદિ સહિત જે જગત સર્જાયું પછી જે શેષ(બાકી) રહી ગયું તે! વળી જગતનું ધારક પણ જળ, ને એના દેવતા (લોકકલ્પના મુજબ) નાગ. માનવરૂપે એ શિલ્પ-ચિત્ર-કથા-કવિતામાં, 'નાગદમન'માં છે તેમ, આવે પણ ખરા. લોકકલ્પના- મુજબ એ માનવોત્તરો છે, પાતાલવાસીઓ છે. (ત્યાં એમના ભવ્ય મહાલયો, રત્નખચિત ભંડારો, રૂપરૂપના અંબાર જેવી નાગકન્યાઓ, ચમત્કારિક વસ્તુઓ - બધું હોય!) એ નિધિરક્ષકો તો ખરા જ પણ બૌદ્ધ-હિન્દુ મંદિરોને પગથિયે કે પ્રવેશદ્વારે દ્વારપાલ તરીકે સ્થાપાએલા પણ જોવા મળે. ત્યાં એ ભક્તિમુદ્રામાં હોય. બૌદ્ધ ધર્મે પણ હિન્દુ ધર્મની આ નાગ- આસ્થાઓ (મિથ્સ) અપનાવી છે - એટલે સુધી કે, કમ્બોડિયાના ૧૪ મી સદીના એક શિલ્પમાં બુદ્ધને માથે (જેમ વિષ્ણુને છે તેમ) શેષની ફેણોનું છત્ર છે. 'ગૌતમ'માંથી જે તત્ત્વને કારણે એ 'બુદ્ધ' બન્યા એની સાથે એને સંબંધ છે. એમને ત્રણ સપ્તાહમાં ત્રણ જુદાં જુદાં વૃક્ષોતળે ત્રણ રહસ્યો લાધ્યાં. ત્રીજા વૃક્ષતળે તો પરમ શક્તિની અનુભૂતિ થઈ. પણ એનું કારણ હતું નાગરાજ મુચલિન્દની ભાવિદષ્ટિ એ મુચલિન્દના વૃક્ષ નીચે બેઠા, સમાધિસ્થ થયા, કે નાગરાજને ચિન્તા થઈ; એક ભયંકર વાવાઝોડા સાથેની આંધિ ત્રાટકવાની હતી. પોતે સજજ થઈ ગયા. મૂશળધાર વર્ષા ને ધૂંવાધાર આંધિ-તૂફાનની વચ્ચે પણ બોધિસત્ત્વ અક્ષત, સમાધિસ્થ રહે એવું રક્ષણ એમણે એમને પૂરું પાડ્યું. તૂફાન શમતાં જ, માનવરૂપે એ બોધિસત્ત્વને ચરણે નમ્યા. કેટલાક નાગલોક પણ બૌદ્ધ થયેલા, એ આ દંતકથાનું તારતમ્ય. મહાયાનનું રહસ્યોદ્ઘાટન કરનાર હતા નાગાર્જુન. આમ, નાગ સાથે બુદ્ધનો સંબંધ છે.

દક્ષિણમાં વૃક્ષો નીચે નાગકલો (નાગ-કોતરેલા, જમીનમાં ખોડેલા, પથ્થરો) જોવા મળે છે. એ ભાતભાતના હોય; કો'કમાં એકલો નાગ કે એકલી નાગણી, કો'કમાં વળી નાગયુગલ, કો'કમાં માનવરૂપે તો કો'કમાં વળી નાગરૂપમાં જ. શિલ્પોમાં ને ચિત્રોમાં પણ સુંદર નાગયુગ્મો મળે છે. આ નાગયુગલોનું આલેખન મેસોપોટેમિઆની અસર તળે ભારતમાં, આર્યોના આગમનની બહુ પહેલાં આવ્યું- પ્રસર્યું, અને અનાર્યપરંપરામાં ભળ્યું હતું. એમ આનંદકુમારસ્વામી અને ઝિમ્મર માને છે. (જુઓ ઝિમ્મરકૃત 'મિથ્સ એન્ડ સિમ્બલ્સ ઇન ઇન્ડિઅન આર્ટ એન્ડ સિવિલિઝેશન'; હાર્પર, ૧૯૬૨: પૃ. ૭૨-૭૩) મેસોપોટિમિઆમાં એવું

શેષશાયી વિષ્ણુ : છઠ્ઠી સદીનું દેવગઢ પાસેનું શિલ્પ



પ્રતીક ઈ.સ.પૂ. ૨૬૦૦ જેટલું જૂનું હોવાનું તેઓ માને છે. (સુમેરનું ઈ.સ. પૂ. ૨૬૦૦નું, એટલે કે પાંચેક હજાર વર્ષ જૂનું, 'સેક્રિફિશ્યલ ગોબ્લેટ' ઝિમ્મરના પુસ્તકમાં પૃ. ૨૫૨ પર છે.) (આ જ લેખમાં આગળ સ્પષ્ટ કરવું જ છે કે નાગપરંપરાનાં મૂળ, ભલે શેષાદિ કથાઓ હોય છતાં, વેદમાં નથી; વેદપૂર્વમાં છે અને અન્- આર્ય છે.) ભારત અને સુમેર બંનેમાં સર્પનો શત્રુ ગરુડ મનાય છે. એ સામ્ય પણ નોંધપાત્ર છે. ગ્રીક માયથોલોજિમાં પણ સર્પ-ગરુડ કથાઓ છે. પછી એ કથાઓ પુરોપાદિમાં ફેલાઈ. ઝિમ્મર(પૃ. ૭૪)નું એક સ્પષ્ટ મંતવ્ય આવું છે: 'Mesopotamian Sumer may well have been the cradle of which the formula made its way, on the one way westward to Greece and modern Europe, on the other hand eastward into ancient India, and then, somewhat later, into remoter Indonesia.' ઝિમ્મર (આનંદકુમારસ્વામી પણ) માને છે કે આ નાગપૂજાનું પારણું હશે મેસોપોટેમિઆનું સુમેર. ત્યાંથી એ પશ્ચિમે ગ્રીસ-યુરોપ તરફ, તો પૂર્વે પ્રાચીન ભારત તરફ ફેલાઈ, ને ઇન્ડોનેશિઆ વગેરે દેશોમાં તો બહુ મોડી ફેલાઈ. આ, આ વિદ્વાનોએ બતાવેલો, આ કથાનો પ્રસારપથ છે.

પાતાલમાં ભોગાવતીનગરીમાં (ને અન્ય સ્થળોએ ને જળોએ) રહેતા નાગદેવો/નાગલોક આપણી ઘણી પૌરાણિક તેમજ લોકકથાઓમાં આવે છે. ભારતમાં નાગકથાઓ ને નાગપૂજા પરાપૂર્વથી (હજારો વર્ષથી) ચાલતી આવે છે એ ખરું; પણ એનાં મૂળ વેદમાં નથી. વેદોમાં નાગનો ઉલ્લેખ નથી; મહાભારત-રામાયણમાં છે. મહાભારત-અનુસાર કદ્રૂ-કશ્યપનો એ વંશવેલો. ('કશ્યપ'નો અર્થ થાય 'કાચબો')

શેષની છત્રછાયામાં બુદ્ધ . કમ્બોડિયા ઈ.સ. ૧૪મી સદી



કદ્રૂ-કશ્યપ કથા આવી છે : કદ્રૂ અને વિનતા બે સગ્ગી બહેનો (નાગકુળની). બંને ઋષિ કશ્યપને પરણી. શૌક્ય બની એટલે ઈર્ષ્યા ને સ્પર્ધા હોય જ! ઋષિ કશ્યપે પ્રસન્ન થઈને વરદાન આપ્યું: કદ્રૂને હજાર પુત્રો ને વિનતાને બે પુત્રો થશે. વિનતાને ઓછું આવે ને કદ્રૂ ફુલાય એવું બન્યું! ઈંડાં મુકાયાં. પાંચ હજાર (!) વર્ષે કદ્રૂનાં ઈંડાં ફૂટ્યાં. એમાંથી શેષ, વાસુકિ, કર્કોટક, તક્ષક વગેરે જન્મ્યા. એ બધાનાં નામો-કામોની વિગતો ને કથાઓ મહાભારત આપે છે. શેષથી તરત યાદ આવે વિષ્ણુ, વાસુકિથી સમુદ્રમંથન, કર્કોટકથી નળ, તક્ષકથી સર્પસત્ર વગેરે. કદ્રૂએ ઈંડાંને એના કાળક્રમે ફૂટવાં દીધાં; જ્યારે પોતાને તો બે જ હતાં ઈંડાં - એટલે વિનતાની ધીરજ ન રહી! એક ઈંડું અકાળે ફોડ્યું ! એટલે મહીંથી જે નાગ નીકળ્યો એને ઘૂંટણ જ નહોતાં! પાંગળો ને લોહીનીંગળતો; માટે કહેવાયો 'અરુણ'. કદ્રૂનાં તો બધાં જ તંદુરસ્ત અને શક્તિશાળી.

એમાં એકવાર એ બે શૌક્ય વચ્ચે વાદ જાગ્યો. 'સૂરજના ઘોડાની પૂંછડીઓ કાળી કે ધોળી?' કદ્રૂ કહે, 'કાળી'. વિનતા કહે, 'ધોળી'. જે હારે એણે બીજીની દાસી તરીકે હજાર વરસ રહેવું એવી શરત થઈ. વિનતા બિચારી સરળ; ને કદ્રૂ કાબેલ. એણે પુત્રોને ફરમાવ્યું, 'જાવ, જઈને સૂરજના ઘોડાને પૂંછડે વળગી જાવ!' 'સૂરજ પાસે જઈએ તો તો સૂરજ બાળી જ મૂકે ને!' એવો ભય કેટલાકે બતાવ્યો; ત્યારે આ કહે, 'જે નહિ જાય એને જન્મેજય સત્ર કરીને બાળી મૂકશે.' બીકના માર્યા મોટા ભાગના ગયા. પૂંછડે ગૂંચળાયા. બીજે દિ' વિનતાને એણે સૂરજના ઘોડા જોવા કહ્યું, 'જો જોઈ, કેવા છે?' જોયું. સાચું બોલી: 'કાળા !' બસ, દાસીપણું ચાલુ.

દરમ્યાનમાં પેલું બીજું ઈંડું ફૂટ્યું. મહીંથી નીકળ્યો ગરુડ! 'મા! મા!' કરતો નીકળ્યો, પણ મા ત્યાં ક્યાંથી હોય? 'એ તો કદ્રૂને ત્યાં છે.' 'કેમ?' 'દાસી તરીકે.' ને આખી વાત જાણી. ત્યાં જઈને એનું દાસીપણું જોયું! કદ્રૂને વિનવી. 'મારી માતાને મુક્ત કરો.' કદ્રૂ કહે, 'કરું, પણ એક શરતે. મારા પુત્રો માટે અમૃત લાવી આપ.' ગરુડે તો ઇન્દ્ર સાથે યુદ્ધ કરીને અમીકુંભ મેળવ્યો; પણ ઇન્દ્રે સમજાવ્યો. 'નાગો અમર થશે તો વિષનો પાર નહિ રહે; સહુને પીડશે.' ગરુડ સમજ્યો. માતાનું દૃષ્ટાન્ત તો એની નજર સામે જ હતું. પણ માને મુક્ત કરાવવા કુંભ તો જરૂરી. વિચારીને કહે, 'હું યુક્તિ કરીશ.' 'શી?' 'આ કુંભ નાગોને બતાવીશ ને કહીશ કે સ્નાનશુદ્ધ થઈને પીવે એને જ અમૃત ફળે. કહીને કુંભ દર્ભવનમાં મૂકીશ ને એ લોકોને સ્નાનાર્થે નદીએ વળાવીશ. કળશ ત્યારે રેઢો રહેશે. જે કરવું હોય તે ત્યારે તમે કરજો.' ઇન્દ્ર કહે, 'ભલે'. નાગ, તો આમ, ભોળવાયા! નહાવા ગયા; દરમ્યાનમાં કળશ ઇન્દ્ર ચોરી ગયો! સર્પ આવ્યા. કળશ ન મળે! થોડીક ભીનાશ ત્યાં હતી. એ ચાટવા ગયા, ત્યાં દર્ભ હતું એટલે જીભો ફાટી! ત્યારથી સાપની જીભ આવી બે-ફાડિયે થઈ ગઈ તે થઈ જ ગઈ!


કદ્રૂએ જન્મેજયના સર્પસત્રનો ઉલ્લેખ કર્યો છે. એની કથા આવી છે : આમ તો એ ભયંકર હત્યાકાંડની વાત છે, ૮૭ નાગકુળો બાળી નાંખવામાં આવેલાં, એની કથા. પાંડવોના વંશનું બીટે રહેવા ના દેવું એવા ઝનૂનપૂર્વક અશ્વત્થામાએ વીણીવીણીને વેગે સંહાર આરંભ્યો ત્યારે અભિમન્યુનો પુત્ર ઉત્તરાના પેટમાં હતો, એનું જન્મતાવેંત

એ ચોપાસ (પરિતઃ) જોવા (ઇક્ષ્) લાગ્યો કે ક્યાંય ભગવાન છે? માટે કહેવાયો પરીક્ષિત. (પોતાના મામા વિરાટપુત્ર ઉત્તરની કન્યા ઇરાવતીને એ પરણેલો. મામા-ભાણેજ સંબંધના ઇશારા આપણાં લગ્નગીતોમાં કે 'ભલાં ભાણેજડાં સરોવર જાઉં ત્યાં ઢોલે રમે રે!' જેવાં ગીતોમાં છે- એ ચાલનાં મૂળ કેટલાં ઊંડાં છે!) આ પરીક્ષિતના ચાર પુત્રોમાંનો એક જન્મેજય. નાગના અનુસંધાનમાં પરીક્ષિત સાથે સંકળાયેલી બે આખ્યાયિકાઓ : (૧) અરણ્યે વિહરતાં એકવાર એણે જોયું તો કોઈ રાજા એક ગાય અને બળદને પીડતો હતો! ગાય અને બળદ સાથે વાત કરતાં એણે જાણ્યું કે, ગાય તે ખુદ પૃથ્વી છે અને બળદ તે ધર્મ! પેલો પીડક હતો કલિનાગ. પછી તો, એ દંડે એના પહેલાં કલિ શરણે આવ્યો. (૨) એકવાર મૃગયાર્થે નીકળ્યો. ખૂબ ભટક્યો. ભૂખ-તરસ-થાક સખત લાગ્યાં. એક આશ્રમ જોયો. 'પાણી! પાણી!' બૂમ પાડી. કોઈ જવાબ ન મળ્યો. અંદર ગયો. જોયું; તો એક ઋષિ ચૂપચાપ બેઠેલા! રાજા તો ખીજાયો. સામે એક મરેલો સાપ પડેલો જોયો; એ લઈને એ શમીક ઋષિના ગળામાં પહેરાવ્યો. શમીકપુત્ર શૃંગી સ્નાનાદિ પતાવીને આશ્રમે આવ્યો ને આ જોયું! એણે શાપ આપ્યા : 'જેણે આ કર્યું હોય તેને સાતમે દિવસે સાપ ડસજો!'

પિતાએ જાગીને આ જાણ્યું કે કહે, 'ખોટું કર્યું.' એ તો હતો રાજા પરીક્ષિત, આપણો તો રક્ષક; ધર્માત્મા. ક્રોધમાં એણે ભૂલ કરી, આપણાથી ન થાય' હવે? શમીકે તરત જ પોતાના શિષ્ય ગારમુખને મોકલી રાજાની માફી માગી, આ શાપની પણ જાણ કરી. પણ એ તો ભવિતવ્ય! થઈને જ રહે. રાજાએ એ જાણ્યું. પછી તરત જ પુત્ર જન્મેજયને ગાદીએ બેસાડી, પોતે ગંગા તીરે દેહોત્સર્ગાર્થે ગયો. ત્યાં શુકાચાર્યે એને એક સપ્તાહમાં ભાગવત સંભળાવ્યું; અંતે તક્ષકદંશથી એ મૃત્યુ પામ્યો.

પિતાના સર્પદંશનો બદલો લેવા જન્મેજયે સર્પસત્ર આરંભ્યો એમાં, આમ તો અનેક નાગકુળો ભસ્મીભૂત થયાં, પણ એકલા તક્ષકનાં જ અઢાર કુળો સાફ! તક્ષકને આસ્તિક ઋષિએ બચાવ્યો. આસ્તિક પોતે નાગોનો ભાણેજ થતો હતો. પછી તક્ષકે જ જન્મેજયની સ્તુતિ કરી, એને સમજાવી, સર્પસત્ર બંધ કરાવ્યો. એને કારણે કેટલાંક નાગકુળો બચ્યાં. (આ 'તક્ષક' શબ્દની વ્યુત્પત્તિ કલ્પનાપ્રેરક છે. 'તક્ષ્' એટલે 'છોલવું' છાલ કાઢવી' છે. એટલે એક અર્થ 'સુતાર'; ને બીજો જે પોતાની કાંચળી ઉતારે છે તે 'સાપ'.

અર્જુનની એક પત્ની ઉલૂપી હતી નાગકન્યા. આખ્યાયિકા એવી છે કે એકવાર એક બ્રાહ્મણે સહાય માગી : 'વહારે ચઢો, મારી ગાય હરાય છે.' ત્યારે જ બરાબર, ધનુષ્ય-બાણ જ્યાં હતાં ત્યાં ધર્મરાજ ને દ્રૌપદી હતાં! એકાન્ત ભંગ કરે તો આપેલ વચન મુજબ બાર વરસનું તીર્થાટન કરવું પડે, ને ન કરે તો ધર્મભંગ થાય. તરત નિર્ણય કરી, ધનુષ્ય-બાણ લઈ, સહાય કરી; પછી તીર્થાટને ચાલ્યો. એ દરમ્યાન હરદ્વારમાં ગંગાસ્નાન કરતાં, એને એક નાગકન્યાએ જોયો. મળી નજરો



નાગકલ : મૈસૂર પાસે ૧૭મી-૧૮મી સદીના પાળિયા

ને મળ્યાં હૈયાં. એ લઈ ગઈ એને પાતાળલોક. પુત્ર થયો ઇરાવાન. યુધિષ્ઠિરના અશ્વમેધ યજ્ઞપ્રસંગે, અશ્વરક્ષાર્થે ફરતા અર્જુનનું મણિપુર નગરમાં જ્યારે યુદ્ધ કરતો મૃત્યુ થયું ત્યારે ઉલૂપીએ એને સજીવન કર્યો.

સમુદ્રમંથનમાં નેતરું બન્યો વાસુકિ. ત્યાંથી માંડીને આજ સુધી માત્ર લોકવાઙ્મયમાં કે પૂજાદિમાં જ નહિ, પુરાણાદિમાં જ નહિ, લગ્નવિધિમાં ક્ષેત્રપાળ (ખેતરપાળ) બનીને એ સ્થપાય ત્યાં સુધીનું એનું ન ઉઠાડી શકાય એવું સબળ થાપન મંડાયેલું જ છે. એક અત્યંત રસપ્રદ ઉલ્લેખ પૅન્ઝરે એ કર્યો છે કે ૧૯૧૫ પહેલાંના એક સેન્સસ-રિપૉર્ટ (ગણના-હેવાલ)માં નૉર્થ-વેસ્ટર્ન પ્રૉવિન્સિઝ (પશ્ચિમોત્તર પ્રદેશ)માં પચ્ચીસ હજાર લોકોએ પોતે નાગપૂજકો હોવાનું લખાવ્યું છે અને એમાંથી ૧૨૩ લોકોએ એ માટે શબ્દ વાપર્યો છે 'ગૂગા'! અરે! આ તો અમારા બચપણના ગીતનો શબ્દ! ગારાનો એક બેઠકવાળો શંકુઆકારી પિંડ કરી, મહીં અંગૂઠાથી દીવાની જગ્યા કરી, ગાતાં ગાતાં શેરીમાં તેલ ઊઘરાવવા અમે નીકળતાં :

ઘોઘા ઘોઘા ઘોઘસલામ!
નાથીબાઈના વીરસલામ...

ગમતાં કાવ્યો પણ ભુલાઈ જાય છે ત્યારે આ હજી હૈયે એમનું એમ છે, આખું ! ને પછી તો પાઠાન્તરો પણ મેળવ્યાં, રસને કારણે. નાગપાંચમે આપણા મેઘાણી જન્મ્યા, એ અકસ્માતનું પણ માહાત્મ્ય છે! વળી, આ નાગજાતિનો સંબંધ છે પિશાચજાતિ જોડે-ખોવાએલી 'બૃહત્કથા'ના કથનાર જોડે. વેદમાં એને તિરસ્કારથી 'કાચું માંસ ખાનાર' 'ક્વ્યાદ' કહી તેથી શું? ભારતના પશ્ચિમોત્તર પ્રદેશમાં, હિમાલયની ખીણ-તળેટીમાં, ને મધ્યએશિયા સુધી એ જાતિનાં પ્રાચીન સ્થાનો હશે. એ જ, ક્યાંક એટલામાં જ, પાતાળલોક હશે? એક પૌરાણિક કથા મુજબ, એક કાળે આખુંય કાશ્મીર એક વિશાળ સરોવર હતું. એનાં પાણીને શિવજીએ ઉલેચી નાંખ્યાં; ત્યાં પ્રજાપતિ કશ્યપે માનવવસવાટ

કર્યો. પ્રજાપતિ કશ્યપને અનેક રાણીઓ હતી. એમાંની ત્રણથી ચાર પ્રજા થઈ; તે નાગ, પિશાચ, યક્ષ અને રાક્ષસ. બૌદ્ધ સાહિત્યમાં તો યક્ષ અને પિશાચ પર્યાયવાચી છે. કાશ્મીર કેવી રીતે વસાવાયું એ વિશેની દંતકથા 'નીલમત'માં હોવાનું પેન્ઝર નોંધે છે. એ તો વળી છઠ્ઠી-સાતમી સદીની જ વાત : કાશ્મીર પ્રદેશમાંથી પાણી સુકાઈ ગયું ત્યારે કશ્યપે પહેલાં ત્યાં વસાવ્યા નાગલોક. પછી ત્યાં માનવોને વસાવવા'તા, પણ નાગલોકે જ વિરોધ કર્યો; એટલે કશ્યપે શાપ આપ્યો; ને પિશાચોને બોલાવી વસાવ્યા.

એ ગમે તે હો, પણ સર્પપૂજાનાં મૂળ વૈદિક પરંપરામાં નથી, પણ આર્યાગમન પૂર્વેની આદિવાસી પરંપરામાં છે એમ મોટાભાગના વિદ્વાનો માને છે. એટલે કે વૃત્ર-અહિ-ગાથામાં નથી, પણ વ્યાપક સર્પપૂજા જેમાં આજ સુધી છે તે અન-આર્ય આદિવાસી પરંપરામાં છે. ઋગ્વેદાદિમાં પણ પશુ-પ્રતીકવાદી માન્યતા (Totemism) તો છે. એમ તો 'અહિ' શબ્દ ઋગ્વેદકાલીન છે. (અવેસ્તામાં 'અજિહ'.) વૃત્ર (ઇન્દ્ર)નું એ એક નામ પણ છે. (આમ તો વૃત્ર પાછો કહેવાય 'અહિ-હન્તા'!) પણ પછી આ અહિ શિવનું પ્રતીક બન્યો! કાંઈક પાછળથી રચાયેલી સંહિતાઓમાં સર્પોને અર્ધદિવ્યરૂપ મળ્યું. અથર્વવેદમાં એનો વારંવાર ઉલ્લેખ છે. (આ અને બીજી વિગતો તથા સંસ્કૃત મંત્ર-ઋચાઓના ઉલ્લેખો જેને જોવા હોય તેણે મૅકડોનાલ્ડના 'વૈદિક માયથોલૉજિ' ના પાંચમાં ખંડમાંની નોંધ ૬૪ જોવી.) બાકી, ટોટેમિઝમ ક્યાં નથી? ઋષિ 'કશ્યપ' ને 'કચ્છપ', 'કાચબો'. શતપથ બ્રાહ્મણમાં પ્રજાપતિ કૂર્મના રૂપમાં આવે છે. 'પ્રાણીમાત્ર કશ્યપાપત્ય' (કશ્યપનાં સંતાનો) એમ પણ કહેવાયું છે. ઋગ્વેદમાં તો આવાં નામો માનવજાતિઓને આપવામાં આવ્યાં છે : મત્સ્ય, અજ, શિગ્રુ, ગૌતમ, વત્સ, શૂનક, (કૂતરો!) કૌશિક (ઘૂવડ!) , અને માંડૂકેય (દેડકો!). એક ઋષિનામ છે 'રૂક્ષ' (રીંછ)! પછી એ શબ્દ જ ઋષિવાચક ન રહેતાં રીંછવાચક બની ગયો. (આજેય આપણી વચ્ચે 'મચ્છર' 'માંકડ' 'કીડી', 'મંકોડી' 'હાથી', 'ઘોડા' - એવી અટકો ક્યાં નથી?) એટલે મૂળમાં આ નાગ પણ લાગે છે કોઈ માનવજાતિવિશેષ જેને સાગર અને જળ (પાતાળપ્રદેશ) સાથે સંબંધ હશે. આ નાગ-પૂજા, નાગ-આસ્થા, નાગો વિષેની મિથ્સ- એનાં મૂળ લાગે છે કોઈ અન્- આર્ય આદિમ પરંપરામાં. એ જ પરંપરાનો ગરુડ પણ; અગાઉ નિર્દેશ્યા મુજબ નાગપુત્ર. નાગજાતિનો આદિ લોકકલ્પના મુજબ સૂર્યદેવતા. નાગ એ તમસ્નું, પતનનું પ્રતીક; જ્યારે ગરુડ એ તેજનું, ઉત્થાનનું. એટલે ગરુડ નાગને ખાઈ જાય! ગરુડ પાછું પ્રભાતનું પ્રતીક. વિષ્ણુનું વાહન. (હજી પ્રાર્થના સંભળાય: 'ગરુડે ચડી આવજો ગિરધારી') અર્ધું પક્ષી, અર્ધું માનવ. મસ્તક, પાંખો, ચાંચ, વગેરે પંખીનાં; બાકીનું શરીર માનવનું. ચહેરો ચમકતો ધવલ; પાંખો રક્તવર્ણી, દેહ સુવર્ણવર્ણો. એ દક્ષનો દૌહિત્ર; એનાં જન્મની, પરાક્રમની, અને વિષ્ણુવાહન થયાની કથા મહાભારતમાં (૧-૧૬) છે.


રાવણે સીતાનું હરણ કર્યું ત્યારે આના વંશજે રાવણ માર્ગ રૂંધેલો એ યાદ પેન્ઝર આપે છે; પણ ત્યાં તો ગૃધ્ર (ગીધ)ની વાત છે. પેન્ઝરે એરેબિયન-પર્શિયન સાહિત્યમાંના એના ઉલ્લેખોની વિગતો આપી છે તે જિજ્ઞાસુઓએ (I 103) જોવા જેવી ખરી. 'અમૂં', 'સિનામૂં', 'સીમુર્ઘ', 'રોખ્ખ' કે 'રુખ', 'અંકા' વગેરે શબ્દો પરની એ નોંધ રસપ્રદ છે. પણ પેન્ઝર તો ગરુડને છેક 'સ્ફિંક્સ' સુધી તાણી ગયા છે! બૌદ્ધકથાઓમાંનું, પાંચ હાથીઓ જેટલા બળવાળું 'હથ્થિલિંગ' પણ આ! ધમ્મપદકથા છે: રાણી સામવતી આપન્નસત્ત્વા (ગર્ભવતી) છે; રાજા પરન્તપ એને રક્તાર્ણું ઓઢણું ઓઢાડે છે; એ સાથે એ બહાર જાય છે, કે, એક આકાશચારી ગરુડ એને તાજા માંસનો કટકો માની, તરાપ મારી, રાણીને ઉપાડી જાય છે. (પૃથ્વીચંદ્રકથામાં પણ આવું - પક્ષી દ્વારા સ્ત્રીહરણ - ક્યાં નથી આવતું?) આવાં પ્રચંડ પંખીઓ દેશદેશની લોકકથાઓમાં છે. માડાગાસ્કરમાં આવા એક પ્રચંડ પક્ષીનું અસ્થિ-પિંજર મળ્યું હોવાનું અભ્યાસીઓ નોંધે છે.

(આવતા અંકે પૂરું.)

ટિકિટ-સંગ્રહ

'અશ્વ અને સંસ્કૃતિ'ની શ્રેણીમાં ૧૯૯૧ના ફેબ્રુઆરીની ૨૮મીએ જપાને બહાર પાડેલી ૬૨ યેનની બે ટપાલટિકિટો. [illegible] પહેલી ટપાલટિકિટનું ચિત્ર મૂળ [illegible] ચિત્રકાર





[illegible]કુસાઈ (જુઓ આ અંકમાંની કલાવાર્તા)નું કરેલું છે, જે અત્યારે ત્યાંના કાનાગાવા પ્રીફિક્ચરલ મ્યૂઝીઅમ'ની માલિકીનું છે. આ ટિકિટ ચાર રંગમાં છપાએલી છે. બીજી ટિકિટમાંનું ચિત્ર કોગેત્સુ સાઈગોએ કરેલું છે અને તે ટોકિયો નેશનલ યુનિવર્સિટી ઑવ ફાઈન આર્ટ્સ એન્ડ મ્યૂઝિક'ની માલિકીનું છે. આ ટિકિટ છ રંગમાં છપાએલી છે. બન્ને ટિકિટો ૩૩.૫ એમએમ. x ૨૫.૦ એમએમ. ના કદની છે.

અંગ્રેજી સાહિત્યનું આચમન

ડૉ. મધુસૂદન પારેખ

જ્હોન ડ્રાયડનમાં સાહિત્યનો પ્રવાહ કઈ દિશામાં વહે છે અને લોકરુચિને શું અપેક્ષિત છે તે પારખવાની અનોખી સૂઝ હતી. નાવને અનુકૂળ પવનની દિશામાં હંકારવાની તેનામાં ત્રેવડ હતી. એટલે તો એણે પોતાની પ્રારંભિક કારકિર્દી દરમ્યાન કાવ્યો રચ્યાં, નાટકની દિશામાં નાવ હંકાર્યું અને ઠીકઠીક નામના કમાયો. નાટકોમાં, હિરોઈક નાટકોમાં, તેને હૃદયના તીવ્ર-ઉત્કટ ભાવો અભિવ્યક્ત કરવા માટે બે બે પંક્તિની સચોટ પ્રાસવાળી કડી યોજવાની સારી ફાવટ આવી ગઈ. એના અગાઉ કવિ વોલરે(Waller) હિરોઈક કપ્લેટની અજમાયશ કરી હતી. ડ્રાયડને આ પદ્ધતિની શક્યતાઓ વિસ્તારી અને જોતજોતમાં તેના પર પ્રભુત્વ પ્રાપ્ત કરી લીધું. તદુપરાંત અંગ્રેજી સમાજને લોકસમુદાયને સુગમ બની રહે તેવી સરળ, પ્રાસાદિક, વિવિધ છટાવાળી શૈલી તેણે અપનાવી. ડ્રાયડનના ચિત્તમાં સંચિત થયેલી આ બધી સમૃદ્ધિનાં ફળ માંડમાંડ એની પચાસ વર્ષની ઉંમરે, પણ આસ્વાદ્ય મળ્યાં. એ ઉત્તરવયમાં રચાયેલી કટાક્ષકૃતિઓને કારણે જ ડ્રાયડનનું અંગ્રેજી સાહિત્યમાં વિશિષ્ટ પ્રદાન ગણાયું છે. એની કલમ ખરું જોતાં કટાક્ષક્ષેત્રમાં જ બરાબર ફળી છે.

ડ્રાયડનની કટાક્ષકૃતિઓ

ડ્રાયડનના પહેલી અને એની ચારે કટાક્ષકૃતિઓમાં સહુથી વધુ સમર્થ કલાત્મક કહી શકાય તેવી ઍબ્સોલમ ઍન્ડ ઍકિટોફેલ ૧૬૮૧ (Absolam and Achitophel)છે. આ અને પછીની ત્રણ કૃતિઓ રચાઈ તે દરમ્યાન ડ્રાયડનની કલાપ્રતિભા પૂરા સામર્થ્યથી ખીલી ઊઠી હતી. એના હૃદયમાં રાગદ્વેષના અણિયાળા ખૂણા ઘસાઈ ચૂક્યા હતા; એની પ્રકૃતિ સમધારણ બની રહી હતી. દ્વેષવૃત્તિ નિયંત્રણ સાચવી શકે તેમ હતો. તેથી જ તો તેની ઉપર્યુક્ત કટાક્ષકૃતિ ભંડલેખ (Lampoon) કે અંગત દ્વેષપૂર્ણકૃતિ (Invective) બની રહેવાને બદલે એક કલાત્મક કટાક્ષકૃતિ બની શકી છે. તત્કાલીન રાજકીય ઘટનાઓનું એક સાચા કવિ-કટાક્ષકારની હેસિયતથી ડ્રાયડને એમાં નિરૂપણ કર્યું છે. આમ, આ કટાક્ષકૃતિના સર્જનની પાછળ રાજકીય પરિબળો હતાં. ડ્રાયડન, ચાર્લ્સ બીજાના દરબારમાં રાજકવિનો અને ઈતિહાસ-લેખકનો મોભો પામ્યો હતો. આમે ય પ્રકૃતિવશાત્ એની વૃત્તિ રાજસત્તા પ્રત્યે હતી. પ્રજાને શાંતિ-સલામતી મળે તે માટે બળવાન રાજસત્તા, રાજાનો પાર્લમેન્ટ પર અંકુશ તેને અભિમત હતાં.

ડ્રાયડનની રાજકવિ તરીકેની કારકિર્દી દરમ્યાન જ રાજકારણમાં ઊથલપાથલ કરનારી પોપિશ પ્રપંચ, નામની એક મહત્ત્વની ઘટના બની. ચાર્લ્સ બીજાની પાર્લમેન્ટમાંના વ્હિગ પક્ષે ચાર્લ્સ બીજાના વારસદાર તરીકે એના ભાઈ જેમ્સ, ડ્યૂક ઑવ યૉર્કનું નામ, એ રોમન કૅથૉલિક હોવાને કારણે રદબાતલ કરાવવા આંદોલન શરૂ કર્યું અને બીજાના અનૌરસ પુત્ર ડ્યૂક ઑવ મનમાઉથનો (Manmouth) પક્ષ લઈ રાજસત્તા સામે કાવતરાં કરવા માંડ્યાં; અને એને ચાર્લ્સ રજાના વારસદાર ગણાવવા માટે પ્રચાર કરવા માંડ્યો. રાજસત્તા સામેની આ ચળવળની નેતાગીરી અર્લ ઑવ શૅફ્ટ્સબરી (Earl of Shaftesbury) અને ડ્યૂક ઑવ બકિંગહામે (Duke of Buckingham) લીધી હતી. બેમાં શૅફ્ટ્સબરી રાજસત્તાને અણગમતો હતો; અને બકિંગહામ તો ડ્રાયડનનો જૂનો શત્રુ હતો. ડ્રાયડન જ્યારે પોતાના આરંભની કારકિર્દીમાં હિરોઈક નાટકો લખતો હતો ત્યારે એમાં ભવ્ય શબ્દોની ભરમાર અને રજૂઆતમાં થતી અતિશયતાઓ (extravagances)ની બકિંગહામે પોતે એક મજાકરભર, ઠઠ્ઠા ઉડાવનારી નાટ્યકૃતિ 'રિહર્સલ' ૧૬૭૧ (Rehearsal) રચીને ડ્રાયડનને હીણો દેખાડ્યો હતો. ડ્રાયડન માટે હવે પોતાના અને રાજાના શત્રુઓની ઠઠ્ઠી ઉડાડવા માટેનો મોકો આવ્યો હતો. રાજસત્તાનું ઉત્તેજન તો તેને હતું જ. ડ્રાયડને પૂરતો કલાસંયમ જાળવીને, ભાંડણવેડામાં સપડાયા વિના બંનેનો તેજોવધ 'ઍબ્સોલમ ઍન્ડ ઍકિટોફેલ' દ્વારા કર્યો. આ કૃતિ અલબત્ત મૌલિક કહી શકાય તેમ નથી. ડ્રાયડને ઉપર્યુક્ત આંદોલનના બનાવ અને તેમાં સંકળાયેલાં પાત્રોની ઠઠ્ઠા માટે બાઈબલમાંથી કિંગ ડેવિડ, એનો પુત્ર ઍબ્સોલમ અને પુત્રના સલાહકાર ઍકિટોફેલની એક પ્રસિદ્ધ ઘટના પસંદ કરી હતી. કટાક્ષ માટે લેખકોને બાઈબલનાં પાત્રો-પરિસ્થિતિઓ યોજવાની સહેજે અનુકૂળતા હતી. ડ્રાયડનની કટાક્ષકૃતિ રચાઈ તેના એક વર્ષ અગાઉ ૧૬૮૦માં એક ચોપાનિયાનું ડ્યૂક ઑવ મનમાઉથ અને ઍબસોલમ વચ્ચે સામ્ય દર્શાવતું, પ્રકાશિત થઈ ચૂક્યું

બાઈબલમાં મૂળ કથા આ પ્રમાણે છે. ડેવિડ રંગીલો રાજા છે. એનો પુત્ર તે ઍબ્સોલેમ છે. ડેવિડના એક બીજી રાણીના પુત્ર અમનોને, ઍબ્સોલેમની બહેન તામાર પર બળાત્કાર કર્યો, તેનું વેર લેવા ઍબ્સોલેમે પ્રપંચપૂર્વક અમનોનને મારી નાખ્યો. ડેવિડે રોષે ભરાઈને ઍબ્સોલેમને દેશનિકાલ કર્યો. પણ ઍબ્સોલેમ વિના ડેવિડને ગમ્યું નહિ. તેનો વિયોગ સાલવા લાગ્યો. છેવટે ઍબ્સાલેમ અને ડેવિડ- પિતાપુત્ર- વચ્ચે સમાધાન થયું. પણ ઍબ્સોલેમની ઇચ્છા પિતા ડેવિડની રાજગાદી પચાવી પાડવાની હતી. એ કાર્ય માટે- પ્રપંચ માટે- એનો માનીતો સલાહકાર ઍકિટોફેલ હતો. ડેવિડને મારીને રાજ્ય પચાવી પાડવામાં ઍકિટોફેલની સલાહનો એકવાર ઍબ્સોલેમે અસ્વીકાર કર્યો. એના પ્રત્યે ઍબ્સોલેમને વિશ્વાસ ઊઠી ગયો. અને ઍકિટોફેલે આત્મહત્યા કરી લીધી. ઍબ્સોલેમને પણ રાજા ડેવિડના માણસોએ મારી નાખ્યો.

હતું અને ૧૬૮૧માં બીજા એક કટાક્ષકારે એકિટોફેલમાં શૈફ્ટ્સબરીનું નિરૂપણ કર્યું હતું.

એ રીતે ડ્રાયડન પાસે કટાક્ષકૃતિ માટે માળખું હાથવગું હતું; અને તેણે એ માળખાને સામગ્રી તરીકે સ્વીકારી તેમાંથી એક પ્રશિષ્ટ (classical) કવિ ઉપજાવે તેવી સમર્થ કલાકૃતિ ઉપજાવી. ડ્રાયડને આ કટાક્ષકૃતિમાં ચાર્લ્સ બીજા સામે એના અનૌરસ પુત્ર ડ્યૂક ઑવ મનમાઉથના બળવાની ઘટના માટે બાઈબલની આ જ પ્રકારની ઘટના ખપમાં લીધી છે. ચાર્લ્સ બીજાને તેણે કિંગ ડેવિડ તરીકે અને ડ્યૂક ઑફ મમાઉથને એબ્સોલેમન તરીકે તેમજ શૈફ્ટસબરીને એબ્સાલેમના સલાહકાર એકિટોફેલ તરીકે કલ્પ્યા છે. બકિંગહામને ઝિમિર (zimiri) તરીકે વર્ણવ્યો છે. (બાઈબલમાં ઝિમિરી ઇઝરાયલના રાજા એલાહ-(Elah)-નો હત્યારો છે.)

બાઈબલના કથાનકની સમાંતરે ડ્રાયડનની કટાક્ષકૃતિની ઘટનાઓ ગતિ કરતી રહે છે, પણ ડ્રાયડન એનું નિશાન ચૂકતો નથી. એની દૃષ્ટિ તો તત્કાલીન રાજકીય ઘટના અને શૈફ્ટ્સબરી તથા બકિંગહામ પર જ છે. એમને બેવકૂફ ચીતરીને તેમને કટાક્ષનાં નિશાન બનાવવા તરફ તેણે ધ્યાન કેન્દ્રિત જ રાખ્યું છે. એ પાત્રોની પ્રકટ મશ્કરી-મજાક કરવાને બદલે કલાત્મક રીતે, સૂચનો વેરી મૂકીને ડ્રાયડને તેમની પ્રચ્છન્ન મજાક ઉડાવી છે. અને એ માટેની નિસર્ગદત્ત બક્ષિસ તો ડ્રાયડનને હતી. તેમ છતાં ડ્રાયડનને અહીં તલવારની ધાર પર ચાલવા જેવું વિકટ કાર્ય બજાવવાનું હતું. પોતે રાજદરબારનો કવિ હતો. એટલે જનસમુદાયની નજરમાં તે રાજાના ખુશામતખોર તરીકે બદનામ ન થઈ જાય તેનાથી તેને બચવાનું હતું. અને તે સાથે રાજસત્તા સામે વિદ્રોહ કરનારા આગેવાનોની નાલેશી-મૂર્ખામી પણ પ્રજાને પ્રતીત કરાવવાની હતી. ડ્રાયડન આ વિકટ જવાબદારીમાંથી સફળ રીતે પાર ઊતર્યો છે. રાજસત્તા સામેનો વિદ્રોહ અઘટિત છે, એવી ડ્રાયડનને અંગત પ્રતીતિ હતી અને એ બાબત પોતે પોતાનાં અંતઃકરણને વશવર્તીને ચાલ્યો તેનો તેને સંતોષ હતો.

તદ્ઉપરાંત રાજા ડેવિડની જેમ ચાર્લ્સ બીજો પણ રંગીલો અને કામી હતો. ડ્રાયડન તેની આ કામવૃત્તિને પણ નિશાન બનાવવાનું ચૂક્યો નથી. અલબત્ત, પ્રચ્છન્ન પદ્ધતિથી આ કાર્ય તેણે પાર પાડ્યું છે. ડ્રાયડનની આ સમગ્ર કૃતિ પૂરા આયોજનપૂર્વકની છે. વિગતેવિગત નિરૂપવામાં તે સભાન-સાવધાન રહ્યો છે. ક્યાંક તે સમતુલા ચૂક્યો પણ છે. તેમ છતાં એકંદરે શેક્સ્પીઅર અને મિલ્ટનને બાદ કરતાં આવી સફળ આયોજનપૂર્વકની કૃતિનાં ઉદાહરણ અંગ્રેજી સાહિત્યમાં ઓછાં મળે છે. બીજી મુદ્દાની વાત એ છે કે શૈફ્ટ્સબરી અને બકિંગહામ એ બંને ડ્રાયડનની કૃતિમાં કટાક્ષનાં નિશાન હોવા છતાં ડ્રાયડને તેમને દ્વેષપૂર્વક ચાબખા ફટકારવાને બદલે તેમને હાસ્યાસ્પદ ચીતર્યા છે. કટુતાભર્યા કટાક્ષને સ્થાન અહીં મનપસંદ હાસ્ય-વિનોદ મળી રહે છે.

પરિસ્થિતિના આલેખમાં તો ડ્રાયડને પોતાનું કૌશલ દાખવ્યું જ છે; પરંતુ પાત્રોનાં વિનોદી-કટાક્ષયુક્ત શબ્દચિત્રો તેણે આલેખ્યાં છે તેમાં તેની સર્જકકલાની વિશેષતા છે. શૈફ્ટ્સબરીને તેણે એકિટોફેલ તરીકે આલેખ્યો છે. તેના પ્રપંચી અને દુષ્ટ સ્વભાવ પર નીચેની પંક્તિઓ દ્વારા સરસ પ્રકાશ ફેંકાયો છે.

Restless, unfixed in principles and place
In power unpleased, impatient of disagrace
In friendship false, implacable in hate,
Resolved to ruin or to rule the state.

એકિટોફેલના પાત્રમાં ડ્રાયડને જાણે કે મિલ્ટનના સેતાનનો સ્પર્શ આણ્યો છે. એબ્સોલેમને એ જ્યારે એના પિતા ડેવિડ સામે બળવો કરવાની સલાહ આપે છે ત્યારે સેતાન ઈવને ઈશ્વરની આજ્ઞાનો ભંગ કરવા માટે લલચાવે છે તે 'પૅરેડાઇઝ લૉસ્ટ'નો પ્રસંગ સ્મરણમાં આવી જાય છે. મનમાઉથના એબ્સોલેમ તરીકેના વર્ણનમાં ડ્રાયડન થોડોક કૂણો રહ્યો જણાય છે. પ્રજા સાથે તેનો પ્રેમભર્યો સંપર્ક તે બિરદાવે છે અને છતાં પિતા સામે વિદ્રોહ કરવાની પ્રવૃત્તિને તે સખ્ત રીતે વખોડે છે પણ ખરો. ડ્રાયડને શૈફ્ટ્સબરી સામે પણ તાતાં તાર તાક્યાં, અને એને એ વિદ્રોહી ગણીને તિરસ્કારનો પાત્ર હતો. તેમ છતાં શૈફ્ટ્સબરી એના પર મુકાએલા આરોપમાંથી નિર્દોષ છૂટે છે. કોર્ટનો ચુકાદો રાજસત્તાની વિરુદ્ધમાં આવે છે. ત્યારે પણ ડ્રાયડન ન્યાયાધીશની પ્રશંસા કરીને તેને અંજલિ આપે છે. શૈફ્ટ્સબરી પ્રત્યે પણ તેનું વલણ બદલાય છે. આ પલટાએલી વૃત્તિ પાછળ ડ્રાયડને પોતાનો અંગત સ્વાર્થ જોયો હોય એ બનવા જોગ નથી? ડ્રાયડને એની જિંદગીમાં સંજોગવશાત્ કેટલાક પલટા ખાધા છે. આ પણ એવું જ કંઈક કેમ ના હોય?

ડ્રાયડનની અંગત લાભ જોવાની આ વૈયક્તિક વૃત્તિ એની કાવ્યકલાને થોડી ઝાંખી પાડે છે. તેમ છતાં સમગ્રપણે 'એબ્સોલેમ ઍન્ડ એકિટોફેલ' એમાંના સમર્થ વિનોદ-કટાક્ષને કારણે, સબળ રીતે ખંડન-મંડન માટે પ્રયોજાએલી કપ્લેટ રચનાને કારણે તેમજ રસિક પ્રજાવર્ગને સહેજે રોચક નીવડે તેવી સરળ મધુર સચોટ શૈલીને કારણે અંગ્રેજી સાહિત્યમાં એક યાદગાર કૃતિ ગણાઈ છે. (ક્રમશ :)

ભારતની સંસદીય ચૂંટણીઓ

ભરત"કુમાર" પ્રા. ઠાકર



મે, ૧૯૯૧ના બીજા પખવાડિયામાં અને જૂન ૧૯૯૧ના પ્રથમ અને ત્રીજા સપ્તાહમાં દુનિયાની સૌથી મોટા લોકશાહી દેશ ગણાતા ભારતમાં દેશવ્યાપી સંસદીય ચૂંટણીઓ યોજાઈ રહી છે. જે દ્વારા મતદારો દસમી લોકસભાની રચના કરશે. ભારતની વસતી-ગણતરીની અને ભારતની સામાન્ય ચૂંટણીપ્રક્રિયાની વિશ્વનાં સૌથી મોટાં અને પ્રચંડ પ્રશાસકીય કાર્યોમાં ગણના થાય છે.

વિશ્વના મહાનતમ લોકતંત્રના પ્રત્યેક નાગરિક માટે (આગામી) સામાન્ય ચૂંટણીઓ વસ્તુત: અત્યધિક મહત્ત્વપૂર્ણ ઘટના છે. બંધારણે બક્ષેલા મૂળભૂત અધિકારોમાં મતાધિકાર આપણા લોકશાહી અને પ્રજાસત્તાક દેશમાં વાસ્તવમાં પ્રજાને સત્તા આપનાર માધ્યમ બને છે.

ભારતમાં ચૂંટણીપદ્ધતિની તવારીખ

સમ્રાટો અને રાજાઓની પસંદગી કરવા માટે ચૂંટણી-સિદ્ધાંતોની પરંપરા ભારતમાં લગભગ ઈતિહાસમાં આદિકાળથી જ જોવા મળે છે. પ્રાચીન મહાકાવ્યોમાં આવા પ્રસંગો ઉપલબ્ધ છે. 'બ્રાહ્મણો'માં લોકમત દ્વારા ચૂંટવામાં આવેલા શાસકો અને રાજા-નિર્માતાઓ (કિંગ-મેકર્સ/રાજા કર્ત્રી)નાં પદોનો ઉલ્લેખ જોવા મળે છે. ઇસવી સન પૂર્વે ચોથી શતાબ્દીના બૌદ્ધ સાહિત્યમાં લિચ્છવી ગણતંત્ર જેવા ગણતંત્રોનો ઉલ્લેખ છે, જેમાં રાજ્યના પ્રમુખ' (સેનાપતિ)ની પસંદગી ચૂંટણી-પદ્ધતિ દ્વારા કરવામાં આવતી હતી. તે સમયે મતને 'છન્દ' કહેવામાં આવતો હતો, જેનો શાબ્દિક અર્થ છે 'ઇચ્છા'. મતપત્રોને 'શલાકા' કહેતા હતા અને મતપત્રો એકત્ર કરવા માટે સભા દ્વારા જે અધિકારીઓને નિયુક્ત કરાતા હતા તેઓને 'શલાકા-ગ્રાહક' કહેવામાં આવતા.

જો કે સામાન્યત: ગણતંત્ર રાજ્યો સામ્રાજ્યમાં વિલીન થઈ ગયાં તો પણ વ્યાપાર-સંઘો, શિલ્પકાર-સંઘો, નગર-નિગમો તથા ગ્રામ-સભાઓના પ્રમુખોની ચૂંટણી જનતા દ્વારા કરવાની પ્રથા પ્રચલિત રહી. અનેક સ્થળોએ વહીવટી તંત્ર અને પરિષદ બનાવવાની પ્રથા ઘણા લાંબા સમય સુધી ચાલતી રહી, જેમાં વ્યાપાર-સંઘો અને અન્ય સંસ્થાઓ દ્વારા ચૂંટાએલા સભ્યો રહેતા. ઘણા વિસ્તારોમાં (જેમ કે પેશવાઓ હેઠળના મહારાષ્ટ્રમાં) અઢારમી શતાબ્દી સુધી ગ્રામ-સમાજો કાર્ય કરતા હતા.

ભારતમાં અપ્રત્યક્ષ (પરોક્ષ) ચૂંટણીનો સિદ્ધાંત સૌ પ્રથમવાર અંગ્રેજો દ્વારા ૧૮૯૨માં દાખલ કરવામાં આવેલો. લોકમત દ્વારા વિધાનસભાઓનાં પ્રતિનિધિઓ ૧૯૦૯માં ચૂંટાયા હતા અને તેમનો મતદાર-વિસ્તાર પણ ઘણો જ સીમિત હતો. ૧૯૧૯ અને ૧૯૩૫નાં 'ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ્સ' દ્વારા મતદાર-મંડળો ક્રમશ: વિસ્તારવામાં આવ્યાં. એ કાયદા અન્વયે ભારતમાં સૌપ્રથમવાર ૧૯૨૬માં પ્રયોગિક ધોરણે ચૂંટણીઓ યોજાઈ હતી અને ત્યારબાદ જાન્યુઆરી, ૧૯૩૭માં તે સમયના બ્રિટિશ શાસનવાળા આપણા દેશનાં અગિયાર જેટલાં રાજ્યોમાં સામાન્ય ચૂંટણીઓ યોજાઈ હતી. આઝાદી પૂર્વે ભારતીય પ્રજા માટે રાજકીય સંદર્ભમાં લોક-ચૂંટણીઓનો આ પ્રથમ અનુભવ હતો. એ વખતની પ્રથમ ચૂંટણીઓમાં ૫૪% મતદાન થયેલું તથા કોંગ્રેસનાં ૭૧૧ અને મુસ્લિમ લીગના ૪૨૪ સહિત ૧,૫૮૫ જેટલા લોકપ્રતિનિધિઓને ચૂંટી કાઢવામાં આવ્યા હતા, જેના દ્વારા 'નીચલા સભાગૃહ' (આજની લોકસભા)ની રચના થતી હતી. ભારતમાં મહિલાઓને મતાધિકાર તો છેક ૧૯૨૧થી પ્રાપ્ત થયો છે. ૧૯૫૦માં વર્તમાન બંધારણ અમલમાં આવ્યા પછી સાર્વત્રિક પુખ્ત મતાધિકારનો આપણો આદર્શ ચરિતાર્થ થયો અને આઝાદી પછી લોકશાહી શાસન પ્રણાલી મુજબ ભારતની પ્રથમ સામાન્ય-ચૂંટણીઓ ૧૯૫૨માં યોજાઈ.

દેશની ત્રીજી મધ્યસત્ર ચૂંટણી

ત્યારથી આજ સુધી ૧૯૫૨, ૧૯૫૭, ૧૯૬૨, ૧૯૬૭, ૧૯૭૧, ૧૯૭૭, ૧૯૮૦, ૧૯૮૪ અને ૧૯૮૯ એમ લોકસભાની નવ સામાન્ય ચૂંટણીઓ યોજાઈ ગઈ છે. અત્યારે (૧૯૯૧માં) યોજાઈ રહેલી ચૂંટણી એ ભારતની દસમી સામાન્ય અને ત્રીજી મધ્યસત્ર ચૂંટણી છે. સમગ્ર ચૂંટણીમાં ૧૯૫૨માં ચાર મહિના, ૧૯૫૭માં વીસ દિવસ, ૧૯૬૨માં દસ દિવસ, ૧૯૬૭માં સાત દિવસ, ૧૯૮૯માં પાંચ દિવસ લાગ્યા હતા, જ્યારે હાલની ચૂંટણીઓ બે તબક્કે ચોવીસ દિવસોમાં પૂરી થશે.

૧૩મી માર્ચ, ૧૯૯૧ના રોજ લોકસભાનું વિસર્જન થતાં માત્ર સત્તર માસ જેટલા ટૂંકા ગાળામાં મધ્યસત્ર ચૂંટણીઓ દ્વારા લોકોને ફરી ચુકાદો આપવો પડે એવું ભારતની સંસદીય ચૂંટણીઓની તવારીખમાં પહેલી જ વાર બની રહ્યું છે. આપણા દેશમાં લોકસભા તેની નિયત સમયમર્યાદા કરતાં વહેલી બરખાસ્ત કરવાનો અને પરિણામે મધ્યસત્ર ચૂંટણીઓ યોજવાનો આ ત્રીજો પ્રસંગ છે. આ અગાઉ ૧૯૭૧માં દેશની પ્રથમ મધ્યસત્ર ચૂંટણીઓ યોજાઈ હતી. એ પછી ૧૯૮૦માં ફરી બીજી વખત મધ્યાવધિ ચૂંટણીઓ યોજવી પડી હતી. પરંતુ અત્યારે ત્રીજી વખત યોજાઈ રહેલી અને વચગાળાની ચૂંટણીઓએ તો વિક્રમ સર્જ્યો

છે! છેલ્લે (નવેમ્બર, ૧૯૮૯) યોજાએલી અને હવે (મે-જૂન, ૧૯૯૧માં) યોજાનારી ચૂંટણીઓ વચ્ચે માત્ર લગભગ દોઢ વર્ષનો જ ગાળો રહ્યો છે: રાષ્ટ્રપતિએ વિસર્જિત કરેલી આ નવમી લોકસભાની મુદત ભારતના સંસદીય ઈતિહાસમાં ટૂંકામાં ટૂંકી રહી છે.

ચૂંટણીઓનું મહત્ત્વ

મતદારો અને રાજકીય પદ્ધતિ માટે ચૂંટણીના અલગ-અલગ હેતુઓ છે. મતદારો ચૂંટણીઓ દ્વારા રાજકીય પ્રક્રિયામાં ભાગ લઈ શકે છે, જ્યારે રાજકીય પદ્ધતિ માટે ચૂંટણી કાયદેસરતા (લિજિટિમસિ) અથવા નીતિ-નિર્ધારણની પ્રક્રિયા માટે લોકમત પ્રાપ્ત કરે છે. ચૂંટણીઓ લોકો અને સરકાર વચ્ચે એક રાજકીય કડી (પોલિટિકલ લિંકેજ)નું કામ કરે છે. આ ઉપરાંત ચૂંટણીઓ મતદારોને રાજકીય રક્ષણ અને રાજકીય શિક્ષણ આપવાનું કામ પણ કરે છે.

લોકશાહી શાસનપદ્ધતિમાં લોકો રાજકીય પ્રક્રિયામાં ભાગ લે તે ખૂબ જ આવશ્યક ગણવામાં આવે. ચૂંટણીએ લોકોને રાજકીય પ્રક્રિયામાં ભાગ લેતા કરવાનું એક અગત્યનું સાધન અને માધ્યમ છે. ચૂંટણી દ્વારા લોકો પોતાના નેતાઓની પસંદગી કરે છે, અને આમ પરોક્ષ રીતે કોઈ એક પક્ષ, નીતિઓ અને સરકારની પસંદગી તેઓ કરે છે. જરૂર પડ્યે મત દ્વારા સરકાર બદલાવી સત્તાનું હસ્તાંતરણ પણ શાંતિપૂર્ણ રીતે પાર પાડવામાં આવે છે. લોકશાહી દેશમાં બુલેટને બદલે બેલેટ (મતપત્ર) દ્વારા સત્તાપરિવર્તન શક્ય બને છે અને સરકાર બદલાવી નાખવાની આ શક્તિનો મતદારોએ ૧૯૭૭, ૧૯૮૦ અને ૧૯૮૯ની ચૂંટણીઓમાં સફળ ઉપયોગ કર્યો પણ છે!

દુનિયાનાં બીજા નાના નાના દેશો અને આપણી સાથે જ આઝાદી પ્રાપ્ત કરનાર દેશમાં જ્યારે એક યા બીજા કારણોસર લોકશાહી શાસનપદ્ધતિના છેડને કચડી નાખવામાં આવ્યો છે ત્યારે આટલી વિવિધતા અને વિશાળ જનસમુદાય ધરાવતા આપણા દેશમાં અત્યાર સુધીમાં લોકસભાની નવ ચૂંટણીઓ સફળ રીતે પાર પાડવામાં આવી છે. ચૂંટણી દ્વારા સત્તાની ફેરબદલીની શાન્ત પ્રક્રિયાએ આટલા વિશાળ દેશમાં લોકશાહીના દીપકને જલતો રાખવામાં અગ્રિમ ભૂમિકા નિભાવી છે.

એ યાદ રહે કે લોકપ્રતિનિધિઓની સંસ્થાઓમાં પોતાના પ્રતિનિધિને ચૂંટવાની પ્રક્રિયાને 'ચૂંટણી' (ઇલેકશન) કહે છે, પરંતુ કોઈ પ્રશ્ન કે અગત્યના રાષ્ટ્રિય કે રાજકીય વિવાદ પર લોકોનો અભિપ્રાય જાણવાની કે પ્રજામત લેવાની અથવા તો ધારાસભાએ પસાર કરેલા નિર્ણય અંગે મતદારોની સંમતિ લેવાની પ્રક્રિયાને 'જનાદેશ' (રેફરન્ડમ) કહે છે. તાજેતરમાં સોવિયેત પ્રમુખ મિખાઈલ ગોર્બાચેવે સોવિયેત રાષ્ટ્રનું સંઘીય સ્વરૂપ જાળવી રાખવા બાબતે રાષ્ટ્રવ્યાપી જનમત માગ્યો હતો એ તો સર્વવિદિત ઘટના છે.

લોકસભાની સભ્યસંખ્યા

લોકસભામાં કુલ ૫૪૫ બેઠકોમાંથી ૫૪૩ બેઠકો ચૂંટણી દ્વારા અને બાકીની બે બેઠકો નિમણૂક દ્વારા ભરવામાં આવે છે. ચૂંટણી દ્વારા ભારતની ૫૪૩ બેઠકોમાંથી ૫૩૦ બેઠકો જુદાં જુદાં ૨૫ રાજ્યોમાંથી અને ૧૩ બેઠકો સાત કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી ભરવામાં આવે છે. વળી, આ ૫૪૩ બેઠકોમાં રાજ્યોમાંથી ૪૧૩ બેઠકો સામાન્ય અને ૧૧૭ બેઠકો અનામત (૭૮ અનુસૂચિત જાતિ/૩૯ અનુસૂચિત જનજાતિ) કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી ૧૦ બેઠકો સામાન્ય અને ૩ બેઠકો અનામત (૧ અનુસૂચિત જાતિ/૨ અનુસૂચિત જનજાતિ) તથા એકંદરે જોઈએ તો, ૪૨૩ બેઠકો સામાન્ય અને ૧૨૦ બેઠકો અનામત (૭૯ અનુસૂચિત જાતિ/૪૧ અનુસૂચિત જનજાતિ) છે.

જે મતવિસ્તારોમાં કુલ વસતીના પ્રમાણમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ વસતી વધુ હોય તે મતવિસ્તારોની બેઠકો તેમના માટે અનામત ફાળવવાની બંધારણની કલમ ૩૩૦ (૨) અનુસાર જોગવાઈ કરવામાં આવી છે. લોકસભાની કુલ ૫૪૫ બેઠકોમાંથી કુલ ૧૨૦ (અર્થાત્ કુલ બેઠકોના ૨૨%) અનામત બેઠકો છે તેમાં (૧ બેઠક કેન્દ્રશાસિત પ્રદેશમાં અને ૭૮ બેઠકો વિવિધ રાજ્યોની મળીને કુલ) ૭૯ બેઠકો અનુસૂચિત જાતિ (હરિજનો) માટે તથા (૨ બેઠકો કેન્દ્રશાસિત પ્રદેશોમાં અને ૩૯ બેઠકો વિવિધ રાજ્યોની મળીને કુલ)૪૧ બેઠકો અનુસૂચિત જનજાતિ (આદિવાસીઓ) માટે અનામત છે. વળી, બંધારણના આર્ટિકલ ૩૩૧ હેઠળ લોકસભામાં બે બેઠકો ઍંગ્લો-ઈન્ડિયન સમુદાયના સભ્યો માટે અનામત રાખવામાં આવી છે, જેની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે.

લોકસભાની સભ્યસંખ્યામાં પણ વર્ષોથી ધીમી ગતિએ વધારો થઈ રહ્યો છે. ૧૯૫૨માં કુલ સભ્ય-સંખ્યા ૪૯૧ હતી, જે હવે તો ૫૪૫ થઈ છે. આમ, ૩૯ વર્ષોમાં ૫૪ બેઠકોનો ઉમેરો થયો છે. અનુસૂચિત જનજાતિઓ માટેની અનામત બેઠકોની સંખ્યા પણ ૭૨થી વધીને ૭૯ તથા અનુસૂચિત જનજાતિઓ માટેની ૨૬માંથી ૪૧ બેઠકો થઈ છે. આમ, કુલ ૯૮ અનામત બેઠકો વધીને હવે ૧૨૦ બેઠકો થઈ છે, જ્યારે સામાન્ય બેઠકો ૩૯૧માંથી વધીને ૪૨૩ ઉપર પહોંચી છે.

મતદારો અને મતદારયાદીઓ

ભારત જેવા વિરાટ દેશમાં સાર્વત્રિક ચૂંટણીઓનું સફળતાપૂર્વક આયોજન કરવું એ એક મહાપડકાર છે. અમેરિકા, ઈન્ડોનેશિયા, બ્રાઝિલ, જપાન, પાકિસ્તાન અને નાઈજિરિઆના મતદારોનો સરવાળો કરીએ તો પણ ભારતના મતદારોની સંખ્યા તેનાથી પણ વધી જાય! આપણા વિશાળ દેશની મતદારયાદીઓ તૈયાર કરવા પાછળ જ આશરે દસ લાખ કર્મચારીઓને રોકવા પડે છે અને પાંચ કરોડ રૂપિયા જેટલો ખર્ચ થાય છે!

આપણી સંસદે ચૂંટણીઓ માટે લોક પ્રતિનિધિત્વ ધારા (રિપ્રેઝન્ટેશન ઑફ ધ પીપલ એક્ટ્સ) : ૧૯૫૦ અને ૧૯૫૧ પસાર કર્યા છે, જે અન્વયે મતદારોની લાયકાત, મતદારયાદી તૈયાર કરવાને લગતા નિયમો, ચૂંટણીની પ્રક્રિયાના નિયમો દર્શાવવામાં આવ્યા છે. ધર્મ, જાતિ, વર્ગ કે કોમના પાયા પર અલગ-અલગ મતદારયાદીઓ તૈયાર કરવાના અંગ્રેજોએ ઘડેલા કાયદાની જગ્યાએ કોઈ પણ જાતના ભેદભાવ વિના એક જ સામાન્ય મતદારયાદી તૈયાર કરવાની જોગવાઈ કરવામાં આવી છે.

૧૯૮૯માં ૬૨મા બંધારણીય સુધારા બિલ દ્વારા કેન્દ્ર સરકારે મતદાન કરવાની વય મર્યાદા ૨૧ વર્ષથી ઘટાડીને ૧૮ વર્ષની કરી છે.

તેથી ૧૯૮૯ની છેલ્લી ચૂંટણીઓમાં મતદારોની સંખ્યામાં ભારે વધારો થયો હતો. ૧૮ થી ૨૧ વર્ષની વચ્ચેનાં ગુજરાત રાજ્યમાં ૯,૯૫,૭૯૭ યુવકો અને ૭,૩૪,૧૨૩ યુવતીઓ સહિત ૧૭,૨૯,૯૨૦ તથા ભારતભરમાં કુલ ૩,૫૬,૯૦,૪૧૫ યુવા મતદારોને લોકસભાની ૧૯૮૯માં યોજાએલી નવમી સામાન્ય ચૂંટણીઓમાં પ્રથમવાર મતદાન કરવાની તક મળી હતી!

પક્ષો, ઉમેદવારો અને ચૂંટણી-ખર્ચ

કોઈ પણ પક્ષોને ચૂંટણી ચિહ્‌ન અને પક્ષ તરીકેની માન્યતા આપવાનું કાર્ય ચૂંટણી પંચ દ્વારા કરવામાં આવે છે. ૧૯૫૨ની સામાન્ય ચૂંટણીઓ બાદ કરવામાં આવેલી જોગવાઈ મુજબ કોઈ પણ પક્ષે રાષ્ટ્રિય તરીકેની માન્યતા મેળવવા માટે અગાઉની સામાન્ય ચૂંટણીમાં નાખવામાં આવેલા કુલ મતોના ત્રણ ટકા મતો પ્રાપ્ત કર્યા હોવા જોઈએ. ભારતમાં અત્યારે આઠ રાષ્ટ્રિય અને ૪૦ રાજ્ય કક્ષાના માન્યતાપ્રાપ્ત પક્ષો તથા ૧૮ નોંધાયેલા પક્ષો. એમ કુલ ૬૬ રાજકીય પક્ષો ચૂંટણી પંચના દફતરે છે. (આઠ રાષ્ટ્રિય કક્ષાના પક્ષો આ મુજબ : કૉંગ્રેસ (આઈ), ભારતીય જનતા પક્ષ, લોકદળ(બી), જનતા દળ, જનતા પક્ષ (જે.પી.), ભારતીય સામ્યવાદી પક્ષ, કૉંગ્રેસ(એસ) અને માર્ક્સવાદી સામ્યવાદી પક્ષ. તેવી રીતે નિયમ મુજબ ૨૫ વર્ષની ઉંમર ધરાવતો કોઈ પણ ભારતીય નાગરિક (અન્ય રીતે ગેરકાયદેસર ઠરતો ન હોય તો) લોકસભાની બેઠક માટે ઉમેદવારી નોંધાવી શકે છે. ઉમેદવાર પોતાના મતવિસ્તારના મતદાનના (ફરીથી, મતદાનના) ૧/૬ ભાગ મેળવવામાં નિષ્ફળ જાય તો તેની ડિપૉઝિટ જપ્ત થાય છે.

જરૂરી ચીજવસ્તુઓના વધેલા ભાવોને ધ્યાનમાં રાખીને ચૂંટણી પંચ નિયમિત સમયાન્તરે ચૂંટણી ખર્ચ સંબંધી મર્યાદા નક્કી કરે છે. ચૂંટણી જંગ ખેલનારા ઉમેદવારો કેટલો ખર્ચ કરી શકે તે અંગેની નવીનતમ મર્યાદા ૧૯૮૯ની લોકસભા ચૂંટણી સમયે ચૂંટણી પંચે જાહેર કરેલી. તે અનુસાર લોકસભાની ચૂંટણી લડનારા ઉમેદવારો વ્યક્તિગત રીતે ૨.૧ લાખ અને વિધાનસભાની ચૂંટણી લડતા ઉમેદવારો ૭૫ હજાર રૂપિયા સુધીનો ખર્ચ કરી શકે છે. ચૂંટણીના કાયદા અન્વયે ચૂંટણીના ઉમેદવારો વતી તેમનો રાજકીય પક્ષો, મિત્રો-શુભેચ્છકો અને સગા-સંબંધીઓ પોતાની શક્તિ અનુસાર ખર્ચ કરી શકે છે, જેનો ઉમેદવારોના ચૂંટણી-ખર્ચની મર્યાદામાં સમાવેશ થતો નથી. એક એવો અંદાજ છે કે અત્યારે એક સંસદ-સભ્ય ચૂંટવાનો સરેરાશ ખર્ચ રૂ. ૫૦ થી ૬૦ લાખની વચ્ચે થાય છે!

ભારતનું ચૂંટણી પંચ

ભારતનું જે તંત્ર જગતની સૌથી મોટી લોકતાંત્રિક પ્રક્રિયા હાથ ધરી રહ્યું છે એ 'ચૂંટણી પંચ'નો કાયમી સ્ટાફ તો માત્ર ૨૨૫ કર્મચારીઓનો જ છે. દિલ્હીમાં સંસદ ભવનની પાસે આવેલ ચૂંટણી પંચના કાર્યાલયનું મકાન 'નિર્વાચન સદન'ના નામે ઓળખાય છે, જે અત્યારે અનેકવિધ ચૂંટણીકીય પ્રવૃત્તિઓથી ધમધમી રહ્યું છે.

સમગ્ર ચૂંટણીઓનાં આયોજન અને સંચાલન માટે ભારતના બંધારણમાં કલમ ૩૨૪ અન્વયે એક સ્વતંત્ર ચૂંટણી પંચ(ઇલેક્શન કમિશન ઑફ ઇન્ડિયા)ની જોગવાઈ કરવામાં આવી છે. આ પંચના વડા તરીકે મુખ્ય ચૂંટણી આયુક્ત (ચિફ ઇલેક્શન કમિશનર) કહેવાય છે, જેની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે. (અત્યારે ચૂંટણી પંચના મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે શ્રી ટી.એન.શેષન અને નાયબ ચૂંટણી કમિશનર ડૉ. આર.પી.ભલ્લા છે.) અન્ય વિભાગીય ચૂંટણી કમિશનરોની નિમણૂક રાષ્ટ્રપતિ મુખ્ય ચૂંટણી કમિશ્નર સાથે ચર્ચા-વિચારણા કર્યા બાદ કરે છે. ચિફ ઇલેક્શન કમિશનરનું મોટાભાગનું કાર્ય આયોજનને લગતું જ હોય છે. કાર્યક્રમનો અમલ વિવિધ રાજ્યોના ૩૧ ચિફ ઇલેક્શન ઑફિસર્સ કરે છે. તેમના હાથ નીચે દરેક જિલ્લાના કલેકટરો હોદ્દાની રૂએ ડિસ્ટ્રિક્ટ ઇલેક્શન ઑફિસર્સની જવાબદારી સંભાળતા હોય છે. જિલ્લા કલેકટરોના હાથ નીચે મતદારક્ષેત્ર દીઠ એક રિટર્નિંગ ઑફિસર હોય છે. દરેક રિટર્નિંગ ઑફિસરને બે મદદનીશો આપવામાં આવે છે. રિટર્નિંગ ઑફિસરો અને મદદનીશ માટે સરકારી કર્મચારીઓની સેવા લેવામાં આવે છે.

ચૂંટણી પંચ ચૂંટણીઓને લગતી પ્રક્રિયા (જેવી કે ચૂંટણીની તારીખો જાહેર કરવી, ચૂંટણી-પ્રતીકો ફાળવવાં, રાજકીય પક્ષોની નોંધણી, મતદારયાદીઓ તૈયાર કરવી, મતદાન માટેની વ્યવસ્થા કરવી, ચૂંટણીનાં પરિણામો જાહેર કરવાં વગેરે સુધીનાં કાર્યો રાજ્ય સરકારના વહીવટી તંત્રની મદદથી પાર પાડે છે. ચૂંટણી જાહેર થઈ ગયા પછી મતદાનના કાર્યક્રમ બાબત પંચ સ્વાયત્ત છે. પરંતુ કોઈ સૂચનો હોય તો તેના ઉપર વિચાર કરી શકે છે. સામાન્ય પ્રણાલી એવી છે કે મતદાનની તારીખ લગભગ ૩૮ દિવસ પહેલાં ચૂંટણી કાર્યક્રમ જાહેર થઈ જવો જોઈએ. મતદાન માટે સમગ્ર દેશમાં એક જ દિવસ હોય એ આદર્શ પરિસ્થિતિ છે, પરંતુ વહીવટી રીતે એ શક્ય ન હોવાથી સમગ્ર ચૂંટણીમાં બે કે ત્રણ દિવસનું મતદાન ગોઠવવું પડે છે. ઉપરાંત, મતદાનની તારીખો નક્કી કરતી વખતે શાળા/યુનિવર્સિટીઓની પરીક્ષાઓ, લગ્નગાળો, મહત્ત્વનાં ધાર્મિક કે રાષ્ટ્રિય તહેવારો, જાહેર રજાઓ, રમઝાનના ઉપવાસ, લણણીની મોસમ વગેરે બાબતોને ધ્યાનમાં લેવામાં આવે છે. ચૂંટણી સમયે આવા પ્રસંગોમાં ચૂંટણી અવરોધરૂપ બને નહિ તે રીતે આયોજન ગોઠવાય છે.

ચૂંટણી કમિશનરોની નોકરીની શરતો અને મુદત સંસદ દ્વારા નક્કી કરવામાં આવે છે. વળી, મુખ્ય ચૂંટણી કમિશનરને દૂર કરવા માટે જે રીતે કોર્ટના ન્યાયાધીશોને દૂર કરવા જે કાર્યવાહી કરવી પડે છે તે જ કાર્યવાહીને અનુસરવી પડે છે. બીજા શબ્દોમાં, સાબિત થએલી ગેરવર્તણૂક અથવા અક્ષમતાના કારણોસર સંસદનાં બંને ગૃહોમાં ખાસ બહુમતીથી ઠરાવ પસાર કરીને તેમને દૂર કરી શકાય છે. ચૂંટણી પંચની આઝાદી જળવાઈ રહે તે માટેના ઉપાયોના ભાગરૂપે ચૂંટણી સુધારા માટેની સમિતિએ ગયા વર્ષે (૧૯૯૦માં) જે કેટલાક સુધારા સૂચવ્યા છે તેમાં મુખ્ય ચૂંટણી કમિશનર દ્વારા નિવૃત્તિ બાદ કોઈ લાભકારક જાહેર હોદ્દો સંભાળવા પર પ્રતિબંધ મૂકવાનો તથા મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરોના પગાર તથા અન્ય સંબંધિત બાબતોનું રક્ષણ કરવા સૂપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિઓ અને કોન્ટ્રોલર એન્ડ ઑડિટર જનરલ ઑફ ઇન્ડિયા માટેની જોગવાઈ જેવી જ બંધારણીય જોગવાઈઓ કરવાનો સમાવેશ થાય છે.

વર્તમાન ચૂંટણીનું અવનવું

આ વખતે ભારતનાં ૨૨ રાજ્યો અને ૭ કેન્દ્ર શાસિત પ્રદેશોની ૫૩૦ લોકસભા બેઠકોની ચૂંટણીઓની સાથોસાથ પાંચ રાજ્યો અને

એક કેન્દ્રશાસિત પ્રદેશની વિધાનસભાઓ તેમજ ચાર રાજ્યોમાં ખાલી પડેલી વિધાનસભા બેઠકોની પેટા-ચૂંટણીઓ પણ યોજાશે. જમ્મુ-કાશ્મીર(૬) એ અશાંત રાજ્ય સિવાયની બાકીની કુલ ૫૩૦ સંસદીય, ઉત્તર પ્રદેશ (૪૨૫), તામિલનાડુ(૨૩૪), પશ્ચિમ બંગાળ(૨૯૪), કેરાલા(૧૪૦) અને હરિયાણા(૯૦) એ પાંચ રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશ પોંડિચેરી(૩૦) મળીને કુલ ૧૨૧૩ વિધાનસભા ઉપરાંત આંધ્ર પ્રદેશ(૨), ગુજરાત(૩), કર્ણાટક(૧) અને મિઝોરમ(૩) મળીને કુલ ૯ વિધાનસભાની પેટા-ચૂંટણીઓનાં મતદાર-ક્ષેત્રમાંથી પોતાનાં પ્રતિનિધિઓને ચૂંટવા મતદાન કરવાની વય ધરાવતા ભારતનાં બધાં નાગરિકો દેશભરમાં ૨૦, ૨૩ અને ૨૬મી મે તેમજ ૬ અને ૨૨ જૂનના રોજ યોજાયેલી મધ્યાવધિ ચૂંટણીઓમાં મતદાનના અધિકારનો ઉપયોગ કરી પોતાનાં પ્રતિનિધિઓ ચૂંટી કાઢશે.

રાષ્ટ્રપતિના લોકસભા વિસર્જન અને નવેસરથી ચૂંટણીઓ યોજવાના આદેશ સાથે જ ચૂંટણી પંચે દસમી લોકસભાની રચના માટે ૧૩મી માર્ચથી જ પોતાની કામગીરીનો આરંભ કરી દીધો છે. આ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા મતગણતરીના અંત સાથે પૂરી થઈ જશે. ૧૯૫૨ની સૌપ્રથમ સામાન્ય ચૂંટણી કરતાં મે-જૂન ૯૧ની મધ્યસત્રી ચૂંટણીમાં ત્રણ ગણાથી પણ વધુ એટલે કે ૫૨.૧૦ કરોડ મતદારો મતદાનમાં ભાગ લે એવી શક્યતા છે. આ માટે છ લાખ મતદાન મથકો ઊભાં કરવામાં આવશે. ગત ૧૯૮૯ના નવેમ્બરમાં યોજાએલી ચૂંટણી પાછળ ૧૧૦ કરોડનો ખર્ચ થયો હતો, પરંતુ આ વર્ષે કાગળ, ડિઝલ-પેટ્રોલના ભાવોમાં થયેલા વધારાને જોતાં ચૂંટણી પાછળ રૂ.૧૫૦ થી ૧૬૦ કરોડનો ખર્ચ થશે એવો સંભવ છે. (જે એક મોટા રાજ્યની વાર્ષિક યોજનાથી પણ વધારે છે!) ફક્ત મતપત્રકો તૈયાર કરવા પાછળ રૂા. ૨૦ કરોથી વધુ રકમ અને ૧૦,૦૦૦ મેટ્રિક ટન કાગળ વપરાશે! (છેલ્લી ચૂંટણી સમયે આ આંકડા અનુક્રમે ૧૫.૫ કરોડ અને નવ હજાર મેટ્રિક ટનના હતા).

લોકસભાની ચૂંટણી પાછળ જે કંઈ ખર્ચ થાય તે કેન્દ્રના કાયદા ખાતાએ ભોગવવાનો હોય છે. રાજ્ય સરકાર જે ખર્ચ કરે તેની ચૂકવણી પણ કેન્દ્રે કરી આપવાની રહે છે. જે રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીઓ પણ થઈ રહી છે ત્યાં કુલ ખર્ચનો અડધો ભાગ રાજ્ય સરકારે આપવાનો રહે છે.

સામાન્ય ચૂંટણીઓની અસામાન્ય ઘટનાઓ

સૌથી વધુ મતે વિજય : અત્યાર સુધીની ચૂંટણીઓમાં વ્યક્તિગત રીતે સૌથી વિશેષ મતસંખ્યા મેળવવાનું ગૌરવ રાષ્ટ્રિય મોરચાના મહામંત્રી રામવિલાસ પાસવાનને ફાળે જાય છે. ૧૯૮૯ની ચૂંટણીઓમાં તેમને કુલ ૪,૯૮,૩૭૭ મતો મળ્યા હતા અને આમ તેઓ અત્યાર સુધી વધુમાં વધુ મતે વિજયી થનારાઓમાં રાષ્ટ્રભરમાં પ્રથમ સ્થાને છે. (આ અગાઉ પણ માર્ચ-૧૯૭૭ની ચૂંટણીમાં જનતા પક્ષના ઉમેદવાર તરીકે શ્રી. પાસવાને બિહારના હાજીપુર મત-વિસ્તારમાંથી ૪,૨૪,૫૪૫ મતોએ વિજય મેળવીને 'ગિનેસ રેકોર્ડ્ઝ બુક'માં સ્થાન મેળવ્યું હતું!) શ્રી પાસવાન પછી સૌથી વધુ મતથી વિજય મેળવનારાઓમાં (બિહારની જેલમાંથી ચૂંટણી લડેલા) અકાલી દળના નેતા સિમરણજિતસિંહ માન ૪,૮૦,૪૭૦ મતો મેળવીને બીજા સ્થાને રહ્યા છે.

સૌથી વધુ અને સૌથી ઓછી સરસાઈ : દેશભરમાં સૌથી વધુ મતોની સરસાઈથી વિજયી બનવાનું બહુમાન ભૂતપૂર્વ વડાપ્રધાન શ્રી. રાજીવ ગાંધીને ફાળે જાય છે. ૧૯૮૪માં તેઓ ૩,૧૪,૮૭૮ મતે (૮૩.૬૭%)ની સરસાઈથી જીત્યા હતા. (તેમના પ્રતિસ્પર્ધી સંજય મંચના પ્રમુખ મેનકા ગાંધીને માત્ર ૫૦,૧૬૩ મત મળ્યા હતા). તો, ચૂંટણીના યુદ્ધમાં લાખો મતો પડ્યા હોય અને માત્ર મુઠ્ઠીભર મતોએ ઉમેદવારોનું ભાવિ પલટી નાખ્યું હોય એવા બનાવો પણ બનતા હોય છે. તેમાં એક કિસ્સો રસપ્રદ છે. ૧૯૭૧ની ચૂંટણીમાં તામિલનાડુની તિરેચેન્દુરની બેઠક પરથી દ્રવિડ મુનેત્ર કળગમ (ડી.એમ.કે)ના એમ.એસ શિવાસ્વામી તેમના પ્રતિસ્પર્ધી સ્વતંત્ર પક્ષના ઉમેદવાર એમ. મથિયાસને માત્ર ૨૬ (હા, માત્ર છવ્વીસ)મતની સરસાઈથી હરાવીને ચૂંટાઈ આવ્યા હતા! લોકસભાની અત્યાર સુધી યોજાએલી નવ ચૂંટણીઓમાં આ સૌથી સાંકડી સરસાઈ રહી છે.

સતત ચૂંટાવાનો વિક્રમ : ૧૯૮૯માં લોકસભાના કાર્યકારી અધ્યક્ષપદની કામગીરી સંભાળનાર વયોવૃદ્ધ સાંસદ પ્રો. એન.જી. રંગા લોકસભાના સૌથી વરિષ્ઠ સભ્ય છે. તેઓ છેક ૧૯૫૨થી સતત નવ વખત ગૃહમાં ચૂંટાતા આવ્યા છે!

નાના અને મોટા મતવિસ્તારો : દેશનો સૌથી નાનો સંસદીય મતવિસ્તાર લક્ષદ્વીપ-મિનિકોય છે, જ્યાં માત્ર ૩૦.૫ હજાર જ મતદારો છે! દેશના સૌથા મોટા સંસદીય મતવિસ્તારો બે છે. મતદારોની સંખ્યાની દૃષ્ટિએ પશ્ચિમ બંગાળમાં આવેલ ડમડમ લોકસભા મત વિસ્તાર ૧૯,૦૨,૬૧૫ મતદારો સાથેનો ભારતમાં સૌથી વધુ મતદારો ધરાવતો મતવિસ્તાર છે. તો, રાજસ્થાન રાજ્યનો બાડમેર મતવિસ્તાર ભારતનો વિસ્તારની દૃષ્ટિએ સૌથી મોટો મતવિસ્તાર છે. (જે વિશ્વનો પણ સૌથી મોટો ચૂંટણીવિસ્તાર ગણાય છે !!)

સૌથી મોટું મતપત્ર : નવેમ્બર, ૧૯૮૯માં યોજાએલી લોકસભાની ચૂંટણીમાં અત્યાર સુધીનું લાંબામાં લાંબું મતપત્રક હરિયાણા રાજ્યની ભિવાની બેઠક માટેનું હતું, જ્યાં વિક્રમી સંખ્યામાં ૧૨૨ ઉમેદવારોએ ચૂંટણીમાં ઝંપલાવેલું! આ તમામ ઉમેદવારોને ચૂંટણી પ્રતીકો ફાળવવા માટે હરિયાણા ચૂંટણી તંત્રને ૯૪ પ્રતીકો અન્ય રાજ્યોમાંથી ઉછીનાં લેવાં પડેલાં! આ બધાં (અર્થાત્ ૧૨૨) ઉમેદવારોનાં નામો અને તેમનાં પ્રતીકોને સમાવવા માટે મતપત્રકને આઠ પેનલોમાં વહેંચવામાં આવેલું અને પ્રત્યેક પેનલ ઉપર ૧૬ નામો મૂકવામાં આવેલાં. પરિણામે તે મતપત્રક લગભગ ૩૪ ઈંચ લાંબું અને ૨૭ ઈંચ પહોળું (એટલે કે એક મોટા અખબારનાં બે પાનાં જેટલું) બનેલું!

દેશનું ભાવિ કોના હાથમાં ?

ચૂંટણીમાં જે પક્ષને લોકસભાની બહુમતી બેઠકો મળે તે પક્ષ સરકાર રચે છે એ પરથી આપણે પહેલી નજરે એમ માનીએ છીએ કે એ પક્ષને દેશની બહુમતી પ્રજાનો ટેકો મળ્યો છે. પણ વાસ્તવમાં આવું નથી. આપણી લોકશાહીમાં મતનું મહત્ત્વ ઘણું છે. લગભગ ૮૦ કરોડની વસતી ધરાવતા આપણા દેશમાં આશરે ૫૦ કરોડ જેટલા મતદારો છે. હવે આમાંથી પણ અંદાજિત ૨૫ થી ૩૦ કરોડ (અર્થાત્ ૫૦ થી ૬૦%) જેટલા લોકો જ મતદાન (વોટિંગ)માં ભાગ લે છે. વળી, મતદાન કરનાર બધાં જ લોકો જુદા-જુદા પક્ષો અને વ્યક્તિઓ માટે મતદાન કરે છે. આ મતદાનના પરિણામે જે પક્ષને સરેરાશ વધુ મતો

અને સાદી બહુમતી મળે તે પક્ષ સત્તા સંભાળે છે. તેમની ટકાવારી જોઈએ તો માત્ર ૧૦ કરોડ (એટલે કે ૪૦%) લોકનાં મત જ એમને મળ્યા હોય છે. આમ, આંકડાકીય પરિભાષામાં એવું તારણ-સમીકરણ બાંધી શકાય કે ૮૦ કરોડની પ્રજાનું ભાવિ માત્ર ૧૦ કરોડ લોકો જ નક્કી કરે છે!

આમ, કોઈ પણ પક્ષે કુલ મતદાનનાં કેટલા ટકા મતો પ્રાપ્ત કર્યા તે જોવામાં નથી આવતું. કોઈ પણ પક્ષે માત્ર ૪૦% મતો મેળવ્યા હોય, પરંતુ બેઠકોની દૃષ્ટિએ વધુ બેઠકો મેળવી હોય તો તે પક્ષ સરકાર રચી શકે છે. આમ, કુલ મતદાનના ટકા અને કુલ બેઠકોના ટકા વચ્ચે ઘણો તફાવત રહે છે, રહી શકે છે. દા.ત. ૧૯૮૦ની સામાન્ય ચૂંટણીમાં કૉંગ્રેસ(આઇ)ને ૪૨.૫૮% મતો મળ્યા હતા, જ્યારે તેને લોકસભાની કુલ ૬૭% (બે તૃતીયાંશ) બેઠકો મળી હતી ! આમ, બેઠકોનું પ્રમાણ અને મતોની ટકાવારી વચ્ચેનો રેશિઓ અસમાન છે.

ચૂંટણીઓમાં ગુજરાત

ગુજરાત રાજ્યની રચના ૧૯૬૦માં કરવામાં આવેલી તે પછી રાજ્યમાં સૌપ્રથમ સંસદીય ચૂંટણીઓ ૧૯૬૨માં થયેલી. ત્યારે ગુજરાતે લોકસભામાં પોતાનાં ૨૨ પ્રતિનિધિઓને ચૂંટી મોકલ્યા હતા. ૧૯૬૭ની ચૂંટણીઓમાં સંસદમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ વધીને ૨૪નું થયું અને ૧૯૭૭માં ગુજરાતની લોકસભામાં કુલ બેઠકો વધીને ૨૬ થઈ. અત્યાર સુધી એ સંખ્યા ચાલુ રહી છે.

ગુજરાતની લોકસભાની કુલ ૨૬ બેઠકોમાંથી બે બેઠકો (ધંધુકા અને પાટણ) અનુસૂચિત જાતિ (શિડ્યુલ્ડ કાસ્ટ્સ) માટે અનામત છે તથા ચાર બેઠકો (છોટાઉદેપુર, દાહોદ, વલસાડ અને સૂરતનું માંડવી) અનુસૂચિત જનજાતિ (શિડ્યુલ્ડ કાસ્ટ) માટે અનામત છે. બાકીની ૨૦ બેઠકો સામાન્ય છે તે આ મુજબ : ખેડા, પોરબંદર, સુરેન્દ્રનગર, સુરત,ગોધરા, આણંદ, મહેસાણા, બનાસકાંઠા, રાજકોટ, ભરુચ, કચ્છ, વડોદરા, જૂનાગઢ, સાબરકાંઠા, ભાવનગર, અમરેલી, ગાંધીનગર, જામનગર, કપડવંજ અને અમદાવાદ.

ગુજરાતમાં મતદારોની સંખ્યાની દૃષ્ટિએ સૌથી મોટા મત-વિસ્તાર તરીકેનું સ્થાન હવે સુરતને મળ્યું છે. ગુજરાતના તમામ ૨૬ સંસદીય મતવિસ્તારોમાંથી સુરતમાં સૌથી વધુ એટલે કે ૧૪,૦૮,૭૧૫ મતદારો છે.! રાજ્યમાં મતદારોની સંખ્યાની દૃષ્ટિએ સૌથી નાનો મત-વિસ્તાર કચ્છ છે, જ્યાં સૌથી ઓછા (૭,૬૯,૧૬૪) મતદારો છે. પરંતુ વિસ્તારની દૃષ્ટિએ કચ્છનો સંસદીય મતવિસ્તાર રાજ્યમાં સૌથી મોટો મતવિસ્તાર પણ બને છે. રાજ્યનાં ત્રણ સંસદીય મતક્ષેત્રો કચ્છ, મહેસાણા અને પાટણમાં પુરુષો કરતાં મહિલા મતદારોની સંખ્યા વધુ છે.


દેશભરમાં યોજાઈ રહેલા મતદાનમાંથી ગુજરાતમાં ૨૬મી મેએ મતદાન થશે. લોકસભા સાથે ગુજરાત વિધાનસભાની જે ત્રણ બેઠકોની પેટા-ચૂંટણીઓ પણ યોજાઈ રહી છે તે બેઠકો જામનગર, બોરસદ અને વાગરાની છે. ગુજરાત રાજ્યના વડા ચૂંટણી અધિકારી (ચિફ ઇલેક્શન ઑફિસર) તરીકે હાલ શ્રી કે. રામમૂર્તિ છે.

ગુજરાતમાં મતદારોની સંખ્યા

૧૯૮૦ :	૧,૬૪,૯૪,૧૪૧		
૧૯૮૪ :	પુરુષ	-	૯૫,૩૦,૫૧૨
	સ્ત્રી	-	૯૩,૨૮,૩૭૪
	કુલ	-	૧,૮૮,૫૮,૮૮૬
૧૯૮૯ :	પુરુષ	-	૧,૨૫,૦૨,૧૭૬
	સ્ત્રી	-	૧,૧૮,૩૧,૯૯૬
	કુલ	-	૨,૪૩,૩૪,૧૭૨
૧૯૯૧ :	પુરુષ	-	૧,૨૮,૧૮,૪૨૫
	સ્ત્રી	-	૧,૨૦,૮૮,૧૧૩
	કુલ	-	૨,૪૯,૦૬,૫૩૮

ગુજરાતનાં કેટલાંક મુખ્ય મતક્ષેત્રોમાં મતદારોની સંખ્યા

- સુરત	:	૧૪,૦૮,૭૧૫
ગાંધીનગર	:	૧૩,૭૧,૪૭૧
રાજકોટ	:	૧૧,૨૨,૩૭૯
મહેસાણા	:	૧૦,૧૩,૩૧૬
પાટણ	:	૯,૩૭,૧૧૭
પોરબંદર	:	૮,૫૨,૬૨૪
સુરેન્દ્રનગર	:	૮,૩૮,૬૭૫
જામનગર	:	૮,૨૫,૪૪૫
કચ્છ	:	૭,૬૯,૧૬૪



ધારાવાહી લઘુનવલ

સંભવામિ યુગેયુગે

રતિલાલ બોરીસાગર

પોલીસચોકીમાં

અમે પોલીસચોકીમાં પ્રવેશ્યા. ભદ્રંભદ્રને જોતાં જ પોલીસ અધિકારી ખુરશીમાંથી ઊભો થઈ ગયો. એને ઊભો થયેલો જોઈ ભદ્રંભદ્ર પ્રસન્ન થયા અને બોલ્યા, 'હે વિવેકચુડામણિ! તારા વિવેકથી હું અત્યંત પ્રસન્ન થયો છું.' ભદ્રંભદ્ર એની સામે જોઈને બોલ્યા હતા એટલે નિશ્ચિત પોતાને ઉદ્દેશીને જ કહેવાયું છે એમ પોલીસ અધિકારી સમજ્યો. એણે બાજુમાં ઊભેલા પોલીસને ધીમેથી પૂછ્યું, 'આણે કંઈ ગાળબાળ દીધી?' પોલીસે કહ્યું, 'ગાળ હોય એવું લાગતું નથી. પણ મેં આવો શબ્દ કોઈ દિવસ, સાંભળ્યો નથી.' ગૂંચવાયેલા પોલીસ અધિકારીએ તૈલવાહનચાલક અને સંચાલક પ્રતિ જોઈને પૂછ્યું, 'શું છે? કેમ આવ્યા છો? ટી.વી. સીરિયલવાળા છો? પોલીસચોકીમાં શૂટિંગ કરવાનું છે? પરવાનગી છે?' ભદ્રંભદ્રનું સ્વરૂપ જોઈ સર્વને નાટ્યની ભ્રાંતિ થઈ હતી. તૈલવાહનસંચાલકે ભદ્રંભદ્રે પોતાને બસમાંથી કેવી રીતે પટક્યો એનું વર્ણન કર્યું. ત્યાં પોલીસ અધિકારીની નજર મારા એક હાથમાં રહેલી દિવ્યપેટી અને બીજા હાથમાં રહેલી પરશુ પર પડી. પરશુ જોતાં જ એ ચોંકી ગયો: 'આવું ઘાતક હથિયાર તમે જમા કેમ નથી કર્યું?' એવું પોલીસોને પૂછી એણે મારા હાથમાંથી પરશુ છીનવી લેવાનો પ્રયત્ન કર્યો. આ જોઈ ભદ્રંભદ્ર એકદમ ક્રુદ્ધ થયા અને પોલીસ અધિકારીના હાથ પકડી લીધા: 'એ દિવ્ય શસ્ત્રને સ્પર્શ કરી તું પાપમાં ન પડ.' ભદ્રંભદ્ર અપાત્રે બહુવચનનો પ્રયોગ કરવાનું નિષિદ્ધ ગણતા હતા. તેઓ કહેતા, 'ઇશ્વર અને ઉત્કૃષ્ટ આર્ય પુરુષો વિના કોઈ માટે બહુવચનનો પ્રયોગ યુગપુરુષે કરવાનો ન હોય.' આ પ્રતીતિથી પ્રેરાઈને એમણે પોલીસ અધિકારી માટે પણ એકવચનનો પ્રયોગ કરી દીધો. પોલીસ અધિકારી ભદ્રંભદ્રની ગુહ્ય દૃષ્ટિ પામવા અસમર્થ હતો. એણે કહ્યું 'એ જાડિયા, જીભ સંભાળ; નહિ તો હમણાં ખેંચી કાઢીશ.' પોલીસ અધિકારીના અભદ્ર સંબોધનથી કોપાવિષ્ટ થઈ ભદ્રશ્રેષ્ઠ ભદ્રંભદ્ર બોલ્યા, 'નર્મદામોક્ષકર્તવ્યપરિપ્રાલનઅભિયાનપ્રવર્તક યુગપુરુષ માટે આવું હીન સંબોધન કરી પાપમાં પડવાનું તારા માટે ઇષ્ટ નથી.' 'જમાદાર, આ સાલાને આપણનેય ન આવડતી હોય એવી ગાળો આવડતી લાગે છે. તમે જલદી ચાર્જશીટ તૈયાર કરો.' પોલીસ અધિકારીએ અકળાઈને કહ્યું. જમાદાર કાગળિયાં તૈયાર કરી લખવા બેઠો એટલે પોલીસ અધિકારીએ પૂછ્યું, 'કુહાડી જેવું આ હથિયાર તારું છે?' ભદ્રંભદ્રે કહ્યું, 'નર્મદામોક્ષકર્તવ્યપરિપાલનઅભિયાનપ્રવર્તક યુગપુરુષ માટે એકવચનનો પ્રયોગ કરવો તારા માટે શોભાસ્પદ નથી.' પોલીસ અધિકારી હવે તો ખૂબ ગૂંચવાઈ ગયો. એણે આજુબાજુ જોયું અને બોલ્યો, 'બાજુની નિશાળમાંથી કોઈ માસ્તરને પકડી લાવો તો આ જે કહે છે તે કંઈક સમજાય.' પોલીસ અધિકારીને મદદ કરવાના શુભ આશયથી મેં કહ્યું, 'સાહેબ, શિક્ષકને બોલાવવાની જરૂર નથી. હું સ્પષ્ટીકરણ કરી આપીશ.' મારા કથનથી પોલીસ અધિકારીને શાતા વળી. એણે પૂછ્યું, 'આ શું કહે છે?' મેં કહ્યું, 'તેઓ કહે છે કે એમને તુંકારે બોલાવવાનું યોગ્ય નથી.' 'એ સાલો મને તુંકારે બોલાવે ને મારે એને તમે કહેવાનું?' પણ આટલું બોલતાં પોલીસ અધિકારીના મનમાં કંઈક પ્રકાશ પડ્યો અને એણે એક પોલીસને કહ્યું, 'પ્રધાનોના ફોટાવાળી ફાઈલ લાવ તો!' પેલો પ્રધાનોની છબીઓ લઈ આવ્યો. પોલીસચોકીમાં અપરાધીઓની છબીઓ રાખવાની પ્રથાની મને માહિતી હતી પણ પ્રધાનોની છબીઓ રાખવાનું પ્રયોજન સમજાયું નહિ.*

પોલીસ અધિકારીએ એક એક છબી જોતાં જોતાં ભદ્રંભદ્ર ભણી જોયું, પછી સંચિકા (ફાઇલ) બંધ કરી બોલ્યા, 'ઠીક ઠીક બોલો, આ કુહાડી તમારી છે? એ લઈને શું કામ કરો છો?' ભદ્રંભદ્ર બોલ્યા, 'આ દિવ્ય શસ્ત્રને વારંવાર કુહાડી કહી તું પાપમાં ન પડ.' 'તુંકારો સાંભળી પોલીસ અધિકારી વળી ઉશ્કેરાયો. પણ મેં દીનભાવે ક્ષમા આપવા કેવળ દૃષ્ટિ વડે પ્રાર્થના કરી. મારી પ્રાર્થના એણે માન્ય રાખી. ભદ્રંભદ્રે વળી કહ્યું, 'ભગવાન જામદગ્ન્યના આ શસ્ત્રને કુહાડી જેવું નામાભિધાન કરવાથી રૌરવ નામના નરકની પ્રાપ્તિ થાય છે. આ પરશુ છે. આ દિવ્ય શસ્ત્ર વડે ભગવાન જામદગ્ન્યે પૃથ્વીને એકવીસ વાર નક્ષત્રી કરી હતી.'

'ભગવાન જામ... કોણ?' પોલીસ અધિકારી માટે જામદગ્ન્યનું ઉચ્ચારણ શક્ય ન બન્યું.

'ભગવાન 'જામદગ્ન્યના નામથી કેવળ અજ્ઞ એવો તું કુંભીપાક નામના નરકની ગતિને પામીશ.' અપરાધી નાગરિક શિક્ષાસ્થાને શિક્ષાધિકારીને ભદ્રંભદ્ર એક પછી એક શિક્ષાનું જ્ઞાન કરાવી રહ્યા હતા. પોલીસ અધિકારીની અકળામણ વધતી જતી હતી. 'આ કુહા... જે હોય તે, શા માટે સાથે રાખીને ફરો છો?' 'શા માટે ધારણ કરો છો એમ પૂછવું ઇષ્ટ ગણાય. તથાપિ હે નાગરિકસુરક્ષાઅધિપતિ, તું પૃચ્છા કરે છે તો શ્રુયતામ્! અલ્પાવધિમાં આ ગુર્જરપ્રદેશમાં એક ભીષણ સંગ્રામ થવાનો છે. શત્રુઓ પુરાણપ્રાચીન શિવતનયા નર્મદા પર એક વિશાળ બંધ બાંધવા ઉદ્યુકત થયા છે. નર્મદાની રક્ષા માટે હું તથા મારો આ પરમ પ્રિય શિષ્ય અંબારામ સ્વર્ગલોકથી પૃથ્વીલોકમાં પધાર્યા છીએ. પાણી વગરના પ્રદેશને પાણી મળશે, ધનધાન્યથી ગુર્જરપ્રદેશ ઊભરાશે,

---

* બહુ પછીથી માહિતી મળી કે રાજ્યના મંત્રીઓ વેશપરિવર્તન કરી સરકારી સ્થાનોની મુલાકાત લેતા એટલે એમની સાથે અઘટિત વર્તન ન થઈ જાય એ માટે મંત્રીઓની છબીઓ રખાતી.

આવી ભ્રમણાઓ ફેલાવી નર્મદાવાળાઓ ભ્રાંતિ પ્રસારિત કરી રહ્યા છે. પણ હું શત્રુદળને સફળ નહિ થવા દઉં. મારા તપોબળે બંધની શિલાઓ ઉખાડી નાખીશ, નર્મદાનાં જળ સૂકવી દઈશ. 'ભટ્ટ' આ કોઈ પાગલ લાગે છે. એને કસ્ટડીમાં નાખી દો.' હવે કોપ શમાવવાનું ભટ્ંભટ્ર માટે દુષ્કર હતું. એ બોલ્યો, 'દુષ્ટ! નરાધમ! પાપી!' અને પેલો મોટી જેષ્ટિકા લઈ ઊભો થયો એને ઊભો થતો જોતાં ભટ્ંભટ્રનો વાક્પ્રવાહ થંભી ગયો. આમ છતાં, પેલો જેષ્ટિકાપ્રહાર કરી જ દેત, પણ એ જ વખતે ચારપાંચ નાગરિકો પોલીસચોકીમાં આવ્યા જેમાંના એકને પોલીસ અધિકારી ઓળખાતો હતો: 'આવો, આવો, સાહેબ! આપ અહીં...?' 'આ મહાનુભાવને છોડાવવા આવ્યો છું. એ બહુ મોટા માણસ છે.' વળી પેલો મંત્રીઓની છબીઓવાળી સંચિકા જોવા લાગ્યો. આગંતુક સજ્જને કહ્યું, 'ના, આ કોઈ પ્રધાન નથી. ચિંતા ન કરો. માત્ર એમને છોડી દો ને મારી સાથે આવવા દો, હું જરૂરી લખાણ કરી આપીશ.' ભટ્ંભટ્ર કંઈક બોલવા તત્પર થયા, પણ મેં ધીમેથી કહ્યું, ' આ આપ્તજનો જણાય છે. એમના કાર્યમાં વિઘ્ન ન કરવાનો ધર્મ પ્રાપ્ત થાય છે.' ધર્મની વાત સાંભળી ભટ્ંભટ્ર શાંત રહ્યા.

પોલીસ અધિકારીએ તૈલવાહનચાલક અને સંચાલકને એક બાજુ બોલાવીને કશીક વાત કરી. એક કાગળમાં કશુંક લખી એ બંનેના હસ્તાક્ષર કરાવ્યા. બીજા કાગળમાં કશુંક લખી પેલા આગંતુક સજ્જનના હસ્તાક્ષર કરાવ્યા. આટલી વિધિ પછી અમે પોલીસચોકીમાંથી બહાર આવ્યા.

પોલીસચોકીમાંથી બહાર આવી ભટ્ંભટ્રે પેલા સજ્જનને પૂછ્યું: 'પરમ સૌજન્યમૂર્તિ એવા આપ કોણ છો?'

'હું અખિલવિશ્વપર્યાવરણસુરક્ષામંડળની ગુજરાત શાખાનો પ્રમુખ છું. આ ભાઈ મંત્રી છે, પેલા ભાઈ સહમંત્રી છે. આપ નર્મદાયોજનાનો વિરોધ કરી રહ્યા છો તે સમાચાર જાણી અમે અત્યંત ખુશ થયા છીએ. અમે આપના સમર્થ નેતૃત્વ નીચે નર્મદાને બચાવવા પ્રયાસ કરીશું.'

'આપણા સૈન્યમાં સંખ્યા કેટલી છે?' ઉત્સાહિત થઈ ભટ્ંભટ્રે પૂછ્યું.

'હજુ તો અમે ત્રણ જણ જ છીએ. ગુજરાતમાં બધા શત્રુપક્ષે છે. પણ આપ આવતાં આપણું સૈન્ય વિશાળ થઈ જશે. આપ કોણ છો તે કૃપા કરીને કહો.'

'હું નર્મદામોક્ષકર્તવ્યપરિપાલનઅભિયાનપ્રવર્તક યુગપુરુષ ભટ્ંભટ્ર છું. આ મારો પ્રિય અને એકમાત્ર શિષ્ય અંબારામ છે. નર્મદાની રક્ષા કરવા અમે સ્વર્ગલોકમાંથી ઇન્દ્ર મહારાજના રથમાં બેસી અત્રે આવ્યા છીએ.' સ્વર્ગલોકથી આવ્યાની વાત સાંભળી એ લોકો સંશયગ્રસ્ત બન્યા હોય એવું લાગ્યું. અમે વધુ પડતું સુરાપન કરી લીધું, હોય અથવા ઉન્મત્તાલયમાંથી નાસી છૂટેલા ઉન્મત્તો હોઈએ એમ એ લોકો અમારી સામે તાકી રહ્યા. ભટ્ંભટ્રે કહ્યું 'તમે સંશય ન કરો. સંશયાત્મા વિનશ્યતિ. અમે ખરે જ સ્વર્ગલોકથી આવ્યા છીએ.' પેલાને ભટ્ંભટ્રની વાતમાં બહુ શ્રદ્ધા જન્મી હોય એવું લાગ્યું નહીં. છતાં એણે નમ્રતાથી કહ્યું, 'નર્મદાને બચાવવાના ઉદ્દેશથી આવેલા આપ અમારા માટે ઈશ્વર સમાન છો. આપ અમારી સાથે ચાલો.'

'ક્યાં જવાનું ઉદ્દીષ્ટ છે?'

'આપને માટે નિવાસનો પ્રબંધ કર્યો છે. નગરમાં આપના આગમનના સમાચાર ફેલાઈ ગયા છે. આવતી કાલે તમામ વર્તમાનપત્રોના પ્રતિનિધિઓ આપને મળવા આવે એવી ગોઠવણ કરી છે. અત્યારે આપની શોભાયાત્રાનું આયોજન કર્યું છે. અહીંથી થોડે દૂર એક ખુલ્લી જગ્યા છે. ત્યાં એક હજાર લોકો આવી પહોંચશે.'

'આટલી વારમાં એક હજાર લોકોને એકઠા કરી શકવાના આપના સામર્થ્યથી હું પ્રભાવિત અને પ્રસન્ન થાઉં છું.'

'કોઈ પણ સભા કે સરઘસ માટે કલાકમાં હજાર માણસો એકઠા કરી આપનારા અનેક લોકો આ શહેરમાં રહે છે. આવનારા લોકોને અને એકઠા કરનારા યોજકોને સારાં એવાં નાણાં આપવાં પડે છે. આપ હવે આ મોટરમાં બિરાજો.'

'તૈલવાહનમાં બિરાજવાનું મારા માટે નિષિદ્ધ છે. એનાથી પ્રદૂષણ થાય છે. પર્યાવરણની રક્ષા કાજે યુદ્ધે ચડનાર માટે પ્રદૂષણવર્ધક સાધનો વર્જ્ય ગણાય,' ભટ્ંભટ્રની વાત સાંભળી પેલા સજ્જન મૂંઝાયા અને મારી સામે જોઈ રહ્યા. મેં કહ્યું, 'મહારાજ! ખપ એનો છોછ નહિ.' એવું શાસ્ત્રવચન છે. ચામડું અપવિત્ર છે, પણ દેવમંદિરના નગારા માટે એની આવશ્યકતા હોઈ, એ મંદિરમાં પણ સ્વીકાર્ય બને છે.' શાસ્ત્રવચન સાંભળી પ્રસન્નતા અનુભવતા ભટ્ંભટ્ર બોલ્યા, 'શાસ્ત્રપ્રમાણથી યુક્ત એવાં તારાં વચન વિચારણીય છે. અત્યારે તૈલવાહનમાં પરિગમન બાધ્ય નથી. કિંતુ શોભાયાત્રા અર્થે આવનારા તૈલવાહનને પર્ણાચ્છાદિત કરીને લાવજો.'

તૈલવાહનમાં બેસી અમે ખુલ્લા મેદાનમાં પહોંચ્યા. અખિલ-વિશ્વપર્યાવરણસુરક્ષામંડળના સહમંત્રી, પ્રમુખશ્રીના આદેશથી કશેક ગયા. અમારા પહોંચવાની સાથે જ પાંચપાંચ દસદસ માણસો આવવા માંડ્યા. જોતજોતામાં હજારેક માણસો એકઠા થઈ ગયા. થોડી વારમાં વાજાંવાળા એમના ગણવેશમાં સજ્જ થઈ આવી પહોંચ્યા. એક પર્ણાચ્છાદિત ખુલ્લા તૈલવાહનને લઈ સહમંત્રી પણ આવી ગયા અને ભટ્ંભટ્રને એમાં ઊભા રહી પ્રજાજનોનું અભિવાદન ઝીલવાની વિનંતી કરાઈ. આગળની બેઠકમાં પર્યાવરણરક્ષામંડળના પ્રમુખશ્રી બેઠા. એક માણસે આવીને ભટ્ંભટ્રને પૂછ્યું. 'આપનું શુભનામ?'

'નર્મદામોક્ષકર્તવ્યપરિપાલનઅભિયાનપ્રવર્તક યુગપુરુષ ભટ્ંભટ્ર' પેલાને આમાં કંઈ સમજ પડી નહિ. કિંકર્તવ્યમૂઢ બની એ મારી સામે જોઈ રહ્યો. મેં કહ્યું 'ભટ્ંભટ્ર'; એટલે સંતુષ્ટ થઈ એ ગયો. થોડીવારમાં 'ભટ્ંભટ્રની ... જય....' એવા જયઘોષથી વાતાવરણ ગાજી ઊઠ્યું. ભટ્ંભટ્રે કહ્યું. 'અંબારામ! દેવોને પણ દુર્લભ એવું આ દૃશ્ય છે. જો, માર્ગના બંને પાર્શ્વ પર ઊભાં રહી નગરજનો આપણું અભિવાદન કરી રહ્યાં છે. અંબારામ! આજે હું કૃતકૃત્યતાની લાગણી અનુભવું છું.'

જનસમૂહનું અભિવાદન ઝીલતાં ઝીલતાં અમે નિવાસસ્થાને પહોંચ્યા.

(ક્રમશ:)

કમળો

માધવ ચૌધરી

યકૃત માનવશરીરનું (લીવર-Liver) અતિ મહત્ત્વનું અંગ છે. શરીરમાં થતી બધી જ રાસાયણિક ક્રિયાઓ યકૃત દ્વારા થાય છે. કમળાનો રોગ યકૃત સાથે સીધો સંબંધ ધરાવનારો રોગ છે. પાંડુરોગી જો પિત્તકર પદાર્થોનું સેવન કરે તો તેને કમળો થાય છે. એટલે કેટલીકવાર પાંડુરોગ થયા પછી કમળો થાય છે. કમળાના રોગીનાં આંખ, ત્વચા, નખ અને મોઢું પીળું થઈ જાય છે. તેનો પેશાબ અને ઝાડો પણ પીળો થઈ જાય છે. કમળાનો રોગી ચોમાસાના દેડકા જેવો થઈ જાય છે. એની ઇન્દ્રિયો અશક્ત થાય છે. તેને દાહ થાય છે. એ અપચો, નબળાઈ, ગ્લાનિ અને અરુચિથી પીડાય છે. કમળો ઘણા દિવસ સુધી રહે તો કમળી અથવા કુંભકમળો થાય છે. કમળો કોઠા-આશ્રિત અને શાખા(હાથ-પગ)આશ્રિત એમ બે પ્રકારનો હોય છે. એ રક્તાદિ ધાતુઓ-આશ્રિત પણ થાય છે. કમળો પાંડુરોગ બગડવાથી તેમ જ સ્વતંત્ર રીતે પણ થાય છે. કમળી અને કુંભકમળો એ જીવલેણ રોગ છે.

યકૃત્ત-લીવર-ને વધુ પડતું નુકસાન થતું અટકાવવા માટે ગળપણ-ગ્લુકોઝવાળી ચીજો વધુ લેવી. ફળફળાદિ, બટાટા, શકરિયાં અને મમરાવાળી વાનગીઓ ખાવી. પરંતુ કમળામાં કઠોળ બિલકુલ ન લેવાં. કમળાના રોગીએ હીમેજ પુષ્કળ ખાવી, ગોમૂત્ર વધારે પીવું. ખોરાકમાં દૂધ, ભાત અને પિત્તશામક શેરડી વગેરે ઠંડી ચીજો લેવી. કમળામાં ખારેક ખૂબ જ ઉપયોગી છે. તેનાથી કમળો મટે છે. કમળાના રોગમાં દરદીએ પ્રથમ જુલાબ લેવો અને પછી પાંડુરોગ મટાડનારી દવાઓ લેવી. મોટા ભાગનો કમળાનો રોગ તો જુલાબથી જ દૂર થઈ જાય છે. કમળાના રોગીએ સંપૂર્ણ આરામ કરવો.

સર્વસામાન્ય કમળો

(૧) વિકળાના સ્વરસમાં થોડું મધ મેળવી રોજ સવારે પીવાથી કમળો મટે છે.

(૨) કાસની ભોરિંગણીના પાંચ ગ્રામ અધકચરા ચૂર્ણને રાત્રે પાણીમાં પલાળી રાખી, સવારે ગાળીને પીવાથી કમળો મટે છે.

(૩) ભાંગરાના પાંચ ગ્રામ રસમાં, એક ગ્રામ મરીનું ચૂર્ણ અને ત્રણ ગ્રામ ખાંડ મેળવી, દિવસમાં ત્રણ વાર પીવાથી અને માત્ર દહીં-ભાત પર રહેવાથી કમળો મટે છે.

(૪) ભાંગરો, ત્રિફળાં, સરપંખો, સાટોડી અને ભોંયઆમલીને સમભાગે લઈ, તેનું અધકચરું ચૂર્ણ કરી, રાત્રે પલાળી રાખી, સવારે ગાળી પીવાથી કમળો મટે છે.

(૫) ગળોના સ્વરસમાં મધ મેળવી, રોજ સવારે પીવાથી કમળો મટે છે.

(૬) અરડૂસીના સ્વરસમાં મધ મેળવી પીવાથી કમળો મટે છે.

(૭) ગરમાળાનો ગોળ શેરડીના રસ સાથે લેવાથી કમળો મટે છે.

(૮) કુંવારના રસમાં સંચળ અને સૂંઠ મેળવીને દસ દિવસ પીવાથી કમળો મટે છે. કુંવારનો ગરભ સાકર સાથે ખાવાથી પણ કમળો મટે છે.

(૯) લીમડાના પાનના રસમાં ખડીસાકર મેળવીને પીવાથી કમળો મટે છે.

(૧૦) સાટોડીના પંચાંગ (પાન, ફૂલ, ફળ, છાલ ને મૂળ)નું ચૂર્ણ મધ અને સાકર સાથે લેવાથી કમળો મટે છે.

(૧૧) લીંબુનો રસ મધમાં મેળવી પીવાથી કમળો મટે છે.

(૧૨) ધોળી ડુંગળી, ગોળ અને થોડી હળદર એકત્ર કરી સવાર-સાંજ ખાવાથી કમળો મટે છે.

(૧૩) હળદરનું દસ ગ્રામ ચૂર્ણ ચાર ગણા દહીંમાં મેળવી થોડા દિવસ ખાવાથી કમળો મટે છે.

(૧૪) ગાયની તાજી છાશમાં કે સો ગ્રામ મઠ્ઠામાં પાંચ ગ્રામ હળદરનું ચૂર્ણ નાખીને પીવાથી એક અઠવાડિયામાં કમળો મટે છે.

(૧૫) અઘેડાનાં મૂળ છાશમાં ઘસીને પીવાથી કમળો મટે છે.

(૧૬) ઉંબરાનાં સૂકાં ફળોને થોડી હિંગ સાથે ખરલ કરી ફાકવાથી કમળો મટે છે.

(૧૭) આદુના રસમાં મધ મેળવીને પીવાથી કમળો મટે છે.

(૧૮) લીમડાની અંતરછાલના ઉકાળામાં મધ અને સૂંઠની ભૂકી મેળવી પીવાથી કમળો મટે છે.

(૧૯) સૂંઠ અને ગોળ મિશ્ર કરી ખાવાથી કમળો મટે છે.

(૨૦) સો ગ્રામ દૂધ અને સો ગ્રામ પાણીમાં પાંચ-છ પીપર ઉકાળી, પાણી બાળી, દિવસમાં બે વાર (સવાર-સાંજ) પીપર ચાવી જવાથી અને દૂધ પી જવાથી કમળો મટે છે.

(૨૧) શેરડીનો રસ રાત્રે અગાસીમાં કે છાપરા ઉપર ખુલ્લી જગ્યાએ મૂકી રાખી, સવારે પીવાથી કમળો મટે છે.

(૨૨) પાકાં કેળાં ખાવાથી કમળો મટે છે.

કમળી

(૧) ભાંગરાનાં રસમાં પાંચ-પાંચ ગ્રામ મરીનું ચૂર્ણ નાખી, દહીંમાં મેળવી, સાત દિવસ લેવાથી કમળી મટે છે.

પ્રસૂતાનો કમળો

(૧) પ્રસૂતાને થયેલા કમળાની શરૂઆતમાં પાંચ દિવસ એરંડાના પાનનો દસ-દસ ગ્રામ રસ દૂધમાં મેળવીને પાવાથી કમળો મટે છે. તેમજ આનાથી શરીર પર આવેલો સોજો પણ મટે છે.

કમળામાં નસ્ય

(૧) કુંવારના કાંદાનો રસ કાઢી, તેમાં ઘી મેળવી તેનું નસ્ય લેવાથી કમળો મટે છે.

(૨) આકડાનું મૂળ ચોખાના ઓસામણમાં ઘસી નસ્ય લેવાથી અથવા નાકમાં તેનું ટીપું પાડવાથી કમળો મટે છે.

* * *

જૂના જવ, ઘઉં, ચોખા, મગ, તુવેર અને મસૂરની દાળ (બીજાં કઠોળની નહીં), કોળું, ટમેટાં, હળદર, આદુ, મૂળા, પાલખ, સાટોડી, બથવો, ફૂદીનો, કોથમીર, શેરડીનો રસ અને નાળિયેરનું પાણી, દૂધ (ગરમ કરી મલાઈ કાઢી લીધેલું), ભાત અને મીઠા વિનાનો ખોરાક કમળામાં પથ્ય છે.

ભારે પદાર્થો, તીક્ષ્ણ પદાર્થો, ખાટા પદાર્થો, દિવસની ઊંઘ, ધૂમ્રપાન, ક્રોધ કરવો અને સ્ત્રીસંગ કરવો ઇત્યાદિ કમળામાં વર્જ્ય છે. □

સાહિત્યસંપર્ક

ગ્રીન, ગ્રેહામ (સ્વ.)



ચાર્લ્સ ડિકન્સની જેમ અંગ્રેજીમાં સાચા અર્થમાં લોકપ્રિય નવલકથાકાર ગ્રેહામ (હેન્રી) ગ્રીનનું ૩ એપ્રિલ, ૧૯૯૧ને રોજ બુધવારે છયાશી વર્ષની પાકટ વયે સ્વીટ્ઝર્લૅન્ડમાં અવસાન થયું. એમનો જન્મ ૧૯૦૪ના ઑક્ટોબરમાં હર્ટફોર્ડશાયરમાં બર્કહેમસ્ટેડની શાળાના હેડમાસ્તર પિતાને ત્યાં થએલો. આરંભનો અભ્યાસ પિતાની શાળામાં અને ઉચ્ચ શિક્ષણ ઑક્સફર્ડ યુનિવર્સિટીની બેલૉઈલ કૉલેજમાં. ૧૯૨૭માં એમણે લગ્ન કરેલું. પત્નીનું નામ વિવિયન.

એમણે કારકિર્દીનો આરંભ કરેલો પત્રકારત્વના ક્ષેત્રમાં ઝંપલાવીને. ૧૯૨૬થી '૩૦ સુધી તેઓ 'ધ ટાઈમ્સ'ના સ્ટફ પર હતા. એમણે ૧૯૩૫માં લાઈબેરિઆમાં પ્રવાસ કર્યો હતો, જેનું વર્ણન-નિરૂપણ એમની ૧૯૩૬માં, પ્રકટ થએલી નવલકથા 'જર્નિ વિધાઉટ મૅપ્સ'માં જોવા મળે છે. ૧૯૩૬માં 'ધ સ્પેક્ટેટર'માં ફિલ્મ સમીક્ષક તરીકે જોડાયા અને ૧૯૪૦માં ત્યાં જ સાહિત્યિક સંપાદક બન્યા. વચ્ચે ૧૯૩૭માં જુલાઈથી ડિસેમ્બર એમ છ માસના ટૂંકા ગાળા માટે ચાલેલા 'સામાયિક નાઈટ એન્ડ ડે'ના સહસંપાદક બન્યા ત્યારે 'વી, વિલી અને વિન્કી' નામની ફિલ્મની સમીક્ષા તેમાં કરેલી, જેને કારણે ૫- બદનક્ષીનો ખટલો ચાલેલો અને તે સામાયિક બંધ કરવું પડેલું. ૧૯૨૬માં ધર્મપરિવર્તન કરી રોમથ કૅથૉલિક પંથમાં જોડાયા એ એમના જીવનની મહત્ત્વની ઘટના છે, જેણે પછીથી એમની કેટલીક નવલકથાઓ પર પ્રભાવ નાખ્યો છે. ૧૯૨૯માં એમની 'ધ મેન વિધિન' નવલકથા પ્રકટ થઈ, પરંતુ એમને પ્રસિદ્ધિ મળી ૧૯૩૨માં પ્રકટ થએલી નવલકથા, 'ધ સ્ટેમ્બુલ ટ્રેન'થી, જેમાં એમણે તત્કાલીન રાજકીય અને અન્ય સ્થાનિક પ્રશ્નોની સચોટ અને માર્મિક છણાવટ કરી છે. એમની અન્ય જાણીતી નવલકથાઓ છે : 'ઈટ્સ અ બેટલફિલ્ડ' (૧૯૩૪), 'ઈંગ્લૅન્ડ મેડ મી' (૧૯૩૫), 'અ ગન ફોર સેલ' (૧૯૩૬), 'ધ કૉન્ફિડેન્શ્યલ એજન્ટ' (૧૯૩૯), 'ધ પાવર એન્ડ ધ ગ્લૉરિ' (૧૯૪૦), 'ધ હાર્ટ ઑફ ધ મેટર' (૧૯૪૮), 'ધી એન્ડ ઑફ ધ અફેર' (૧૯૫૧), 'લૂઝર ટેક્સ ઑલ' અને 'ધ ક્વાએટ અમેરિકન' (૧૯૫૫), 'ધ ટેન્ટ મૅન' (૧૯૮૫) 'ધ કેપ્ટન એન્ડ ધી એનિમિ' (૧૯૮૮), 'ટ્રાવેલ્સ વિથ માઈ આન્ટ' (૧૯૬૯) એમની હળવી શૈલીની નવલકથા છે. એમણે ટૂંકી વારતાઓ પણ લખી છે. ૧૯૪૭માં 'નાઇનટીન સ્ટોરીઝ', ૧૯૫૪માં 'ટ્વેન્ટી-વન સ્ટોરીઝ' તથા 'ધ બેઝમેન્ટ રૂમ એન્ડ અધર સ્ટોરીઝ' અને ૧૯૬૭માં 'મે વી બૉરો યૉર હસબન્ડ' નામક વારતાસંગ્રહો પ્રકટ થએલા. ૧૯૫૩માં 'ધ લિવિંગ રૂમ', ૧૯૫૭માં 'ધ પૉટિંગ શેડ', ૧૯૫૯માં 'ધ કમ્પ્લેસન્ટ લવર', અને ૧૯૬૪માં 'કેરિઈંગ અ સ્ટેચ્યૂ' નામક નાટકો પ્રકટ કરેલાં. 'ધ થર્ડ મૅન' પરથી એમણે ચિત્રપટકથા તૈયાર કરી હતી, જેના પરથી ૧૯૪૯માં કેરોલ રીડે ફિલ્મ બનાવેલી. ૧૯૭૧માં 'અ સૉર્ટ ઑફ લાઈફ' તથા 'લૉસ્ટ ચાઈલ્ડહૂડ એન્ડ અધર એસેઝ'માં તેમનાં આત્મકથાત્મક પ્રકરણો નિબદ્ધ થયેલાં છે. એમણે બાળવારતાઓ પણ લખી છે.

સ્વભાવે જોખમો ઉઠાવનાર, વ્યવસાયે પત્રકાર, જાસૂસી ખાતામાં કાર્યકર તથા શોખથી લેખનકાર્ય કરનાર ગ્રેહામ ગ્રીન મુખ્યત્વે સામ્યવાદી રંગે રંગાએલા હતા. આથી એમની ઘણી રચનાઓમાં દીનદુખિયાઓ પ્રત્યેની અનુકમ્પા અને માલેતુજારો પ્રત્યેનો આક્રોશ જોવા મળે છે. એમના ધર્મપરિવર્તને એમની નવલકથાઓમાં નવું પરિમાણ ઉમેર્યું હતું. એમની અનેક કથાઓ પરથી ફિલ્મો રચાઈ હતી. એમને સાહિત્યે પૈસો અને પ્રસિદ્ધિ બન્ને રળી આપ્યાં હતાં. - **ધી.પ.**

સાહિત્યિક સંજ્ઞાઓ

ફિગર્સ ઑફ સ્પીચ - અલંકાર

સાદી ભાષા, રોજબરોજના જીવનની ભાષા અને એની વિરુદ્ધ અલંકારયુકત ભાષા- એવા એક દ્વંદ્વથી આપણે પરિચિત છીએ. આમાંથી અલંકારયુકત ભાષા એટલે સાહિત્યિક ભાષા. કોઈ મિત્ર જરા વાચાળ હોય, વ્યંગ, મર્મ, કટાક્ષ એમ વારંવાર વાપરનારો હોય તો તેની ભાષા માટે પણ આપણે કહીએ છીએ કે એ તો સાહિત્યિક ભાષા બોલે છે, એટલે કે આલંકારિક ભાષા બોલે છે, જેની સામે હું-તમે સાદી ભાષા બોલીએ છીએ.

પણ આવા સાદાસીધા ભેદો કાવ્યવિચારમાં પડેલા તજજ્ઞોને બહુ લલચાવે છે, કેમ કે જેને આપણે સાહિત્યિક કે આલંકારિક ભાષા કહી તેનાં લક્ષણો કયાં ? તેની ચાવી મળી જાય તો આજે મજા એ છે કે તેથી જેને હવે કમ્યુનિકેશન કહીએ, પ્રત્યાયન- માત્ર, તે આખીય પ્રવૃત્તિની મુખ્ય કડી મળી જાય. એવી આજના મુખ્ય માધ્યમો- ટીવી, ફિલ્મ, અને વર્તમાનપત્રો- તેની જે જટાજાળ આપણી ચોતરફ વિસ્તરતી જાય છે તે આખાય સાંકેતિક વિશ્વ વિશેની સાચી હકીકતોમાં આપણને પ્રવેશ મળે, જો તેમાં કાંઈ સાચી હકીકતો હોય તો. એટલે કે એ આખાય પ્રપંચને કોઈ તળિયું હોય તો.

આ તો અત્યારની વાત થઈ, પણ પુરાતન કાળથી આપણને આલંકારિક ભાષા વિશે વિસ્મય તો રહ્યું જ છે. ઍરિસ્ટોટલના

પોએટિક્સમાં કે સંસ્કૃત કાવ્યશાસ્ત્રના ગ્રંથોમાં આ તો એક મોટો ચર્ચાનો વિશ્લેષણનો પ્રદેશ રહ્યો છે. અને એ પછી આજ સુધી પશ્ચિમમાં તેમજ અહીં યુગેયુગે નવાનવા બદલાતા રહેતા સાંસ્કૃતિક સંદર્ભોમાં આ પ્રશ્ન ઊઠતો-ચર્ચાતો રહ્યો છે. પશ્ચિમમાં આ ચર્ચાની એ વિશેષતા રહી છે કે ત્યાં વળી વિજ્ઞાનની જ્ઞાનપદ્ધતિના વિકાસ સાથે આ ચર્ચાને નવી ધાર ચઢે છે. પણ જોયું ને કે 'નવી ધાર ચઢે છે' તે કહેવામાં પણ આપણે એક અલંકાર વાપર્યો છે ?

એટલે એટલું તો નક્કી કે સાદી ભાષા અને સાહિત્યિક ભાષા એમાં ભેદ એટલો જ છે કે એકમાં અલંકારો નથી વપરાતા, જ્યારે બીજીમાં, સાહિત્યિક ભાષામાં અલંકારો વપરાય છે એવી જે સીધી સમજ હતી તે હવે સ્વીકાર્ય નથી. અલંકાર તો આપણે ડગલે-પગલે રોજબરોજના જીવનમાં હાલતેચાલતે વાપરીએ છીએ, શેક્સપીઅર કે કાલિદાસ કે હાર્ડિ કે ગોવર્ધનરામ કે પન્નાલાલ- જે ચમત્કાર કરે છે એ અલંકારના પ્રયોગમાત્રથી નથી કરતા. એ કરે છે એ અલંકાર જે ઉક્તિમાં જે પંક્તિમાં જે જગ્યાએ વાપરે છે તે આખાય સંદર્ભમાં સર્જક અલંકાર પ્રયોજવા સાથે એક સમગ્ર સંદર્ભને સર્જે છે, અથવા તો કહો કે તેને સક્રિય કરે છે. કેમકે આખોય ભાષાનો જ વ્યાપાર છે, અને સંદર્ભ છે તો તે પણ ભાષામાં જ છે.

આ કન્યા અનાઘ્રાત પુષ્પ છે. આ જૂલિએટ બાલ્કનિ પર આ રાત્રિમાં ઝૂકી છે તે એવી લાગે છે જાણે કોઈ ઈથિયોપીઅન એટલે કે હબસીના કાન પરનો હીરો, કેમકે જૂલિએટ ઉજ્જવલ છે, રાત્રિ કૃષ્ણવર્ણી છે. 'મરચન્ટ ઑફ વેનિસ'માં એક પાત્ર કહે છે મારો પ્રેમ દરિયા જેટલો ભૂખ્યો છે, હન્ગ્રી એઝ ધ સી... આ અને આવાં સ્થાનોએ આપણે અલંકારો તારવીએ, એ અલંકારોમાં પડેલાં સમીકરણો ઉકેલીએ, એ સમીકરણોની વિવિધ રીતની રચનાલીલાનું વર્ગીકરણ કરીએ. આ બધું શક્ય છે અને એમાં આહ્લાદ પણ મળી રહે. આ અલંકારચર્ચાનું હાર્દ છે. એવું ભાગ્યે જ માની લઈએ કે અલંકારચર્ચા સંસ્કૃત કાવ્યશાસ્ત્રમાં જ છે અને પશ્ચિમમાં નથી. પંદરમી-સોળમી સદીમાં રેનેસાં સમયમાં જ્યારે એક બાજુ અંગ્રેજી સાહિત્યની વાત કરીએ તો એક શેક્સપીઅર અને તેના સમકાલીનો પોતાની કૃતિઓમાં ભાષાની શક્તિઓને-શક્યતાઓને તેમની ચરમ સીમાએ લઈ ગયા હતા, ત્યારે બીજી બાજુ ઍરિસ્ટોટલ અને તેના અનુગામી કાવ્યશાસ્ત્રના પંડિતોનાં લખાણોના પઠનની અસર નીચે યૂરોપીય વિદ્વાનો લગભગ સંસ્કૃત ઢબની જ અલંકારચર્ચા આગળ વધારતા હતા. એ અલંકાર એટલે ફિગર્સ ઑફ સ્પીચ. તેમના પ્રકારો, તેમના ભેદો, તેમનાં નામવિશેષ, તેમનાં વર્ગીકરણો, તેમનું ઔચિત્ય, તેમના દોષ - આ બધા તેમના વિચારના પણ વિષયો હતા જેમ સંસ્કૃત આલંકારિકોના પણ. ઐતિહાસિક રીતે જોઈએ તો પશ્ચિમમાં કાવ્યશાસ્ત્રની આ આખીય પદ્ધતિ પછી લુપ્ત થઈ ગઈ. જેમ આપણે ત્યાં સંસ્કૃત રીતની અલંકારચર્ચા. પશ્ચિમમાં આ ચર્ચા રહેટરિક નામની શાખા સાથે જોડાએલી રહી.

આમ છતાં રહેટરિક એટલે કે વાગ્મિતાનું શાસ્ત્ર પશ્ચિમમાં છેક જ લુપ્ત થયું છે તેમ કહેવું બરોબર નથી. કેમકે ઍરિસ્ટોટલે જેને વાગ્મિતા કહી તે આજે કમ્યુનિકેશન તરીકે ઓળખાય છે. નામફેર છે એટલું જ. બાકી મનુષ્ય-મનુષ્ય વચ્ચે વાણી અને અન્ય સાંકેતિક ભાષાઓ દ્વારા થતું પ્રત્યાયન એ તો અભ્યાસનો વિષય સતત બની જ રહે છે. આમાં એક રસપ્રદ પ્રકરણ એ આપણા સમયના અમેરિકન વિવેચક-વિચારક આઈ.એ.રીચર્ડ્ઝનું પ્રદાન છે. એ સામે પ્રવાહે તરનારા, મૂલગામી પ્રકારના ચિંતક રહ્યા અને ફિલૉસૉફિ ઑફ રહેટરિક નામના તેમના ઉત્તરાર્ધના ગ્રંથમાં તેમણે એ જ પ્રશ્ન ઉઠાવ્યો કે શું રહેટરિક કે વાગ્મિતા કે ભાષાવ્યવહારના પાયામાં પડેલો અલંકાર યા વ્યવહાર એ આજે પણ એટલો જ સુસંગત અભ્યાસ નથી જે આજ સુધી હતો? એમના એ ગ્રંથમાં એ વાગ્મિતાના અભ્યાસને હવે ભાષાતત્ત્વવિચાર કે ફિલૉસૉફિ ઑફ લૅન્ગ્વેજની સાથે જોડે છે, જે વળી આજે બહુ જ વિકસેલો એવો વિભાગ છે.

આઈ. એ. રીચર્ડ્ઝ ખાસ કરીને મૅટફર એટલે રૂપકને કેન્દ્રમાં રાખે છે. ખુરશીનો 'લેગ' એટલે કે પગ કહીએ ત્યારે આપણે કેટલી બધી લાંબી મજલ કાપી નાખી એક સામાન્ય એવા ભાષાપ્રયોગ પર આવીએ છીએ! એમાં પણ મૅટફર પ્રયોજાયો છે, એટલું કે એને વિશે આપણે સભાન નથી. એ એક મૃત મૅટફર મૃત રૂપક છે, જે ભાષામાં ભંડારાયેલું પડ્યું છે, અને ભાષા-માત્ર આવા મૃત અલંકારના અવશેષોથી ભરી પડી છે, કહો કે એ રીતે જ સમૃદ્ધ બનતી આવી છે. માટે તો ઓગણીસમી સદીનો અંગ્રેજ રોમૅન્ટિક કવિ શેલી કહે છે તેમ ભાષા-માત્ર મૂલત: રૂપકાત્મક છે અને માટે તો તે ચેતન છે, નવનવોન્મેષશાલિની છે. અહીં રીચર્ડ્ઝનો આગ્રહ એ છે કે ફિગર ઑફ સ્પીચ કે અલંકાર એ ભાષામાં આકસ્મિક કે બાહ્ય રીતે આરોપિત કે એવો ઉપરછલ્લો વાક્વિશેષ નથી, પણ જ્યાં જ્યાં ભાષાકાર્ય છે ત્યાં ત્યાં નિહિત છે. કેમકે અલંકારચર્ચામાં જેનાં વર્ગીકરણો અને ખાનાં અને કોઠા અને લાંબી શૃંખલાઓ બનાવી ચર્ચાય છે એ અલંકારશ્રેણીઓની આખીય વાત એ આમ માત્ર બાહ્ય શબ્દ કે અર્થસંધાનો હોય તે રીતે ન કરી હવે તત્ત્વના સ્તર પર, જ્યાં મન અને બાહ્ય પદાર્થગત વિશ્વ વચ્ચે સંધાન થાય છે તે જ્ઞાનશાસ્ત્ર - આધ્યાત્મિક અર્થમાં નહિ, માનવસહજ જ્ઞાનના અર્થમાં, ઇન્દ્રિયસહજ જ્ઞાનના સંબંધમાં, એમ્પિરિકલ જ્ઞાનના અર્થમાં એ ચર્ચામાં તેનો આરંભ થવો જોઈએ. અહીં ફિલૉસૉફિ ઑફ લૅન્ગવેજ એટલે કે વાગ્વિમર્શ અને અલંકારચર્ચાને જોડતી મહત્ત્વની કડી આઇ.એ. રીચર્ડ્ઝે પૂરી પાડી લગભગ ૧૯૪૦ની આસપાસ, જેના પર હવે કમ્યુનિકેશનના અભ્યાસીઓ આગળ વધે છે. એટલે અલંકારચર્ચા એ શું પશ્ચિમમાં કે શું અહીં એટલો ગઈ કાલનો વિષય નથી જેટલો આપણે માની લઈએ.

-દિગીશ મહેતા

ચાલો, જોડણી શીખીએ

બે શ્રુતિના શબ્દને આરંભે 'ઈ' કે 'ઊ'નો ઉપયોગ થયો હોય અને તેના ઉપર અનુસ્વાર ન આવતો હોય ત્યારે તે દીર્ઘ લખાય છે. જેમકે, બીક, ખીલો, ઢીલ, ચીકુ, લૂખું, સૂકું, બૂરું, ઝૂક, ઊડ વગેરે.

જો કે આમાં કેટલાક અપવાદ છે તે સ્મરણમાં રાખવા. જેમકે, જુઓ, સુધી, જુદું વગેરે. અલબત્ત, ક્યારેક આ હ્રસ્વ કે દીર્ઘને કારણે અર્થભેદ પણ સર્જાય છે. જેમકે 'સુર' એટલે દેવ. પરન્તુ 'સ'ને દીર્ઘ 'ઊ' લગાડવાથી જે 'સૂર' શબ્દ થાય તેનો અર્થ થાય 'અવાજ'

પુસ્તક-પરિચય

પ્રશસ્ય પુનર્પ્રકાશન

રંગતરંગ ભાગ ૧ થી ૬ : જ્યોતીન્દ્ર દવે ગુજરાતી સાહિત્યમાં કલાત્મક હાસ્યનો પર્યાય બની ચૂક્યા છે. વ્યંગમાં એમનો જોટો જડવો મુશ્કેલ છે. સમાજજીવનનાં અને મનુષ્યસ્વભાવનાં વિ-લક્ષણોને એમણે વિવિધ શૈલીસ્વરૂપે નિરૂપ્યાં છે. એમની હાસ્યકલાની સર્વોત્તમ પરિણતિ રંગતરંગના ૧ થી ૬ ભાગોના નિબંધોમાં માણવા મળે છે. પરન્તુ આ ભાગો છેલ્લાં કેટલાંય વર્ષોથી અપ્રાપ્ય હતા તેનું પુનઃ પ્રકાશન એ ગુજરાતી સાહિત્યનો ગરવો હાસ્યોત્સવ છે. આ પ્રકટ કરવા માટે પ્રકાશન-સંસ્થા અભિનંદનની અધિકારી છે. (પ્રકા. ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૧. પ્રત્યેકનું કાચું પૂઠું અને ક્રાઉન કદ; ભાગ ૧ રૂ. ૩૦, ભાગ ૨ રૂ. ૨૫, ભાગ ૩ રૂ. ૨૪.૫૦, ભાગ ૪ રૂ. ૨૮, ભાગ ૫ રૂ. ૨૫, ભાગ ૬ રૂ. ૩૩.૫૦

આવકાર્ય પુનર્મુદ્રણ

ગુજરાતમાં કચ્છ તેની સંસ્કૃતિ માટે આગવું મહત્ત્વ ધરાવે છે. એની ચિત્રકલા, એનાં શિલ્પો, એનાં ભરતગૂંથણ, સાહિત્ય વગેરેમાં એનું કચ્છીપણું પ્રકટ થયા વગર રહેતું નથી. અનેક પ્રકારનાં સંશોધનો અને અપાર શ્રમ કરીને શ્રી રામસિંહજી રાઠોડે આ ગ્રંથ ૧૯૫૯માં પ્રથમ વાર પ્રકટ કર્યો ત્યારે જ એણે સહુ સંસ્કારપ્રેમીઓનું ધ્યાન ખેંચ્યું હતું. આ ગ્રંથને દિલ્હીની સાહિત્ય અકાદમીનો એ વર્ષનો પુરસ્કાર પ્રાપ્ત થયો હતો તથા ગુજરાત સાહિત્યસભા તરફથી આ ગ્રંથને ધ્યાનમાં રાખી રણજિતરામ સુવર્ણ ચંદ્રક એના લેખકને એનાયત થયો હતો તે ઘટનાઓ જ આ ગ્રંથના મહિમાની પ્રતીતિ કરાવી આપે છે. અનેક ચિત્રોથી મહિમાવંતો બનેલો આ ગ્રંથ ૧૯૯૦માં પુનર્મુદ્રિત થયો છે ત્યારે ઘણા લાંબા સમયની ખોટ પુરાઈ છે. (પ્રકા. નવભારત સાહિત્ય મંદિર, દેરાસર પાસે, ગાંધી રોડ, અમદાવાદ-૧ પાકું પૂઠું, ડબલ ક્રાઉન કદનાં પૃ. ૩૬૦, રૂ. ૨૫૦)

પ્રાપ્ત પ્રકાશનો

એસ. એન. ડી. ટી વિમેન્સ યુનિવર્સિટી (મુંબઈ)નાં પ્રકાશનો:

કાવ્યવિશેષ : કલાપી - કલાપીનાં ચૂંટેલાં કાવ્યોનો સંચય.

કાવ્યવિશેષ : નિરંજન ભગત - નિરંજન ભગતનાં ચૂંટેલાં કાવ્યોનો સંચય. (સંપાદક સુરેશ દલાલ; વિક્રેતા : નવભારત સાહિત્ય મંદિર, જૈન દેરાસર પાસે, ગાંધી માર્ગ, અમદાવાદ-૧ કાચું પૂંઠું, ડિમાઈ કદ, કલાપી રૂ. ૨૦, નિ.ભ. રૂ. ૫૦)

કવિતાની વાત : દેશવિદેશનાં અનેક કાવ્યોના આસ્વાદો (સુરેશ દલાલ, કાચું પૂંઠું, ડિમાઈ પૃ. ૨૪૮, રૂ. ૧૦૦, વિક્રેતા ઉપર મુજબ)

કાવ્યવિશેષ : જયા મહેતાનાં ચૂંટેલાં કાવ્યોનું સુરેશ દલાલ દ્વારા થએલું સંપાદન. (વિક્રેતા ઉપર મુજબ, કાચું પૂઠું, ક્રાઉન પૃ. ૮૮, રૂ. ૪૦)

પદધ્વનિ : સુરેશ દલાલનો નવો કાવ્યસંગ્રહ (વિક્રેતા ઉપર મુજબ, કાચું પૂઠું, ડિમાઈ પૃ.૧૪૦, રૂ. ૪૫)

હસ્તપ્રત : મનોજ ખંડેરિયાનો નવો કાવ્યસંગ્રહ. (વિક્રેતા ઉપર મુજબ, કાચું પૂઠું, ડિમાઈ પૃ.૧૪૦, રૂ. ૫૦)

અંગિત : રમેશ પટેલ 'ક્ષ'નો ગઝલસંગ્રહ (પ્રાપ્તિસ્થાન : પોતે જ, શિવમ્ સોસાયટી, પોલો ગ્રાઉન્ડ, હિંમતનગર ૩૮૩ ૦૦૧, કાચું પૂઠું, ડિમાઈ પૃ. ૬૦, રૂ. ૧૨)

અનુ.) વાચકો લખે છે (પૃ. ૧૯૯ પરથી

આવ્યાં હશે; પણ હવે વિરામચિહ્નો સહિત ભાષાએ વિકાસ કર્યો છે. હા, પારસલમાં દાગીનાની સંખ્યા દર્શાવવા દા. પ્રયોજાય છે તે બરાબર છે. તે દાગીનાનું સંક્ષિપ્ત રૂપ છે, દસ્કતનું નહીંદા. વિશે એક બીજી પણ ગરબડ ચાલે છે. લગ્નની કંકોતરીમાં દા. જોવા મળે છે અને ઘણીવાર તે જગાએ બેચારછ નામો પણ છાપેલાં હોય છે! છપાયેલી કંકોતરીમાં હસ્તાક્ષરવાળાના - લહિયાનામની જરૂર જ રહેતી નથી. એટલે દા. બિલકુલ અપ્રસ્તુત બને છે. વળી, કંકોતરી છાપનાર પ્રેસનું નામ તો તેમાં આપેલું હોય છે. હસ્તાક્ષર એક જ વ્યક્તિના હોય એટલે દા. હેઠળ એક જ નામ આવતું. છાપેલી કંકોતરીમાં દા. હેઠળ એકાધિક નામો અપાય છે તેયે કઢંગુ લાગે છે. ખરી રીતે છાપેલી કંકોતરીમાં દા. કે. દ.ની આવશ્યકતા જ નથી રહી. પરિવારના અમુક સભ્યોનાં નામ આપવાં હોય તો બીજી રીતે આપી શકાય. તે સારુ દા. કે દ. નો ઉપયોગ શોભતો નથી.

પા. હા. દા. આ ત્રણે રૂપ આમ તો કું., મ્યુ.,રૂ.ની જેમ ફક્ત એક એક શબ્દનાં જ સંક્ષિપ્ત રૂપ તરીકે વપરાય છે. પરંતુ કું., મ્યુ.અને રૂ. બીજા સ્વર-વરડુવાળાં હોઈ તેમાંનો કાનો નિશ્ચિંતપણે શાંત છે, જ્યારે પા. હા. અને દા. માંનો કાનો ઉચ્ચરિત થવાનો ભય રહેલો છે.

આ છ સંક્ષિપ્ત રૂપ પછી પૂર્ણવિરામ મૂકીએ છીએ તે બરાબર છે. પોલું મીંડું તો અસ્પષ્ટ સંક્ષિપ્ત રૂપ માટે વાપરી શકાય. પણ અહીં તો બધા શબ્દો સ્પષ્ટ છે એટલે કું૦, મ્યુ૦, રૂ૦, પા૦,હા૦, દા૦ એમ કરવાની જરૂર નથી. કું. મ્યુ. રૂ. પા. હા. દા. રૂપ જ બરાબર છે.

-રામજીભાઈ પટેલ (વડનગર)

અતીતમાં અવગાહન

હિંમત

રતિલાલ મોહનલાલ ત્રિવેદી

સદ્‌ગુણનું સાચું સ્વરૂપ 'મધ્યમ માર્ગ'માં રહેલું છે, એ સત્ય જગતના વિવિધ મહાત્માઓએ ઉપદેશ્યું છે. ભગવદ્‌ગીતામાં જ્ઞાન, ભક્તિ ને કર્મનો સમન્વય કરીને તેમાં વચલો માર્ગ સર્વોત્તમ છે એમ નિરાકરણ કરવામાં આવ્યું છે. ગૌતમ બુદ્ધે 'મધ્યમ પ્રતિપદા' અર્થાત્ તપ અને ભોગ વચ્ચેનો મધ્યમ માર્ગ શ્રેયસ્કર છે એવો ઉપદેશ આપ્યો છે; ચીનમાં કોન્ફ્યુશિયસે 'સુવર્ણમધ્યમ'ના મહાન સૂત્રનું પ્રતિપાદન કર્યું છે; અને ગ્રીસમાં ઍરિસ્ટોટલે 'બે છેડાઓ વચ્ચેનું મધ્યબિંદુ' એવું સદ્‌ગુણનું લક્ષણ પ્રરૂપ્યું છે.

તદનુસાર હિંમતનો મહાન ગુણ એ કાયરતા અને ઉતાવળાપણું, એ બે વચ્ચેનો મધ્યમ માર્ગ છે. 'પડે ઉગમણી બૂમ આપ આથમણો નાસે' એ કાયરની વૃત્તિ છે. તેમ જ વગર વિચાર્યે 'યા હોમ કરીને પડો' એમાં ઉતાવળાપણું રહેલું છે. પરંતુ મહાકવિ કાલિદાસની નીચેની અમર પંક્તિમાં હિંમતનું યથાર્થ સ્વરૂપ સમાએલું છે -

વિકારહેતૌસતિ વિક્રિયન્તે
યેષાંનચેતાંસિ ત એવ ધીરાઃ

(મનોવિકારનાં કારણો હોય, છતાં જેનું મન વિકારને વશ ન થાય તે જ ધીર છે.) સર્વાંગ સુન્દર અભિનવયૌવના ગિરિરાજકન્યા પાર્વતીની સેવાનો નિત્ય સ્વીકાર કરતાં છતાં 'આત્મેશ્વર' શંકર હિમાલય જેવા અચલ રહ્યા અને મનોવૃત્તિના તોફાની વેગને પરાસ્ત કરી શક્યા એ જ એમની ધીરતા. વીર નર્મદ પણ યોગ્ય જ કહે છે કે :

'રણ તો ધીરનું, વીરાનું;
નહિ ઉતાવળા, કાયરનું.'

એક અગ્રેજ વિદ્વાન કહે છે કે જેમ સ્ત્રીઓમાં સર્વોત્તમ ગુણ 'શીલ' છે, તેમ પુરુષોમાં 'હિંમત' છે. અર્થાત્ સ્ત્રીનું સ્ત્રીત્વ એની પવિત્રતાને લીધે, અનન્યનિષ્ઠતાને લીધે છે, અને પુરુષનું પુરુષત્વ એની હિંમતને લીધે છે. જો કે સ્ત્રીને હિંમતની તેમજ પુરુષને શીલની જરૂર પણ છે જ.

હિંમતના બે પ્રકાર છે : શારીરિક અને આત્મિક. એક જ મનુષ્યમાં પૂર્વોક્ત બંને પ્રકારનો સુયોગ હોય તો તે બેશક ઈષ્ટ છે. માત્ર શારીરિક હિંમત સ્થૂળ બળની પોષક છે. સ્થૂળ બળની સાથે ઘણીવાર આસુરી વૃત્તિઓ જોડાએલી હોય છે. રાવણમાં, રામના સકલ સૈન્ય સામે થવાની હિંતમ હતી અને દારુણ યુદ્ધમાં કદાપિ પાછી પાની કરે એવો એ ન હતો; પરંતુ સીતાના સૌન્દર્યના મોહ સામે થવાનું એનામાં આત્મસામર્થ્ય નહોતું, તેથી પરિણામે એનો વિનાશ થયો. વળી સિકંદર, સીઝર અને નેપોલિયન, દુર્યોધન, શિશુપાલ અને જરાસંધની ગણના પણ શારીરિક હિંમતવાળા મહારથીઓમાં જ કરી શકાય.

આત્મિક હિંમત એ અધ્યાત્મબળની પોષક છે. અધ્યાત્મબળ દૈવી સંપતને ઉત્તેજે છે. સ્થૂળ બળ એ ખરું બળ છે. આત્મિક હિંમત રૂપી બખ્તરથી સજજ થયેલા પ્રહ્‌લાદે પિતાની આજ્ઞાનો સાદર નિરાદર કરી પ્રભુના નામનું રટન કરતાં ધગધગતા સ્થંભને બાથ ભીડી. ભોજો ભક્ત ગાઈ ગયો છે કે :

'પ્રથમ સત યુગમાં પ્રહ્‌લાદને પીડિયો
ભીડિયો થંભ તે લોહ તાતો;
ધીર નવ ધડકિયો, ભયથી નવ ભડકિયો
થડકિયો શેષ ત્રૈલોક્ય જાતો.'

આત્માની આ અમોઘ શક્તિને લીધે સોક્રેટીસે દેહને આત્માથી પૃથક્ જાણી શાંતિથી ઝેરનો પ્યાલો પીધો, અને તારણહાર ઈશુએ ક્રૂસારોહણ કર્યું. વળી, આપણા સમયમાં જ પ્રકટેલી પ્રભુની મહાન વિભૂતિના અધ્યાત્મબળને વર્તમાન જગત આશ્ચર્યચકિત નયને નિહાળી રહ્યું છે અને તેના પદાર્થપાઠ શીખી રહ્યું છે. આત્મિક હિંમતનું સચોટ દર્શન નીચેની સુપ્રસિદ્ધ પંક્તિઓમાં સુંદર રીતે થયેલું છે :

'હરિનો મારગ છે શૂરાનો,
નહિ કાયરનું કામ જો ને.'

કાયરતા એ મૃત્યુ છે; સામર્થ્ય એ જ જીવન છે. 'નાયમાત્મા બલહીનેન લભ્યઃ' એ ઉપનિષદનું વચન કાયર મનુષ્યને સખ્ત ઉપાલંભ છે. 'બીકણ મૃત્યુ પહેલાં ઘણીવાર મરે છે, પણ ધીર તો એક વાર જ મરે છે' એવું મહાકવિ શેક્સપીઅરનું વચન છે. પ્રભુ હિંમતવાનને સહાયતા આપે છે એ અક્ષરશઃ સત્ય છે.

ગૃહ, રાજ્ય, સમાજ, ધર્મ ઈત્યાદિ જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં હિંમતની જરૂર છે. હિંમતથી જ પરાક્રમશાળી નિર્ભયતા પ્રાપ્ત થાય છે અને 'અભય' એ જ દૈવી સંપતમાંનો પ્રથમ ગુણ છે. હિંમતવાન માણસ પરિપૂર્ણ વિચાર, વિવેક ને સંયમવૃત્તિપૂર્વક કોઈ પણ કાર્યમાં પગલું ભરે છે. પરંતુ એકવાર કાર્યનો નિર્ણય કર્યા પછી તેને પ્રાણના ભોગે પણ પાર ઉતારવા પ્રયત્ન કરી છૂટે છે. તેની સ્થિતિ આવી છે :

'રે પહેલું જ મનમાં ત્રેવડીએ!
રે હોડે હોડે જુદ્ધે નવ ચડીએ,
રે જો ચડીએ તો કટકા થઈ પડીએ!'

મહાભારતકારે ધીર-વીરનો મહાન આદર્શ પોતાના ગ્રંથમાં આલેખ્યો છે. યુધિષ્ઠિર અત્યંત શાંત છે; ભીમ ઘણીવાર અતિ રુદ્ર છે; પરંતુ એ બંને વચ્ચે વીર અર્જુનનું સ્થાન છે. એક વિષમ પ્રસંગે યુધિષ્ઠિર જેવા સત્યનિષ્ઠ પુરુષ અર્ધ સત્ય અથવા અસત્ય વદ્યા; પણ અર્જુન તો સર્વથા વિકારથી અલિપ્ત જ રહ્યો. આ જ ખરી ધીરતા, આ જ ખરું મનુષ્યત્વ.

('કુમાર' અંક ૨૭૮ માંથી)

આ માસ (મે) ઈતિહાસમાં

તા.૧ જગતને બીજા મહાયુદ્ધમાં હોમનાર હિટલરનું મૃત્યુ(?) ૧૯૪૫

તા.૫ સામ્યવાદના આદ્યપ્રણેતા કાર્લ માર્ક્સનો જન્મ, ૧૮૧૮

તા.૮ ગોખલેજીનો જન્મ, ૧૮૬૬

તા.૯ શહેનશાહ નેપોલ્યનનું સેંટ હેલિના બેટ પર અવસાન, ૧૮૨૧

તા.૧૧ સત્તાવનના સ્વાતંત્ર્યયુદ્ધમાં હિંદી સિપાહીઓએ અંગ્રેજોને હરાવીને દિલ્હી પર પોતાનો વિજયી ઝંડો ફરકાવ્યો, ૧૮૫૭

તા.૧૫ શ્રીરંગપટ્ટણ પાસે અંગ્રેજોને હાથે ટીપુની છેલ્લી હાર, ૧૭૯૧

તા.૨૦ પહેલો યુરોપિઅન વાસ્કો ડિ ગામા કાલિકટ ઊતર્યો, ૧૪૯૮

તા.૨૨ ઈંગ્લેન્ડમાં અંગ્રેજ સ્રીઓને મતાધિકાર મળ્યો, ૧૯૨૮

તા.૨૫ આશુતોષ મુખરજીનું અવસાન, ૧૯૨૪

તા.૩૧ દક્ષિણ આફ્રિકાનું યૂનિયન સ્થપાયું,૧૯૧૦

('કુમાર' અંક ૨૮૧ માંથી)

અડકો દડકો

બાવાજીના દંડાજી

રમેશ ત્રિવેદી

એક જંગલ જેવું જંગલ હતું. જંગલમાં બાવાજીની ઝૂંપડી. ઝૂંપડીની બાજુમાં વાડી. વાડીમાં ગીચ ઝાડી. ઝાડ પર પંખીઓ ગીત ગાય. ઝરણાં એમના ચાળા પાડે. બાવાજી જંતર વગાડે ને ભજન ગાય. એમને કોઈ ચેલાજી-બેલાજી નહોતા. હા, એમની પાસે એક દંડાજી હતા. જંગલમાં આસપાસમાં કોઈ કહેતાં કોઈ રહે નહીં. બાવાજી વાતો ય કોની સાથે કરે! સવાર પડે એટલે બાવાજી ઊઠે. એકાદ ભજન લલકારે. પછી દંડાજીને કહે:

'બેટા, નદીએ ન્હાવા જઈશું!?'

ને પછી બાવાજી નદીએ જાય. સ્નાન કરીને દંડાજીને કહે: 'બેટા, હવે ફળ-ફૂલ તોડીશું થોડાં?..'

બાવાજી કેડેથી વાંકા વળી ગયેલા એટલે દંડાજીના ટેકેટકે ચાલે. એમની ચાખડીનું પટપટ, દંડાનું ઠકઠક સાંભળીને વૃક્ષ, વેલાઓ, ફૂલો, પશુ-પંખીઓને મજા પડે. વાડીના એક ઝાડ પર આવી બેસતો વાંદરો તો રોજ રોજ હસતો હસતો ગાય:

'દંડાજી તો નટખટ
બાવા ચાલે ઝટપટ
ચાખડી તો પટપટ
બાવા ચાલે ઝટપટ!'

બાવાજી તો કશું જ બોલે નહીં. વાંદરાની ખિખિયાટી આ કાનથી પેલે કાન કાઢી નાંખે, હસી નાંખે. એમને તો દંડાજી જીવ કરતાં વધુ વ્હાલા હતા. હા, એમના ગુરુજીએ મરતાં મરતાં એમને સોંપ્યા હતા. ગુરુજીની પરસાદી જેવા દંડાજી વગર બાવાજી એક ડગલુંય ન માંડે. રાત ને દિવસ એમની પાસે ને પાસે રાખે. વાંદરાજીને આ જરાય ન ગમે. જ્યારે ને ત્યારે દંડાજીની બીક બતાવે એટલે વાંદરાજીને બાવાજી પર ગુસ્સો આવતો. પણ થાય શું?

એકવાર ઉનાળાની બપોરે બાવાજી ઝોકે ચઢ્યા હતા. પ્હાડ જેવા હાથીભૈયે ઝોકે ચઢ્યા હતા. ખિસકોલીઓ એમના શરીર પર ચઢ-ઊતર કરતી મજાની લપસણીઓ ખાતી હતી. રીંછભૈ હાંફતા હાંફતા મધપૂડો શોધી રહ્યા હતા. વાંદરાભૈ બગાસાં ખાતા ખાતા આ બધો તાલ જોઈ રહ્યા હતા. એકાએક એમને થયું 'હાશ! બાવાજી સૂઈ ગ્યા લાગે છે.. ઢમઢોલ વાગતું હોય તેવાં ઘરરરર..ઢમઢમ.. એમનાં નસકોરાં તો.. બાપરે! લાગ મળ્યો છે તો.. વાંદરાભૈ ધીમેથી ઝાડ પરથી ઊતર્યા. ઝૂંપડી પાસે ગયા. બારણું તો ગરમીને લીધે ખુલ્લું હતું. ઘરરરર.. ઢમઢમ..ઘરરર...ઢમઢમ વાંદરાભૈને હસવું આવ્યું. સસ્સાજી કે ઊંદરજી તો બિચારા આ અવાજ સાંભળીને ઊભી પૂંછડીએ ભાગી જાય હોં.. પછી એ ચોર-પગલે ઝૂંપડીમાં ઘૂસ્યા. બાવાજીની પડખે દંડાજી નિરાંતે પડ્યા હતા. પણ? ઊંઘમાંય બાવાજીનો હાથ તો દંડાજી પર જ હતો. હવે?? વાંદરાભૈએ માથું ખણ્યું. આજુબાજુ નજર કરી એક ખૂણામાં બળેલી ધૂપસળીની સળેકડી પડી હતી વાંદરાભૈએ સળેકડી લઈને ધીમેથી બાવાજીના કાનમાં ખોસી બાવાજીએ ઊંઘમાં કાને ખણવા માટે હાથ ઊંચો કર્યો. બસ, આટલી તક મળતાં જ વાંદરાભૈએ દંડાજીને ઉઠાવી લીધા. પણ ત્યાં તો બાવાજી એકદમ ઝબક્યા. આંખો ખોલી, 'અબે તેરી જાત કે બંદર!' કહેતા એ બેઠા થઈ ગયા. વાંદરાભૈ હૂપાહૂપ કરતા જાય નાઠા. આ જોઈને હાથીભૈની ઊંઘ ઊડી ગઈ: 'હીહીહી..' કરતા હસવા લાગ્યા. બાવાજી તો ઝટપટ ઊભા થયા. પણ હા, દંડાજીના ટેકા વગર ઝટપટ ચલાય ક્યાંથી? કેડે હાથ મૂકી વાંકા વાંકા એ ધીમેથી બહાર આવ્યા. ઝાડ પર જઈને બેઠેલા વાંદરાભૈને ગરીબડા બની જોઈ રહ્યા. બિચારા સાવ રોવા જેવા થઈ ગયા. દંડાજીને જોતાં જ ગુસ્સો ચઢ્યો. લાંબી ચોટી ઊંચી થઈ ગઈ. શરીર ધ્રૂજવા લાગ્યું. દાઢી-મૂંછ ધ્રૂજવા લાગ્યાં. 'અબ ક્યા કરું? મનમાં બબડવા લાગ્યા. ઝૂંપડીમાં જઈને બેસી પડ્યા. લમણે હાથ મૂક્યો. અંતર-મંતર-જાદુમંતર તો એ જાણતા નહોતા. કોઈ ને કોઈ યુક્તિ તો વિચારવી જ પડશે.

ઉખાણાં

૧.

ચાર ચોસલાં, બે દરવાજા,
અગણિત રાણીઓ બે વરરાજા.

૨.

કાળી ગાગર કંકોડાં ખાય;
ભં બોલે ત્યાં નખોદ જાય.

૩.

આડું નાખું, પાડી નાખું;
ખરે બપોરે કાઢી નાખું.

દંડાજી વગર તો જીવાય જ કેમ? બાવાજીની નજર ખાંખાંખોળાં કરવા લાગી. એકાએક કોઈ જડબુટ્ટી જડી ગઈ હોય તેમ હસી પડ્યા. ચપટી વગાડી. સીધી ટટ્ટાર ઊભેલી ચોટલીને શાંત પાડી. પંપાળી દાઢી-મૂછને શાંત પાડ્યાં. ને પછી ધીમેથી ખૂણામાં પડેલું ચામડું માથે ઓઢી લીધું. ઝૂંપડીની બહાર આવ્યા. ઝાડ સામે જોઈ વાઘ જેવો ઘૂઘવાટો સાંભળીને ખિસકોલી ફફડી ઊઠી. હાથીના કાન ઊંચા થયા. હાંફતું રીંછ ડરનું માર્યું ધ્રૂજી ઊઠ્યું. ઝાડનાં ડાળ-પાંદડાં થરથરી ઊઠ્યાં. વાંદરાભૈની પૂંછડી તો ડરની મારી એકદમ ઊંચી થઈ ગઈ. ઝાડ ધ્રૂજ્યાં, પ્હાડ ધ્રૂજ્યા.

ઉખાણાંના ઉત્તર
૧. ચાંદો-સૂરજ ૨. બંદૂક ૩. હળ

ઝોકે ચઢેલું જંગલ ઝબકીને જાગી ઊઠ્યું. 'ભાગો રે ભાગો.. વાઘ આયો રે વાઘ!' કહેતા વાંદરાભૈ તો એક ડાળથી બીજી ડાળ, એક ઝાડથી બીજું ઝાડ કરતા જાય નાઠા. જતાંજતાં એમના ધ્રૂજતા હાથમાંથી દંડાજી તો પડી ગયા નીચે. બસ, બાવાજીને તો આ જ જોઈતું હતું. એ તો રાજી રાજી થઈ ગયા. એ તો દંડાજીને વ્હાલથી ઊંચકીને પંપાળવા લાગ્યા, 'વાગ્યું નથીને બેટા! હાશ! તમારા વગર તો હું સૂનો સૂનો પડી ગયો'નો!' બાવાજીની આંખોમાં હરખનાં આંસુ આવી ગયાં. આ જોઈને દૂર ઊભેલા હાથીજીએ સૂંઢ ઊંચી કરીને કહ્યું: 'વાહ, બાવાજી! વાહ, દંડાજી!' ને આ સાથે બધાં જ ઝાડ હસી ઊઠ્યાં; 'વાહ ભૈ વાહ! મજા પડી! બંદરજીને સજા પડી!!...' આ જોઈને બાવાજીનેય તાન ચઢ્યું. એ ય સૌની સાથે નાચવા લાગ્યા: 'વાહ ભૈ વાહ! મજા પડી!'

દંડાજી તો આ બધો તાલ જોઈને હસી હસીને થોડીવાર માટે વાંકા વળી ગયા. એ ય પાછા સૌની સાથે ગાવા લાગ્યા:

'વાંદરાભૈએ ધમાલ કરી,
ધમાલ કરી!
વાઘ ચર્મે કમાલ કરી!!'

'બસ, બેટા, બહુ થૈ ગ્યું હવે!..' બાવાજીએ દંડાજીને હસતાં હસતાં કહ્યું; 'ચલો, ન્હાવા જઈશું નદીએ?' ને પછી તો બાવાજી ને દંડાજી ચાલ્યા નદીએ.. એમને જોઈને આખું જંગલ ગાવા લાગ્યું:

'દંડાજી તો નટખટ,
બાવા ચાલે ઝટપટ
ચાખડી તો પટપટ
બાવા ચાલે ઝટપટ.' □



હોલાને કંઠ બેઠે ઘૂઘવે વૈશાખ,
પણે શરમાતી કોંક ઝૂલે સાખ,
સૂડા ! તારી છુટ્ટી મેલી દે હવે પાંખ !
- ભાનુપ્રસાદ પંડ્યા

પ્રો. કે. બી. વ્યાસનું નિધન




'વસંતવિલાસ' અને કાન્હડદે પ્રબંધ' જેવાં ઉત્કૃષ્ટકોટિનાં સંપાદનો આપનાર અને લગભગ જીવનના ચારેક દાયકા સતત ભાષાવિજ્ઞાનનો તલસ્પર્શી અભ્યાસ કરીને ૮૮૮ પાનાંનો ભાષાવિજ્ઞાન - અદ્યતન સિદ્ધાન્ત વિચારણા- નામક બૃહદ્‌ગ્રંથ ગુર્જરગિરાને ચરણે ધરનાર પ્રખર ભાષાશાસ્ત્રી, બહુશ્રુત વિદ્વાન, પ્રાચીન ગુજરાતી ભાષાના અભ્યાસી, તેમ જ સંસ્કૃત સાહિત્યનું ઊંડું અવગાહન કરનાર પ્રો. કાન્તિલાલ બ. વ્યાસનું ૮૧ વર્ષે ૨૮મી માર્ચે એમના વતન વીરમગામમાં અવસાન થતાં ગુજરાતી ભાષા સાહિત્ય ક્ષેત્ર આજીવન નિષ્ઠાપૂર્વક સંશોધન જારી રાખનાર એક અભ્યાસી ગુમાવ્યો છે.

શિક્ષણજગતમાં પ્રો. કે. બી. વ્યાસના નામે સુપ્રસિદ્ધ આ અધ્યાપકે અધ્યાપનકાર્ય સાથે સાથે સંશોધનાત્મક અધ્યયનની પરંપરાને જૂની, ગુજરાતી ભાષાના અધ્યયનની પરંપરાને જીવન્ત રાખી હતી. છેક ૧૯૪૦માં એમણે 'ગુજરાતી ભાષાનું વ્યાકરણ' આપ્યું. ૧૯૪૫માં સ્નાતકકક્ષાએ ઉપયોગી એવું 'ભાષા, વૃત્ત અને કાવ્યાલંકાર', એમના તરફથી મળ્યું. એ પુસ્તક દ્વારા ગુજરાતી ભાષાના વિદ્વત્‌સમાજમાં એમની પ્રતિભા અંકિત થઈ ગઈ. 'વસંતવિલાસ'નો અભ્યાસ એમણે છેક ૧૯૪૨થી પ્રારંભ્યો હતો. સહુપ્રથમ એમણે 'Vasanta Vilasa - An Old Gujarati phagu' એ સંપાદન અંગ્રેજી ભાષામાં આપ્યું. ૧૯૪૬માં 'Vasanta Vilasa A Further Study' એ વિશેષ અધ્યયનનું પ્રકાશન કર્યું. 'વસંતવિલાસ' પ્રાચીન ફાગુકાવ્ય' એ નામક ગુજરાતી સંપાદન ૧૯૫૭માં પ્રકાશિત કર્યું. એની અત્યારસુધીમાં પાંચ આવૃત્તિઓ થઈ છે. છેલ્લી આવૃત્તિમાં વૉશિંગ્ટનની Freer Gallery of Art'માં સંગૃહીત થએલી 'વસંતવિલાસ'ની સચિત્ર પ્રતિનું રંગીન ચિત્ર પણ આપ્યું છે. 'વસંતવિલાસ' તરફની એમની અનુરાગમય અભ્યાસનિષ્ઠાના પરિણામરૂપે ૧૯૮૨માં એમણે 'ગીર્વાણ વાસન્તિકા' પ્રસિદ્ધ કર્યું, જેમાં છેક ઋગ્વેદથી પ્રારંભી 'વસંતવિલાસ' લગી સંસ્કૃત સાહિત્યમાં થએલ વસંતવર્ણનનો અભ્યાસ રજૂ કર્યો છે અને 'વસંતવિલાસ'ના કર્તાની શોધ પણ એમણે કરી આપી છે. એમના મતે 'મુંજ' આ પ્રાચીન્ ફાગુકાવ્યનો કર્તા છે. એ આમિગનો પુત્ર હતો. 'વસંતવિલાસ' જેવું જ બીજું સુંદર સંપાદન 'કાન્હડદે' પ્રબંધનું છે. આ ઉભય સંપાદનોમાં એમની પ્રતિભા સુપેરે સિદ્ધ થઈ છે. મુનિ જિનવિજયજીએ આ સંપાદનની ભારોભાર પ્રશંસા કરી છે.

દાદુરની દુનિયા

૩. ઊડતો દેડકો



દેડકાની આ જાતિ જાવા અને ભારતમાં મળી આવે છે. તેની શાસ્ત્રીય સંજ્ઞા છે. (Rhacophorus Pardlis) ચારે ઉપાંગનાં આંગળાં પ્રમાણમાં વધુ લાંબાં હોય છે. બધી આંગળીઓ વચ્ચે ચામડીનો પડદો આવેલો હોય છે. તેથી તેનો દેખાવ અને કાર્ય પ્રાથમિક કક્ષાની પાંખ જેવાં લાગે છે. જ્યારે ઉપાંગોનાં આંગળાં ઊડવાની તૈયારી માટે છૂટાં પડેલાં હોય છે ત્યારે બધી આંગળીઓ વચ્ચે આવેલા ચામડીના પડદાનો વિસ્તાર લગભગ પંચોતેર (૭૫) ચો. ફુટ જેટલો થાય છે, જે આ પ્રાણીને એક વૃક્ષ ઉપરથી બીજા વૃક્ષ ઉપર જવા માટે ઉડ્યનમાં અનુકુલિત બને છે. છતાં અહીં ઉડ્યનશક્તિ પક્ષીની પાંખ જેટલી તીવ્ર હોતી નથી.

તેના શરીરની લંબાઈ લગભગ ૧૦ સે.મી. જેટલી હોય છે. આ જાતિમાં તેમના રંગની આકર્ષકતા એક વિશિષ્ટતા બની રહે છે. તે રંગે ખૂબ આકર્ષક હોય છે. તેની પીઠનો ભાગ અને ઉપાંગો ચમકતા લીલા રંગનાં હોય છે. શરીરનો છાતીવાળો ભાગ, નીચેનો ભાગ અને આંગળાંની અંદરની બાજુ પીળા રંગના મિશ્રણ સાથે કાળાશ પડતા લાલ રંગની હોય છે. આંગળાનાં ટોચકાં ખૂબ ફૂલેલાં હોય છે. તેમાંથી ચીકણા પદાર્થોનો સ્રાવ થાય છે, જે આ પ્રાણીને આધાર સપાટી સાથે ચોંટી રહેવામાં મદદરૂપ બને છે.

પ્રો. મહેન્દ્ર પરીખ

નૉર્મન બ્રાઉને એને નમૂનારૂપ સંપાદન ગણ્યું છે. ૧૯૬૫માં 'ગુજરાતી ભાષા - ઉદ્‌ભવ, વિકાસ અને સ્વરૂપ' પ્રસિદ્ધ કર્યું. આજે પણ હજુ એ પ્રકારનું અન્ય પુસ્તક પ્રાપ્ત થયું નથી. એ અર્થમાં એ અદ્વિતીય પ્રકાશન છે. આ ઉપરાંત 'પંદરમા શતકના ચાર ફાગુકાવ્યો, 'ભાષા સંશોધન', 'કાવ્યની શૈલી', 'ભારતીય કાવ્યમીમાસાં' 'ગુર્જરી કંઠાભરણ', 'Dashavatra Chitra Gujarati Painting in the ૧૭th century', 'Ranamallia chhanda', 'Apabhramsa - Its origin, litera ture and Grammatical structure', ઇત્યાદિ અંગ્રેજી પુસ્તકો દ્વારા એમણે પોતાના ગતિશીલ અધ્યયનનો હિસાબ આપ્યો છે. છેલ્લે ૧૯૯૦માં ભારતીય-વિદ્યાભવને સિદ્ધિચન્દ્ર રચિત 'ઋતુવર્ણન'નું એમણે કરેલું સંપાદન પ્રકાશિત કર્યું છે. એમનું આ સંપાદન અતિ મૂલ્યવાન કૃતિ છે.

પ્રો. વ્યાસ ગુજરાતી ઉપરાંત અંગ્રેજી અને સંસ્કૃત ભાષાના પણ અભ્યાસી. કાન્ત એમના પ્રિય કવિ. કાન્તની કેટલીક રચનાઓનું એમણે અંગ્રેજીમાં ભાષાન્તર પણ કર્યું છે. એમના પ્રત્યેક પુસ્તકના અર્પણ સાથે સ્વરચિત સંસ્કૃત શ્લોક પણ હોય જ. વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી એમના ગુરુ. આજીવન એમણે વિદ્યાવ્યાસંગ કર્યો.

આવા વિદ્યાનુરાગી પ્રો. વ્યાસનો જન્મ ૨૧ નવેમ્બર ૧૯૧૦ના રોજ એમના મોસાળમાં થયો હતો. વતન વીરમગામ . માતા મણિબેન. પિતા બળદેવરામ મોતીરામ વ્યાસ શિક્ષક હતા. પછી એજ્યુકેશનલ ઇન્સ્પેકટર થએલા. આથી પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ વિવિધ સ્થળે લીધેલું. વિદ્યાર્થીકાળથી તેજસ્વી. ઉચ્ચશિક્ષણ મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજ અને અમદાવાદની ગુજરાત કૉલેજમાં લીધેલું. બી. એ. ઈતિહાસ અને અર્થશાસ્ત્ર સાથે. એમ.એ. માં અર્થશાસ્ત્ર-સમાજશાસ્ત્ર વિષયો હતા. નરસિંહરાવના સંપર્કમાં આવ્યા એથી પુન: ગુજરાતી-સંસ્કૃત સાથે એમ. એ. થયા. અભ્યાસ પૂર્ણ કર્યા બાદ શરૂઆતમાં અમદાવાદની એક હાઈ સ્કૂલમાં જોડાયા. ત્યાંથી વ્યાખ્યાતા તરીકે સુરત ગયા. પછી અધ્યાપક તરીકે એલ્ફિન્સ્ટન કૉલેજમાં જોડાયા અને ત્રેવીસ વર્ષ લગી સતત ત્યાં જ અધ્યાપનકાર્ય કર્યું. મુંબઈ ગુજરાતથી અલગ થતાં વીસનગરની એમ. એન. કૉલેજમાં આચાર્ય બન્યા. ત્યાં આ વિદ્યાપુરુષે અનુસ્નાતક કક્ષાનું શિક્ષણ શરૂ કરાવ્યું. એમની પ્રેરણાથી ત્યાં મહિલા કૉલેજ શરૂ થઈ. વીસનગર પછી રાજકોટ, ભાવનગરની કૉલેજમાં આચાર્ય બન્યા. નિવૃત્તિ બાદ વીરમગામ અને માંડવીની કૉલેજોને સેવાઓ આપી. પ્રો. વ્યાસની પ્રતિભા અવારનવાર પુરસ્કૃત પણ થતી રહી છે. મુંબઈ યુનિવર્સિટીનાં વિવિધ પારિતોષિકો, ચંદ્રકો એમને મળ્યાં છે. ગુજરાત યુનિવર્સિટીનો કે. જી. નાયક સુવર્ણચંદ્રક એમને એનાયત થયો હતો. ૧૯૬૮માં ગુજરાત યુનિવર્સિટીની અતિ મૂલ્યદાન ડિલિટ્.ની ઉપાધિ એમને એમના સંશોધનાત્મક કાર્ય માટે એનાયત કરવામાં આવી હતી. ગુજરાત અકાદમીનાં પારિતોષિકો પણ એમને મળ્યાં છે.

'ગુજરાતીનો અધ્યાપક સંઘ'ના પ્રમુખપદેથી એમણે આપેલું 'કાવ્યમાં ધ્વન્યાત્મક પ્રતીકોનો વિન્યાસ' વ્યાખ્યાન એમની પ્રતિભાનો સમ્યક પરિચય આપે છે. આમ, અવારનવાર એમણે લખેલા લેખોમાં એમની વિવેચક પ્રતિભાનાં દર્શન થાય છે.

પ્રો. વ્યાસની વાણીમાં વિદ્યાનું અપૂર્વ તેજ હતું. ઉચ્ચારશુદ્ધિ એવી કે વાણી તદ્દન નોખી લાગે. માણસ શિસ્તના એટલે ક્યારેક રુક્ષ લાગે, પરન્તુ મન નિખાલસ. હળવી મજાક પણ ક્યારેક કરે. છેલ્લાં વર્ષોમાં એમનું મન ઉપનિષદ પ્રતિ વળ્યું હતું. નરસિંહની કવિતામાં વ્યાપ્ત ઉપનિષદની છાયાનો એમણે ઊંડો અભ્યાસ કર્યો હતો. એમને આખું 'પુરુષસૂક્ત' લગભગ કંઠસ્થ હતું. શક્તિ-અર્ચનામાં પ્રબળ શ્રદ્ધા. અંતિમ વર્ષોમાં અવારનવાર મૃત્યુની વાત કરે. પરન્તુ એમાં મૃત્યનો ભય નહોતો. સહજ જીવનગતિ એમને સ્વીકાર્ય હતી. આત્મબળ અનન્ય. પરન્તુ જ્યેષ્ઠ પુત્ર રીન્દ્રભાઈના મૃત્યુ બાદ એમનો જીવનરસ ક્રમશ: સુકાતો ગયો. સાંજની પ્રાર્થના ટાણે ક્યારેક સમાધિસ્થ થઈ જતા. ૨૮ માર્ચે એમણે સંપૂર્ણ સમાધિ લઈ લીધી. એ આત્મા પરમાત્મામાં લીન થઈ ગયો.

-પ્રફુલ્લ રાવલ

વાળો

બાગબગીચામાં બહુધા વાડની આસપાસ ઉગાડાતી ઘાસ જેવી આ શોભાસ્પદ વનસ્પતિનાં મૂળ સુગંધ આપતાં હોઈ તે 'સુગંધી વાળો'ના નામે પણ ઓળખાય છે, અને સુગંધવાળા પદાર્થો તૈયાર કરવામાં તેનો ઘણો ઉપયોગ થાય છે. 'ખસ'ના નામે પણ એ જાણીતો છે.

વાળો ઠંડો અને દાહશામક છે. ગરમ ઋતુમાં તેનો પર્દા, પંખા વગેરેમાં ઉપયોગ થાય છે તથા પીવના પાણીમાં સુવાસ લાવવા માટે તેની પોટલી રાખવામાં આવે છે. કાળો ધોળો પીળો એવા એના પ્રકારો છે, પણ ગુણની દૃષ્ટિએ એ બધા લગભગ સરખા છે. આયુર્વેદની દૃષ્ટિએ વાળો દીપન, પાચન, શીતલ, સ્તંભન, લઘુ, કડવો, મધુર, કેશ્ય તથા રૂક્ષ હોઈ જ્વર, ઊલ્ટી, મદ, કફપિત્ત, તૃષા, રક્તવિહાર, વિષ, વિસર્પ, દાહ, મૂત્રકૃચ્છ્ર, અતિસાર, શ્વાસ, અરુચિ, વ્રણ, લાલસ્રાવ, રક્તપિત્ત તથા કંડૂ પર હિતકારી છે.

ગરમીથી થતી અળાઈ ઉપર વાળો, નાગરમોથ અને ધાણાને ઠંડા પાણીમાં લસોટી તેનો લેપ કરવો. દાહ રોગ ઉફર વાળો, ગુલાબની કળી, કચોરા અને સાકરનું ચૂર્ણ કરી દૂધમાં આપવું. બાળકોના રક્તાતિસાર, ઉધરસ અને ઊલટી ઉપર વાળો, સાકર અને મધ ચોખાના ધોવરામણમાં આપવું. દાહ ઉપર વાળો અને ચંદન વાટીને શરીરે લેપ કરવો. મૂત્રકૃચ્છ્ર ઉપર વાળો, શેરડીનાં મૂળ, ડાભનાં મૂળ અને રક્તચંદનનો કાઢો કરી પાવો. હૃદયશૂળ ઉપર વાળો અને પીંપરીમૂળનું ચૂર્ણ સમભાગ કરી બબ્બે માસની માત્રમાં ગાયના ઘીમાં આપવું. વાળાનું શરબત ઉનાળાના આકરા તાપમાં ઠંડક આપે છે. □

કેં કેં પૂનમ ઊગી આથમી જીવન કેરે આભ,
તેજ અને છાયાથી ભરિયો દોરંગી ફૂલછાબ.

ગીરપ્રદેશમાં આવેલા દલખાણિયા ગામની વર્ષો પૂર્વેની આ વાત છે. ગામના એક વેપારીને બે પત્નીઓ. તેઓ અંદરોઅંદર ઝગડે. આ પરિસ્થિતિનો લાભ લેવા એ નાનકડા ગામમાં બેએક ભૂવાઓ ઊતરી આવ્યા. એમણે પેલી બે પત્નીઓ પૈકીની જૂનીને છેતરીને ભૂત વળગ્યાનો ભ્રમ પેસાડ્યો અને ધુણાવવા માંડી તથા જંત્રમંત્ર અને દોરાધાગા કરવા માંડ્યા. ગામલોક ભૂવાઓથી ડરી ગયું. તે સમયે ત્યાંની શાળાના એક શિક્ષકે ગામલોકોની અંધશ્રદ્ધાને તોડવાનું બીડું ઝડપ્યું. એ શિક્ષકે પેલા ભૂવાઓને પડકાર ફેંક્યો. ભૂવાઓ શરૂઆતમાં તે શિક્ષકને ડરાવવા લાગ્યા, પણ નીડર શિક્ષકે ભૂવાઓની સામે પડી એમનું કૌભાંડ ખુલ્લું પાડ્યું. ભૂવાઓ નાઠા. શિક્ષકે લોકોની અંધશ્રદ્ધા દૂર કરી તેમનામાં આત્મશ્રદ્ધા જગાડવાનો ધર્મ બજાવ્યો. આ શિક્ષક તે આપણા કવિ ત્રિભુવન વ્યાસ.

¤

ઈંગ્લૅન્ડમાં બે વ્યક્તિઓ મળે ત્યારે અભિવાદન માટે હસ્તધૂનન કરે છે. આ પ્રથા કેવી રીતે આરંભાઈ હશે ? કહેવાય છે કે મધ્ય યુગમાં લૅન્સેલોટ નામના એક સુભટે સૌપ્રથમ પોતાનો જમણો હાથ લંબાવ્યો હતો - એમ દર્શાવવા કે એ હાથ તલવારની મૂઠ પર નથી, તલવાર મ્યાનમાં છે. આથી લંબાએલો જમણો હાથ સૂચવતો હતો કે તે દુશ્મની નહિ, પણ દોસ્તી ચાહે છે. આ રીતે હસ્તધૂનનની પ્રથા પ્રચલિત બનેલી ગણાય છે.

¤

પ્રસિદ્ધ વિજ્ઞાની આલ્બર્ટ આઈન્સ્ટાઈને એકવાર એક શાળામાં મહેમાનપદેથી પોતાનું વક્તવ્ય પૂરું કર્યું ત્યારે એક વિદ્યાર્થીએ સવાલ કર્યો, 'વિજ્ઞાનના ક્ષેત્રે આપે જે સફળતા પ્રાપ્ત કરી છે તેનું રહસ્ય શું ?'
આઈન્સ્ટાઈને જવાબ આપ્યો, 'મારી સફળતાનું રહસ્ય એ છે કે કામ કરતી વખતે હું ઘડિયાળ સામે જોતો નથી. જેઓ પોતાના કામ દરમિયાન ઘડિયાળ સામે નથી જોતા તેમને સફળતા મળે જ છે.'

મુત્સદ્દીઓ બે શબ્દની જરૂર હોય ત્યાં એક વાપરે છે. રાજકારણીઓ બે શબ્દની જરૂર હોય ત્યાં બાવીસ શબ્દો વાપરે છે.

¤

અંગ્રેજી શબ્દ 'ક્વીઝ' (Quiz) શબ્દ બહુ પ્રચલિત બન્યો છે. એ કેવી રીતે અસ્તિત્વમાં આવ્યો તે જાણો છો ? ઈ.સ. ૧૭૮૦માં ડબલીનના ડલી નામના એક થીએટરના મૅનેજરને તુક્કો સૂઝ્યો. ૨૪ કલાકમાં શબ્દકોશમાં એક નવો શબ્દ ઉમેરી દેવાની તેણે જાહેરાત કરી. એક જ રાતમાં તેણે મકાનોની દીવાલો પર 'Quiz' શબ્દ લખાવી નાખ્યો. બીજે દિવસે સવાર પડતાં આ એક શબ્દ સર્વત્ર જોઈ સૌ નવાઈ પામી ગયા. સૌને મન આ શબ્દ એ સમસ્યા બની ગઈ. આમ અટપટા સવાલો કે સમસ્યાના પર્યાય તરીકે 'ક્વીઝ' શબ્દ ત્યારથી અંગ્રેજી શબ્દકોશમાં પ્રવેશી ચૂક્યો.

¤

જોડણીભેદે અર્થભેદ

વધુ - વધારે; વધૂ - પત્ની

¤

આફ્રિકાનું ઑસ્ટ્રિચ પંખી આજે મળી આવતાં પંખીઓમાં મોટામાં મોટું ગણાય છે. એનું વજન આશરે ૩૦૦ રતલ અને ઊંચાઈ આશરે ૮ ફુટ હોય છે. એ ૭૫ સેન્ટિમીટર લંબાઈનું અને ૩ રતલ વજનનું ઈંડું મૂકે છે. ઑસ્ટ્રિચ ઊડી શકતું નથી, પણ કલાકના ૪૦ માઈલની ઝડપે તે ઊડતું હોય તેમ દોડે છે.

¤

સેક્રેડ કૉમ્બ - પવિત્ર કાંસકી - નામની માછલી ટાઈબરીઆસ સરોવરમાં જ થાય છે.

¤

એગ્રીમની નામનો એક છોડ જે હજુ પણ ઔષધિમાં વપરાય છે તેનો ઉપયોગ પ્રાચીન ગ્રીકો આંખમાં મોતિયો મટાડવા માટે કરતા હતા.

¤

ગંજીપાની શોધ કેવી રીતે થઈ તે જાણો છો ? ફ્રાન્સનો રાજા ચાર્લ્સ છઠ્ઠો ઉદાસ રહેતો હતો. તેના મનને આનંદ આપવા ઈ.સ. ૧૩૮૦માં ગંજીપાની શોધ થઈ હતી.

¤

ઈટલીના મીલાનના રાજા લુડોવીકો અલ મોરો (૧૪૫૧થી ૧૫૦૮)ને ફ્રાન્સના લૂઈ બારમાએ જે દિવસે જેલમાં પૂર્યા તે જ દિવસે તે રાજાના વાળ ધોળા થઈ ગયા !

¤

ન્યૂ યૉર્કમાં જાહેરમાં થૂંકવું એ ત્યાંની પિનલ લૉની કલમ ૧૫૩૦ મુજબ ગુનો બને છે. એ કલમ પ્રમાણે જાહેમાં થૂંકનારનો ૧૦ ડૉલર દંડ કરવામાં આવે છે.

¤

દહીં લગાવ્યા પછી એકાદ કલાક બાદ વાળને શૅમ્પૂ કરવાથી તે ચમકદાર, સુંવાળા અને સુંદર દેખાય છે.

¤

ફાલસાંનાં પાકાં ફળ સાકર સાથે ખાવાથી દાહ શમે છે. પિત્ત વિકાર ઉપર થોડાં ફાલસાંના રસમાં સૂંઠ તથા સાકર ભેળવળીને પીવાથી ગુણ કરે છે.

¤

ફૂલદાન એક ઈંચ ઊણું રહે ત્યાં સુધી રેતી ભરી બાકીનું પાણી ભરીને ફૂલ તેમાં રાખવાથી બમણો સમય તાજાં (ને વળી જેમ રાખવાં હશે તેમ ટટ્ટાર) રહેશે.

કલાકણિકા



ઈસુની બીજી કે ત્રીજી શતાબ્દીનું બૌદ્ધકાલીન અવશેષપાત્ર. રત્નજડિત આ કીમતી અને કલાત્મક સુવર્ણપાત્રમાં પૂજા વગેરેની સામગ્રીના અવશેષો ભરવામાં આવતા. એની ઉપર બુદ્ધ અને તેમની સેવામાં રહેલા અન્ય દેવોની આકૃતિઓ ઉપસાવવામાં આવી છે. આ પાત્રની ઊંચાઈ ૬.૭ સેન્ટિમીટર છે.